ખુરાસ કસતુરીની વારતા

છાપી પ્રસિદ્ધ કરનાર

[illegible]



અમદાવાદમાં

[illegible]

[illegible]

મેસર્સ

[illegible]

સંવત ૧૯૩૯ સને ૧૮૮૩

કિંમત ૦—[illegible]—૦

૧૭૭૯

બરાસ કસ્તુરીની વારતા.

શ્રી ગણેસાએ નમઃ

દોહરા.

શ્રી ગણપતી તુજને નમુ, શારદાને લાગુ પાય;
જો ઇષ્ટદેવ કરૂણા કરે, તો ગ્રંથ સંપુરણ થાય. ૧
અષ્ટ ભૈરવ તુજને નમુ, નમુ જુગત અંબાય;
સહુ કવીને કરૂ વીનતી, બ્રાહ્મણને લાગુ પાય. ૨
કરગરૂ હું કરૂણા કરો, મુને કોય ન દેશો ખોડ;
તમ દાસ તણો હું દાસ છું, માગુ બેઉ કરજોડ. ૩

છપ્પો.

આદ્યશકતી તુ અંબાય, રંગ સ્વરૂપ કાંતી;
દઇત દુષ્ટને પરીતાપ. ભગત જનને હોએ શાંતી;
હંસ વાહની એજ, તેજ પ્રગટ છે તારૂં;
તું જડ ચૈતનમાં વાસ, અવતરી ભગતને સારૂં;
અરીગંજન સુખ દુઃખ, દાવાદલ ખોઓ આપી;
શામળભટ કહે સહુએ મળી, સેવો સાચી દેવી સરસ્વતી. ૧

ચોપાઈ

પુરવદેશ રળીઆમણું ઠામ. કોશાંબા નગરીનું નામ;
ચીત્રસેન તેનો રાજન, તેને પેટ નોતુ સંતાન. ૧
રાણી ઘરમાં પરભાવતી, તે પણ પુરણ શીરોમણ સતી;
રાણી તેજનો નવ આવે પાર, પણ પુત્ર વના ઝુરે અપાર. ૨
રાય પરજા પાળે રૂડી રીત, પુત્ર જેવી રાખે છે પ્રીત;
પરજા પામે અદકુ સુખ, સપના માંહે નહી તેહને દુખ. ૩
ચુગલ ચાડીયા હરામખોર, તે ગામમાં મલે નહીં કોય;
કપટ કોઇ મનમાં નવ અડે, ભુત વઇતાળ દ્રષ્ટે નવ પડે. ૪
નારીજોગ કામ જાણે નહી તેહ, સુખી છે સરવ કોયની દેહ;
ડંડની કોઇએ ન જાણે વાત, ડંડ એક શીપાતને હાથ. ૫
હેવું નીકટ કરે છે રાજ, અસત અન્યા અંતરની તાજ;
પરજા પામે અદકુ સુખ, પણ પુત્ર નહી તેને અદકુ દુઃખ ૬

હોમ જગન કીધા અતી ઘણા, દાન દીધાં એમાં શી મણા;
એમ ઘણા ઉપાએ કીધા શહી, પણ પુત્ર ફળ કાંઇ થાએ નહી. ૭
પંડીતને પુછુ રાજન, કેમ પુત્ર થાએ ઉતપન્ન.
પંડીત હેવી બોલ્યા વાણ, જોઇને શાસ્ત્ર વેદ પુરાણ. ૮
પાંચ લાખ ચંતામણી કરો. તેથી પુત્ર તુને થાશે ખરો;
પારથીવ કરાવે, પ્રાતીક જાએ. પુત્ર ફળ તે તારે થાએ. ૯
રાજાએ માની તે વાત, પગે લાગ્યો જોડી બે હાથ;
તતક્ષણ રાજા હરખ્યો એહ, કહ્યા પરમાણે કીધુ તેહ. ૧૦
રાજા સુખ પામ્યો તે નેટ, ગરભ રહયો નારીને પેટ;
ગરભવંતીતો રાણી થઇ. રાજાની તો ચંતા ગઇ. ૧૧
ઘણું હરખીત તે મનમાં થયો, અશવે ચડીને મ્રગીયા ગયો,
સાથે સકળ સેના પરવરી, ચોદશ શેવક રહ્યા તરવરી. ૧૨

દોહરા

તારે શેન્યા મહુ આવી સહી. તારે રાજા બોલ્યો વાણ;
હવે અમે એકલા જોશું સહી. તમે પાછા વળો પરધાન. ૧
રાજા ચાલ્યો એકલો, જ્યાંહાં મોહ્ટુ જગલ રાન;
તે ઠેકાણે પરવરયો, ઘેર ગયો પરધાન. ૨
મધ્યાંનકાળ પુરાણ થયો. તાપે તન પીડાય;
તરસ લાગી અતી ઘણી, તેથી જીવ તલપાપડ થાય. ૩
રાહા મારગ સુજે નહી, તે જંગલ મોહ્ટુ જાણ;
ત્યાંહાં એક કઉતક થયું, તે સંભળાવું કાન ૪
ત્યાંહાં એક અપછરા સરગની, બેઠી કુંભ વીમાન;
અંત્રીક્ષ મારગ જાએ સહી, તેનું ન જુગુશા નામ, ૫
તેણે તે દીઠો રાયને, જંગલમાં ફરતો તે જાણ;
એતો રાજા ચીત્રસેન. એવું જોઇને બોલી વાણ. ૬
જુહાર જુહાર તેણે કરયો રાજાને તેણીવાર;
તે રાજા કાંઇ જાણે નહી, તે ફરતો વનમોઝાર. ૭
તે જુહાર લીધો નહી. તેણે વીચારૂં મન;
શરાપ દીધો તે રાયને, ક્રોધથી કહ્યાં વચન. ૮
તે રાજા મોટો રાજવી, છે એ ચતુરસુજાણ;
એ જુહાર મારો લેતો નથી, એહેવડુ શું અભીમાન. ૯
એ બાવરો સરખો થઇ રહ્યો, જોએ ચો દશાએ દ્રષ્ટ;

મહારો જુહાર મીથ્યા કરયો, માટે એને દઉ કષ્ટ. ૧૦
ક્રોધ મારો રેહેતો નથી, આજ જણાયું એનુ પાપ;
માહારો જુહાર માન્યો નહી, એવડું શું અભીમાંન. ૧૧
તમ નારીને વીજોગ થજો, એમ કહ્યું તેવાર;
પણ ખબર રાયને નથી, જે કોણે દીધો શ્રાપ. ૧૨
ત્યાંહાંથી પોતે ચલો સહી, ઘેર આવ્યો પોતે રાએ;
તે નગર મધે આવ્યો સહી, સામોતે આવ્યો પરધાંન. ૧૩
વાજતે ગાજતે રાયજી, ગયા મંદીર માંહે રાજન;

ચોપાઈ

અપછરાએ દીધો શ્રાપ, તે પોતે જાણે નહી આપ;
ગરભવંતી તે નારી જેહે, રાજા જોઇને હરખ્યો તેહ. ૧૪
ખત્રી લોકમાં એહેવો ધરમ. તે તમને સંભળાવું મરમ;
ગરભવાળી નારી થાએ જાહરે, સ્વાંમી તેને પુછે વાહરે. ૧૫
જેનું મન નારીને થાય. તેની સ્વામીને કેવી હોય;
માટે એમ પુછે રાજન, કોહો અસતરી તમારે શાનું મન:
તારે રાણી બોલી તેની સાથ, માહારા મનની સાંભળો વાત. ૧૬
જો માહારા મનની પુરો હાંમ, કહું તે કરો એક કામ;
લોહીએ કરીને વાવ ભરાવ. તેમાં તું મુજને નવરાવ. ૧૭
વસ્ત્ર વિના તેમાં ઝીલું સહી, હેરી મારે મન ઇચ્છા થઇ;
તે રાજા સાંભળી વીસમે થીઓ, મનમાં પસ્તાઇને રહ્યો; ૧૮
જો માઠુ થયું નારીનું મન, તો કાંઇ થાશે મોટું વીઘન;
તે રાજાથી ના કેમ થાય, ના કહે તો શીરજ જાય. ૧૯
જે કોઇ ઇશ્વરનો બનાવ, એક વાડીમાં ખોદાવી વાવ;
પછે રાએ મન વીચાર્યું, હવે રૂધીર કહાંથી ભરૂં. ૨૦
પાણી તેમાં ભરવું સહી, પછે બુધ વીચારી તહીં;
પાણી માંહે નંખાવો પતંગ, તારે થયો રૂધીર સરખો રંગ. ૨૧
તે રાણીને દેખાડું દ્રષ્ટ, રાજા મનમાં પામ્યો કષ્ટ;
રાણીને કહે તતખર થાઓ. સખીઓ તેડી વાડીએ જાઓ. ૨૨
જેમાં મન થયું તેમાં નાએ. રાણીને મન હરખ ન માએ;
રાજાના પેટમાં પડી છે ફાળ, ત્યાંહાં મોકલા શેવક રખવાળ.૨૩
હરાંમી દ્રષ્ટીને હરે, જઇ રાણીની રક્ષા કરો;
ચોદશ શેવક રહ્યા તરવરી, રાણી વાડી મધે પરવરી, ૨૪

વસ્ત્ર ઉતારી મુકયાં છે બાહાર, અંગે ધરચા છે સોલે શણુગાર;
શેવક ઉભા છે વાડી બહાર, હાથમાં રહી છે નગન તરવાર, ૨૫
બંદુકો પીસતોલો ઘરમાં રહી, ઉભા વાડી ઘેરી રહી;
પેની સખી સઘળી ઉભી બહાર, જળમધે ઊતરી તે નાર. ૨૬
તેહેને મન તો રૂધીર સહી, તેમાં ઝીલી રાણી રહી;
સુંદર રાણી શોભે સોહાગ, મુશતકે વેણી વાસુકી નાગ. ૨૭
તેજ તપે તારૂણી તણુ, વળી ગરભ થકી થયું અતી ઘણું;
ઘડી બે ચાર થઇ જાહુરે, સખી બાહારથી બોલી તાહુરે. ૨૮
રાણીજી હવે નીકળોને બહાર, ઘણી થઇ ગઇ હવે તમને વાર;
રાજાજી જોશે બહુ વાટ, તે કરતા હશે ઉચાટ. ૨૯
તારે રાણી કહે હું ખુશી થાઉ, જાણુ આખો દાહાડો નાહું;
નીકળ્યાનું મન મને નવ થાએ, એવુ કહીને તેમાં નાએ. ૩૦
જો જો કરમતાણી એ ગતી, થાશે થાવાનું તે ખબરજ નથી;

દોહરા

સને વાવમાં છીલે સુંદરી, થઇ ઘટીકા ચાર;
તારે એક કઉતક થયુ, સાંભળો નરને નાર. ૧
એક ગરૂડ ગગને જાતો હતો, તેણુ દીઠી નાર;
તેને મનમાં ઉખર છે, એવો કરયો વીચાર. ૨
પતંગ રંગે રૂધીર સહી, તેમાં ઝીલે ધરી આનંદ;
તેમાં ગોર કાયા દીશીએ જાણુ માંસનો પીંડ. ૩
શીશ કેશની શોભા શી કહુ. જાણે વળગ્યા ભોરગ;
તેના નેત્ર જાણુ કાચબા, એવો દીઠો રગ. ૪
તરત લીધી એને ચાંચમાં, ઉડો લેઇ આકાશ;
આ ગઇ આ જાય છે, સહુ જોઆ કરે ચોપાશ. ૫
બંદુક નાલ ઊભી કરી, મારે તડોતડ તીર;
સખીઓ હાથ ઘશી રહી, સહુએ નયણુ ભરીયાં નીર. ૬
સહુ ચીતરામણુ વત થઇ રહ્યા, સુજે નહી કાંઈ પેર;
સુધ સાન ઉડી ગઇ, નથી જવાતુ ઘેર. ૭
હવે જવાપ શું દેશું રાયને, એમ થર થર કપે કાએ;
એકી દ્રષ્ટે ઊંચું જોવે સહી, કરાં કરે હાએ હાએ. ૮
વાર જારે ઘાણી થઇ, તારે રાય થયો અસવાર;
થોડા શેવક સાથે લઇ કરી, આવ્યો વાડી મોજાર. ૯

તારે દીન મુખ દીઠાં સરવના, તારે રાજા પુછે એમ;
રાણી માહારી કાંહાં ગઇ, મુખે બોલો નહી કેમ. ૧૦
કુમો જામ્યો સરવને, મુખે નવ બોલાએ;
કંઠે રૂદન થાએ સહી, થર થર કાંપે કાએ. ૧૧
રાજા પણ વીશમે થઓ, શકે થયુ કાંઇ વીઘંન;
રાણી માહારી કાંહાં ગઇ, એમ પુછે રાજંન. ૧૨
કેહે શેવક રાજા સુણો, થયો માહા ઉતપાત;
રાણી ઝીહલતાં હતાં વાવમાં, કહીશ હું માંડીને વાત. ૧૩
પછે કઉતક મે ટુ થયુ આવ્યો વીનીતાનો તન;
તેણ લીધી ચાચમાં, તે લઇ ઉડયો ગગંન. ૧૪
હમે ઉપાય અદકો કરો મારો અતીશે માર;
તે અંત્રીક્ષ મારગે ઉડી ગયો, અમે જોયાં કરૂ આડાર. ૧૫
એવું કેહેતાં ઝબકી ગયો, રાજા પડયો પરથવી મોજાર;
સવાસ નહી ચેતના, તાંહાં થઇ રહો હાહાકાર. ૧૬
તાંહાં નગર બાધુ આવી મળ્યું, આવ્યો પુર પરધાન;
તે રાજાને ઘણું વીનવે, તોએ બોલે નહી રાજંન. ૧૭
ગુલાબ અતરતો છાંટાં ઘણાં, એમ કીધા ઘણા ઉપાય;
ચાર ઘડીએ મુરછા વળી, તારે બોલ્યો રાય. ૧૮
રાણી માહારી કહાં ગઇ, શી થઇ તેની પેર;
રાણી રણમાં મુકી કરી, શું મો લઇ જાશું ઘેર. ૧૯
તારે પરધાન રાયને સીછવે, વળી નગર લોક તે ઠામ;
નગરશેઠ આદ સહી, તે સહુ કરે પરણામ. ૨૦
મેં શું ધારયું ને શું થયું, ટુટી મારી આશ;
મેં પુત્ર મુખ દીઠુ નહી, હું છેક થયો નીરાશ. ૨૧
માહા કલપાંત કીધું સહી, પછે વિચારી પેર;
પરધાન લોક સહુએ મળી, તેડી લાવ્યા ઘેર. ૨૨
તે દુખ અતીશે ભોગવે, મનથી રેહે ઉદાશ;
સભા મધે બેસે નહી, પણ મન નારીની પાસ. ૨૩

ચોપાઈ

એ વાત એટલેથી રહી, પેલી નારીની શી ગત થઇ;
તે ગરૂડ લઇ ઉડોતો ગગન, આવ્યો છે એક સો જોજન. ૧
એક મોટો પાહાડ દીઠોછે તહી, ઉભો ગરૂડ તે ઉપર જઇ;

ચાંચમાંથી કાડીછે નાર, કરવા બેઠો તેનો હાર. ૨
તે ગરૂડે જારે કાહાડી બાર, જુવે તો જીવતી દીઠી નાર;
મુકી નારી ઉડો ગગન, નારી બેઠી તાંહાં કરે રૂદન. ૩
તાંહાં અરણ્યવંન તે ભારે સહી, પશુ પંખી કોઇ માનવી નહી;
જળ ફળ ન મળે લગાર, તાંહાં એકલી રૂદન કરે છે નાર. ૪
મેં એ કાં માઠો કરો વીચાર, નાહાવા મન કીધુ રૂધીર મોજાર,
માહારા સવામીનો બહુ નેહ, નીશચે તજશે હવે એ દેહ. ૫
અરે પ્રભુ નોધારાનો આધાર, ચડજો વેગે માહારી વાહાર;
તમો ભગત દુખની સાંભળો વાણ, તતક્ષણ દાડો તમો ભગવાન.૬

છપા—પરથમ મછા સવરૂપ. ભુપ શંખાસુર મારો;
બીજે કછપ રૂપ, ચૌદ રતન બાર કાડે;
ત્રીજે વરાહ સ્વરૂપ, પરથવી ગ્રહી ડાહાડે રાખી;
હીરણ્યકશ્યપને તતકાલ, લજા તેની નવ રાખી;
ચોથે નરશીંહ્ સ્વરૂપ, ભગત પ્રહ્લાદ કાજે સહી;
સ્થંભમાંથી પ્રગટયા સહી, તેના બાપને મારો સહી. ૧
પાંચમે પરમેશર રૂપ, વામન થઇ વીશ્વમાં વાપ્યો,
એ બાણાસુરનો બાપ, બળી પાતાળે ચાંપ્યો;
છઠે તે ફરશરામ, ફરશી તે કરમાં લીધી;
શેહેસ્ત્રારજુનનો નાશ, પછે પ્રથવી નક્ષત્રી કીધી;
સાતમે રામચંદ્રજી થયા, વાંદર ટોળી મેળવી સહી;
સમુદ્રમા પથર તારા, રાજા રાવણ મારયો જઇ. ૨
આઠમે શ્રીક્રશ્ન અવતાર, મનેહર મોહન જેવું;
પુરણ સોળ અવતાર, ભગતને દરસણ દેવુ;
નવમે બુધ સ્વરૂપ, ધ્યાન એકે ચીતે માંડી;
મારૂ મારૂ નહી કાંએ, લજા સહુની તરછોડી;
દસમે કલંકી અવતરી, પ્રથવી નવ પ્રલય કરો;
વળી ભગતને કારણે, ભમ મધે અવતરો. ૩

ચોપાઈ.

એમ નારી કરે રૂદંન, કોણ સાહે કરેરે ભગવંત;
એમ ત્રણ દીવશ ને ત્રણ રાત, એકલી રૂદન કરે છે જાત. ૧
એમ દીવશ ત્રણ ગયા જાહરે, પછી શું કામ થયું તાહરે;
તાંહાંથી એક જોજનપર તહી, એક રૂશીનો આશ્રમછે સહી. ૨

ઘેર વીદ્યારથી ભણે છે ઘણા, વીદ્યામાં કશી નહીં મણા;
તેને ગરૂએ સોંપુ કામ, દરભ વીણી લાવો આ ઠામ. ૩
પાંચ સાત વીદ્યારથી જેહ, દરભ વીણવાને આવ્યા તેહ;
મુખે જપતા ગરૂનુ નામ, આવ્યા નારી બેઠી જેહ ઠામ. ૪
તે પાહાડ તળે આવ્યા જાહરે, દરભ વીણવા માંડયાં તાહરે;
જીણે શબ્દ રડે ત્યાં નાર, ત્યારે વીદ્યારથીએ કરયો વીચાર. ૫
કાંઇ ભુત પરેત ડાકણછે અહી, એ કોંણ કારણ રૂપ રડેછે અહી
પછે હીમત રાખી સરવે રહ્યા, શબ્દ સાંભળી પાઢ ઉપર ગયા. ૬
દીઠી નારી નઉતમ વેસ, ત્યારે સહુને પડયો અદેસ;
પુછે સઉ મળી સમાચાર, વેહેમ રૂદન કરે છે નાર. ૭
તેણે તેનું કહ્યું વરતાંત, ભાગી તેના મનની ભરાંત;
ત્યારે વીદ્યારથીને આવી દયા, તેને ગુરૂ પાસે તેડી ગયા. ૮
ગુરૂ આગળ સરવે માંડી કહી વાત, આ નારી સકોમળ જાત;
વળી ગરભવતી નારી સહી. તેના દુખનો પારજ નહી. ૯
તારે ગરૂજીએ દીધી ધીર, મુખ પખાળી પાયુ નીર;
ભાવતા કરાવ્યાં ભોજંન, પછે રૂશી બોલ્યા વચન. ૧૦
તમે સુખુ રહો અમારે ધામ, તસ હીમ પુત્રી કેરે ઠામ;
જાણે પીહેરમાં જાણવા આવ્યાં જેમ, તમો મનમાં ચીતવજો તેમ
હવે દુખ માં ધરશો લગાર, સુખે રહો તમારૂ દુવાર;
તે નારી રહી તે ઠામ, જારે પ્રભુની કીરપા થઇ તે ઠામ. ૧૨
સુખ પામીને પોચી આશ, એટલે પુરણ થઆ દસ માસ;
સુભ નખેતર સુભ તીથી સોમવાર, પુત્ર પ્રસવ કરયો તાંહાં નાર. ૧૩
ઘેરથી વીદ્યારથી આવ્યા તાંહે, ગુરૂને વધામણી કહી તાંહે;
ગુરૂને હરખ થયો તેણી વાર, જનમ અખેર કરાવ્યા સાર. ૧૪
પછે પુત્રનો કહ્યો સમાચાર, તારા પુત્રના પ્રાક્રમનો નહી પાર;
સકળ વિદ્યા ગુણ પુરણ થશે. પ્રથ્વી પતી તે રાજા થશે.

છપા—કામ શમાને રૂપ. ભુપ રામચંદરજી જેવો;
કરણ સમાન દાતાર, મહીમા માહીમા માહાદેવ જેવો;
સ્થીરતા જાણે એમ. અભીરે શુાહગર વખાણું;
દાને કરી બળી રાજંન; બરાશ બેહેકથી જાણું;
કીરતી પુરણ નીધી થશે, ગુણે ગણપતી સરખો સહી;
સામળ કહે શું વરણવું અને શેષ પાર પામે નહી. ૨

સતે જેવો હરીચંદ્ર, લખમી કુબેરના જેવી;
માને માન ધાતાં તાંહાં, બુધ્ધ તરીબ છે તેહેવી;
વાંણી વીદુર વાશ, ખેમાએ પ્રથ્વી કાંપે;
જોરાવરમાં જોધ, બાણા વળીમાં બહુ ફાવે;
સુર પુરૂશમાં શત વાદીઓ, ધીર વીર ધાતા સહી;
શામળ કહે સહુ સાંભળો એના પ્રાક્રમનો પારજ નહીં, ૨

ચોપાઈ—એમ રૂશી કહ્યો પ્રકાર; તે નારીને હરખ અપાર;
હવે દીનપર તે મોટો થાય, સુંદીર વેશ શોહાવે કાય. ૧
બીજનો ચંદ્ર વાધે જેમ, કળા કુવરની વાધે તેમ;
શરીર સુધ બરાશને ઠાંમ, માટે બરાશ પાડું કુવરનું નામ. ૨
દીન દીન મોટો થયો તે બાલ, ગુરૂ દેખી આણે બહુ વાલ;
વરસ પાંચ થયાં જાહરે; ગુરૂએ ભણાવવા માંડો તાહરે. ૩
વાણ શીખવી તે વીદ્યા ભણે. અને ગુઢ અખેર આણ શીખવા ગણે;
કાવ્ય કવીત ભાષાને ભેદ; ભણે સકલ શાસ્તરના ભેદ. ૪
દસ જોયાં પુરાણ, અમલ પ્રુમલ પીંગળ નીરવાણ;
દુહા ગાથા વ્યાકરાણ વીચાર, સંસ્કૃત પ્રાકૃતનો નહીં પાર.
વીદ્યારથી સંગ રમે જમે; તે માત પીતાને અદકું ગમે,
એમ કરતાં વરશ થયાં છે સાંત, પછી થઇ એક કઉતકની વાત. ૬
વન મધ્યે કુંવર રમતો ફરે, હરનીસ એકલો જાએ બહારે;
તે માતને મન હરખ ન માય. પુત્ર દેખી ને સુખીયાં બહુ થાય ૭
પોતીકા કરનું કંકણ જેહ, બાળકને રમવા આપ્યું તેહ;
તે કંકણ લઇને વનમાં જાય, રમે જમે આણંદ ન માય. ૮
એ કદી વનમાં રમતો બાળ; ત્યાં શું કર્મ થયું તતકાળ;
એક વાદી આવ્યો વન મોઝાર. બાળક રમે છે તેને ઠાર. ૯
તેણે આવી શું કીધું કામ, મહુઅર વગાડું તેણે ઠામ;
ત્યાં મહુઅર નાદ થયો જેટલે, એક મણીધર નાગ નીકળ્યો તેટલે. ૧૦
તે વરધ નાગ પુરાતન સહી; મણી મસ્તક ઉપર ચળકી રહી;
ફેણ માંડી બેઠો તે ઠામ. તારે બાજીગરે શું કીધું કામ. ૧૧
ઝટ પકડી તેણે ઝાલીઓ, પોતીકા કંડીઆ માંહે ઘાલીઓ;
નાગ લઇ ચાલ્યો તેણીવાર; તારે બાળકે મન કરયો વીચાર. ૧૨
સઘળું બાળકે દીઠું દ્રષ્ટ, મનમાં અદકું પામ્યો કષ્ટ;

સુરવીર ધીર રાજાનો તન, તેને દયા આવી બહુ મન. ૧૩
બાજીગરને બોલાવ્યો વળી, તેની પોતે મનમાં કળી;
અરે બાજીગર પુછું અમો, આ નાગ લઇ જઇ શું કરશો તમો. ૧૪
ત્યારે બાજીગર બોલ્યો વાણ, એ અમારૂં જીવતર તું જાણ;
એ નાગ લઇ વસ્તીમાં ફરૂં ખેલ ખેલાવી ઉદર ભરૂં. ૧૫
અમારા કુળનો એ વેહેવાર, માટે નાગ લીધો આ ઠાર;
તારે બાળક કહે એ મોટું કામ, એમાં જીવ નથી શું રામ. ૧૬
એનાં સ્ત્રી બાળકને વીજોગ પડે, અટ્યા એથી તુજને કષ્ટજ પડે;
માટે મુકીદે આ ઠામ, કર ઉદ્યમ તું બીજું કામ. ૧૭
વાદી કેહે તું છે અગનાન; એને નવ મુકું એ માહરો માણ;
એ માહરી રોજી સહી, હાથ આવ્યો હવે મુકું નહી. ૧૮
ત્યારે બાળક બોલ્યો વચન; કેટલું એથી મળશે તુજને ધન;
એટલું ધન મુજ પાસેથી લીએ પણ એ નાગને મુકી દીએ. ૧૯
કહે વાદી તું આપે સરવથી, પણ એ નાગને મુકવાનો નથી;
એમ કહીને ચાલ્યો સરવથી, ફરી બાળક બોલ્યો તે કથી. ૨૦
કંકણ આપું તુજને તેહ; લઇ વાદીને દેખાડ્યું તેહ;
સાત પાછાઇનું છે મુળ; નહીતર બીજું છે સમતુળ. ૨૧
હીરા રતન છે જડાવ, પુરણ માણેક મોતી જડાવ;
અંધારે થાએ ઉજેશ, તે કંકણ દીઠું ઘણું તેજ. ૨૨
લલચાયું તે વાદીનું મન, તારે વાદી બોલ્યો વચન;
આ કંકણ તો આપો તમો. તો નાગને મુકી દઇએ અમો. ૨૩

દોહરા—તાહરે બાળકે કંકણ આપીયું છેડાવ્યો તે નાગ;
તે કંકણ લઇ વાદી ગએો, ભલીયું તેનું ભાગ્ય, ૧
વાદી ત્યાંથી વળ્યો સહી તારે નાગને થઇ વાચાએ;
ધન ધન ભાએગ તાહરૂં, તેં કીધી માહારી સાહાએ. ૨
જીવતદાન દીધું સહી ઉગારયો માહરો પ્રાણ;
હું પરશન થયો અતી ઘણો, કાંઇ માગ માગ વરદાન. ૩
ત્યારે બાળક જઇ ચરણે નમો, તમને ગમતું જેહ;
તે કીરપા કરીને આપીએ, મુજને વાહાલુ તેહ. ૪
નાગે પછે મન વીચારીયું. કહું તે કહું બાળકને વચન;
એક વેણ આપી હાથમાં તું સાંભળરે રાજન. ૫
આ વેણ જારે વાગશે, તેથી મેહ પામશે નરનાર;

પશુ પંખીને માનવી, સહુ મોહશે સંસાર. ૬
વળી ઘાત ઉપઘાત થાએ નહી મુઠ નજર કે ઘાત;
વ્યાધી રોગ શરીરે વ્યાપે નહી, થાએ કાંઇ ઉચાટ. ૭
વળી દરીઆમાં બુડે નહી, વળી જશ મોહાડે સહુ કેહે.
વીખ વીપરીત ચડે નહી, વળી જસ મોહોડે સહુ કેહ. ૮
ગુણ બુદ્ધીને ચાતુરી, હોશે અપરમપાર;
તમે સુરપે સમરથ થશો. કોઇથી નવ પામો હાર. ૯
વળી કષ્ટ પડે સંભારજો ધરજો મારૂ ધ્યાન;
હું આવી સાહે કરીશ, એમ કહી થઓ અંતર ધ્યાન. ૧૦
નાગ ત્યારે અલોપ થયો, બાળકે વીચારી પેર:
પેલી વેણા કરમાં લઇ કરી, આવ્યો પીતાને ઘેર. ૧૧
માતાને વાત માંડી કહી કહી તાતને વાત;
સાંભળી સરવે પરસંન થયા, હવે થયું કુશળ કલ્યાંણ. ૧૨
તે વેણા લઇને ગાન કરે, મધુરે સુર રસાલ;
શબ્દ સહુ સરવ ત્રાણગ્રામ શુ, તેથી ઉપજે સહુને વાહાલ. ૧૩
બ્રાહ્મણ તે ભણતા રહે. જોગી રેહેવા દે ધ્યાન;
વાછરૂ ગાયને ધાવે નહી. જ્યારે કરે છે ગાન. ૧૫
ભગત ભગતી ચુકે સહી; ગુણીજન તજે જ્ઞાન;
ડાહ્યા નર ડાહાપણ તજે; હુંકારી તજે અભીમાન.
વડવાડીઆ વડવાડ તજે, જ્યારે કરે ગાન;
ચતુર નર ચાતુરી તજે, વીણા શબ્દ સુણી કાન.
નારીઓ જે સાંભળે, તરત તજે અભીમાન;
શબ્દ જે કોઇ સાંભળે, સરવે ભુલે ભાન.

ચો ૧૯—એ વાતનો અહીંયાંથી રહી પણ હવે રાજાની ગત થઇ;
નારી ગઇ નીશ્ચે જાણ, રાજાએ તજવા ધારયા પ્રાણ. ૧
એમ કરતાં વીત્યાં વરસ સાત, તારે રાજા કહે પરધાનને વાત,
વરસ સાત થયાં સરાથી, હજી નારીની કાંઇ ભાળજ નથી. ૨
માટે માહરે હવે તજવો પ્રાણ, તાહરે કહો પરધાને વાણ;
કાલે રાંણી તમારી આવશે, દુઃખ જસે ને સુખજ થસે. ૩
માટે ધીરજ રાખો મન મોઝાર, કરત હરતા છે કીરતાર;
એમ પ્રજાને રાખ્યો રાય, એમ કરતાં ઘણા દીન વીતાજો. ૪
રાતે રાજા સુતો જાહરે, સુભસ્વપ્ન થયું તાંહરે;

જાણે પાસે બેઠી છે નાર પુત્ર ખોળામાં છે નીરધાર. ૫
તે નારી બોલી એવું વચન, સાંભળો મારા સ્વામીન;
મુને માઠી મત ઉપની જાહરે, હું દુઃખ ઘણું પામી તાહરે. ૬
હવે તમો મલ્યા સ્વામીન, એમ કહી દીધું આલીંઘન;
કંઠે ભરાવ્યા બેહુ હાથ, પરસ કરે સ્વામીની સાથ. ૭
તારે રાજાએ બોલજ કહ્યા; તારા વીના બહુ દુઃખીઆ થયા,
એમ કહી દીએ આલીઘંન એટલે ઉઘડી ગયાં લોચન. ૮
માતુમ કાળ થયો જાહેરે, નીત કરમ કીધું તાહેરે;
કપડાં સુંદર પેહરયાં સાર, આવી ઉભો સભા મોઝાર, ૯
એટલે આવ્યો પુર પરધાન રાજાએ દીધું બહુ માન;
પેલું સ્વપ્ન દીઠું તેહ, પરધાન આગળ સરવ કહ્યું તેહ. ૧૦
તાહરે પરધાન કહે સાંભળરે રાય, હવે થોડા દીવસમાં ચતા જાય;
રાજા કહે ફરકે જમણું લોચન, એવું સાંભળી થયો પરસન. ૧૧
હવે એ વાત અહીંયાંથી રહી, પેલો વાદી કંકણ લાવ્યો તહી;
ફરતો ફેરતો દેશ વીદેશ, તે નગરમાં કીધો પરવેશ. ૧૨
તે બાજીગરે વીચાર્યું મન, એને વેચીને લેઉ ધન;
તે કંકણનું મુલ કોણજ કહે, રાજા વિના તે કોણજ લેહે. ૧૩
તેમાં મેટા રાજન, એ કંકણ લઇને આપશે ધન;
તે પોતે સભામાં ગયો, કરજોડીને ઉભો રહ્યો. ૧૪
તારે રાજા બોલ્યો તેની સાથ, કેંહે ભાઇ તારી શી છે વાત;
ત્યારે તે કંકણ કહાડયું બાહાર, આપ્યું રાજાના કર મોઝાર. ૧૫
આ કંકણ વેચવું છે માહરે, જો મુલ આપી લેવું હોય તાહરે;
રાજાએ કંકણ લીધું હાથ; ઘણું હરખ્યો મનડા સાથ. ૧૬
આ કંકણ તો માહરૂં એહ, મારી રાણી કર સોહાવ્યું તેહ.
હવે કહે ભાઈ તું સાચી વાત, કંકણ કયાંથી આવ્યું હાથ. ૧૭
કોઇએ આપ્યું કે વાટે પડયું, એ કંકણ તમને કયાંથી જડયું;
તારે તેણે કહી સહુ વાત, અથઇતી માંડી કહી ખ્યાત. ૧૮
હું દુર પંથ ગયોતોજાણ, એક બાળક સુંદર રમતો તો અજાણ;
માહા મનોહર તેનું રૂપ, જાણે કોઇ પ્રથવીનો ભુપ. ૧૯
મારા કુળનો ઉદ્યમ જેહ. મેં કરવા માંડયો ત્યાંહાં તેહ;
મહુઅર મે વગાડયુ જાહરે, એક મણીધર નાગ નીકળ્યો તાહરે. ૨૦
હું તેને લેઇ વળ્યો જેટલે, પેલો બાળક બોલ્યો તેટલે;

તેણે કહ્યું આ કંકણ લ્યો, નાગ પકડ્યો તે મુકી ઘો. ૨૧
રમે કકણ લીધુ હાથમાં, સરપ મુકયો તેના સાથમાં;
તે બાળક ત્યાંહાં મુકાવીને ગયો, હું પણ મારે પંથે થયો. ૨૨
હું દેશ દેશાંતર ફરી આવ્યો સહી, પણ કોઇએ, કકણ લીધુ નહી
ભારે મુલ તે કોણે અપાય, એ કંકણ તે કેમ લેવાય. ૨૩
તમારૂં સાંભળ્યું મોટું નામ, જાણ્યુ જે યાંહાં થાશે કામ;
એવું જાણીને આવ્યો અહીં, ખપ હોયતો રાખો સહી. ૨૪

દોહરો—વાત જારે એવી કહી, ચમકયો તે રાજન;
પરધાન હવે તમે સાંભળો એમ કહે રાય વચન. ૧
ત્યાં સોધ કહાડો સહી,. મળશે પુત્રને નાર,;
દ્રવ્ય અનંગળ લ્યો તમો, જાઓ તે વન મોઝાર. ૩
કેહેતામાં સેવક સજ થયા, ને સજ થયો પરધાન;
તે વાદીને સાથે લીધો સહી, ચાલ્યો કરી પ્રણામ. ૪
વાટ ઘાટ વાસો રહે દર મજલ ચાલ્યો જાય;
પછે ઘણાએક દીવસે, આવીયા, મહા વન મોઝાર, ૫
ત્યારે વાદી કહે પરધાનને, અહીં બાળક રમતો તેહ;
નાગ મુકાવ્યો માહરો. કંકણ આપ્યું જેહ. ૬
પરધાને એવું સાંભળી,, સૈન ઉતાર્યું ત્યાંહ;
પછે પોતે ઘોડે ચડયો સહી. જુવે કુંવરની ભાળ. ૭
બાધુ વન સોધી વળ્યો નવ દીઠો તે બાળ;
રાત પડી ગઇ જાહરે, પછો આવ્યો દેરા મોઝાર. ૮

ચોપાઈ

બીજે દીવસ થયો જાહરે, તે બાળક વનમાં આવ્યો તાહરે;
વીણા કરમાં ઝાલી જાણ, મધુરે શબ્દે કરે છે ગાન. ૧
હાથી ઘોડા ઉંટ જ સહી. સહુ એકી દ્રષ્ટે જુવે છે તહી;
હય દળ પાળા પરધાંન, સરવે માંડી રહ્યાં છે કાંન. ૨

દોહરો.—બાજીગર કહે પરધાન સુણો, મુને કંકણ આપ્યું તન
તે બાળકનો એંજ છે એ સાચુ માંનો વચન. ૧
પરધાન બોલ્યો તે સમે, સાંભળરે તું બાળ,
તારૂં ગાન પુરૂં શુણ્યુ સહી. તુને દેખી ઉપજે વાહાલ. ૨
કુંવર પાસે આવ્યો સહી, તે બોલ્યો મુખ વાણ;
કોણ દેશનો તું અધીપતી, કેમ આવ્યો તું રાંન. ૩

કુટક કોણુ ઉપર ચડયું, તે કોહો સાચી વાત; નગર મોતે મારયા જશો, જો કુરશો કોઇની ઘાત. ત્યારે પ્રધાન કહે કુંવર સુણો. તમો કહોના સંતાન; તમો રાજકુંવર છો સહી, સુંદર ચતુર સુજાણ. કોશાંબા નગર સોહામણું, ત્યાંતો ચીત્રસેન રાજન; પરભાવતી રાણી તેહની, તે તાણાં અમો પરધાન. વીજોગ પડયો તે રાણી તણો, તેને વરસ થયાં છે સાત; ગરભ સહીત રાણી ગઇ, તેની નથી જાણતા કાંઇ વાત. એ કંકણ દીઠું રાણી તણું, ત્યારે રાજાએ કહી વાત; આ વાદીને લેઇ કરી, તે વનમાં જાઓ પરભાત. કંકણ દીઠું રાણી તણું, આવ્યું વાદીને હાથ; તેણે ભાગ કહી સહી, વેચવા આવ્યો તે માટ. તે સારૂ અમો આવીઆ, રાજા ધરે બહુ દુઃખ; તે રાણી રાય મળે સહી, તો તતક્ષણ થાએ સુખ. ત્યારે બાળક બોલીઆ, સાંભળો કહુ તે સાર; માહારી માતા અહીયાં રહે, રૂષીના આશ્રમ મોજાર. તાત અમારે છે નહી, પાળે રૂષી કરી જતન; હું ને મારી માવડી, રહીએ છીએ આ વન. પરધાન હું પુછુ મારી માતને, તારે જાણીતો થાઉં; જાણ્યા વીના બોલુ કાશું, તે સહુ ચીતમાં ચાહુ. બાકી કંકણ મેં આપ્યું સહી, આ વાદી કેર હાથ: નાગ મુકાવ્યો મેં સહી, તે તો સાચી વાત. એવું કહીને દોડીઓ, દોડી આવ્યો માની પાસ; હરખ ધરતો અતી ઘણો, અતી ધરતો મન ઉલાશ. મા પાસે બેહો સહી, બોલ્યો કરી પ્રણામ; સાચુ નહી કહો મારી માવડી, તો તમને મારા સમ. ૧૬

ચોપાઈ.

માહારા તાતજીનુ સું છે નામ, ને આપણુ કયાં હોશે ગામ; આ વનમાં એકલા કયમ અહી, આ જંગલ છે વસ્તી કેમ નહીં. એવી વાત કહી જાહરે, તેની માતા બોલી તાહરે; સાચુ કહુરે મારા તન, આજ તાહારૂ મનાવુ મન; કુશુંબા નગરી પરમ વિશાળ, ત્યાંહાંનો ચીત્રસેન ભુપાળ; તે રાયની હું રાણી સહી, વિજોગ પડયો ને આવ્યાં અહી. વિત્યા વાત કરતાં વરસ સાત, હજુ ખબર નથી સાક્ષાત. આવ્યો છે આપણો પરધાન, લાવ લશકર લેઇને. રાજકુંવરે એમ કહ્યું જેટલે, બારણે શેવક આવ્યો તેટલે. એટલે આવ્યો પરધાન, રાણીએ દીધાં બહુ માન. પોતીકો પ્રધાન દીઠો જાહરે, નેત્રે નીર વહ્યાં તાહરે; તે રૂ

બીને વાત સરવે કહી, ખરી નીશાં રૂપીની થઇ. મધાન કહે હું વે વિદાય કીઠાંજીએ, જઇ વધામણી અમારીલીજીએ; તાહારે રૂપી કહે ત્રતબર થાઓ, સુખે તમારે દેશે જાઓ, મદાન કરગ રી લાગ્યો પાય, તમે અમારી કીધી બહુ શાએ; રાણી ચરણે લગી જઇ, આગ્ન આપો પીતાજીએ તહાં. આશીશ વચન લેઇ પુસ્તક ધરચું, તતક્ષણ સેન્યા સજ કરચું; નોબત નગારાં ગડ ગડે, ઢોલ દલામાં ત્યાંહાં દરદડે. હાથીપર મેઘાડંમર સાર, તે ઉપર બેઠો રાજકુમાર; મધાન તેને ચમર કરે, નીશાન તે ઉપ ર ફરફરે. રૂપી ઘોડે વળાવા ગયા. પછી વીધાંરથી સહી પાછા વળ્યા; પચરંગી સેન્યા સહુ જાણ જાણે સ્વરગ તણો રાજન. સમીપે નગરી આવી સહી, વધામણી આગળથી ગઇ; સાંભળ જે ચીત્રસેન રાજન, આવી રાણીને આવ્યો તન. સાંભળતામાં તતબર થયો, સેન્યા લેઇ રાજા સામો ગયો; મોતીએ થાળ ભ રાવી સહી, તે રાજાએ કરમાં ગ્રહી. પુત્રે પિતા દીઠો જાહરે, ત્યા હાંથી હેઠો ઉતરયો તાંહરે; મોતીડે વધાવ્યો તન, ખોળે બેસાડી પુછે રાજન માથે હાથ ફેરવી કહે મારા તન, હરખ ધરી કીધું ચુંબન; પ્રેમનાં આંસુ નેત્રેથી વહી, એક એકની વીગત કહી. પાછી સેન્યા તતપર થઇ, નગર મધે તેતો પરવરી; મેઘાડંમર ઉપર બેઠો રાજન, ખોળામાં લીધો છે તન. મધાન પોતે ચમરજ કરે, તે રીતે નગરમાં ફરે; નગર લોક જોવાને જાય, અતિ આનંદ હેરખ ન માય. રાજાનો નીરખ્યો છે તન, હરખે સહુ લોકોનાં મન; ભાટ બંદીજન કરે પોકાર, તે જસ ઘણો કરે છે વિસ્તાર, પોહોચ્યા રાજભુવન જાહરે, સભા મધ્યે બેઠા તાંહરે; રાજા દે જાચકને દાન, માગણને ત્યાં દેછે માન. વધામણી વ હેંચી છે ઘણી, શી શોભા કહુ તે તણી; વાદીને કીધા વીદાય, ઘણું દ્રવ્ય દીધુ તેહેને રાય. પછી જાણી કરમ કુંવરના કરી, ઘણો હરખ તે મનમાં ધરી; પુત્ર શોભે તો સુંદર કાય, જાણે આભ માહે ચંદ્રમાય. વેણા લેઇ ત્યાંહાં કરેછે ગ્યાન, સહુ માંડી રહે છે ત્યાં કાન. ૨૧

છપો

ચાર વિદ્યા ગુણ જાણ, પ્રમાણ તો પચ્ચે કીધો; બુધ બત્રીસે લક્ષણ, પ્રેમરસ પ્રીતે પીધો; અતિશે કોમળ અંગ, રંગ રૂડો

શોભે અંગે; એહેકે એહેક બરાસ, સુગંધી રૂડે સંગે; કળા બહોંતેરી બુધ લહે, ચતુર ચિત માંહે ઘણું; શામળભટ સાચુ કહે, ૧ રાગ કરૂ શું તે તણું. શાસ્ત્ર પુરાણને વેદ, કુંવર ભણ્યુ તે પાઠ; કવિત ભાષાના રંગ. શું કહુ તેનો ઠાઠ; દુહા ગાથાના ભેદ, સંસકૃત પ્રાકત પરમાણે, કામણ મોહન ને વશીકરાણ, વિદ્યા વ્યાકરાણની જાણે; સુરવિર ધીર ઘણું, કામ સમાને રૂપ છે; બરાસ નામ છે તે તણું, તે પ્રથ્વીપતી ભુપ છે. ૨.

દોહરા

તેમાં પ્રાક્રમ અતી ગણું, કેહતાં ન આવે છેહ; વજીર તેણા એક કુંવર છે, તે સાથે બહુ સ્નેહ ઘડી અળગા રેહતા નથી, હરનીશ બંન્યો જોડ; ગુણ લક્ષણ સમોવડ નહીં ખાંપણ કે ખોડ. ગુણ સ્વભાવના છે એ ઘણું, તે રાખે રૂડી રીત; બરાંસ કુંવર જે રાયનો, તે સાથે બહુ પ્રીત. જમવુ ખાવું એકઠું, સુવું એકઠા સેજ; સુખ દુ:ખ એક એકને કહે, માંહો માંહ બહુ હેત. અગીઆ રમવા રોજ સચરે, બે જણ થઇ અસ્વાર; તે વન મધે જઇ ફરે, તે લાવે રોજ શીકાર. તે વનમાં કામ કેવુ કરે, વેણા વજાડે હાથ; પછે શીકારને જાણ લે સહી, પકડી લાવે પાતીકી સાથ. હાથી જુથ મળે ઘણાં, સાંભળવાને ગ્યાન; હાલ્યા ચાલ્યાની ગતી નહી, ધરી રહે સહુ ધ્યાન. પછી પકડી લાવે તેને પલકમાં, લાવે નગર મોઝાર; હરનીશ આણંદ કરે, ભાવે રાજન શિકાર. દેશ દેશે ચાલા વારતા, જે રૂડો બરાસ રાજંન; એના પ્રાક્રમને પોહોંચે નહી, એવો ચિન્તસેનનો તંન માગાં આવે દેશદેશના, જેને ઘેર કન્યા સાર; કુંવરનુ મન નથી માનતું, સહુને કેહે નાકાર. ત્યારે તાત કહેછે તનને. પુત્ર પરણો કન્યા રૂડી પેર; તમ લાયક હોએ સહી. ત્યાં કરીએ રૂડે ઘેર. ત્યારે પુત્ર કહે પિતા સુણો, માહારે પરણ્યાની નાય; અમારૂ મન માને સહી, ત્યારે કહીસું હાય. ત્યારે રાજા બોલ્યો નહીં, ત્યારે મીત્ર મીછવે વાત; ભાઇ તમે પરણ્યાની ના કહો, એ રૂડો નહી વેહેપાર. પરણો કન્યા રાયની, સુંદર ચતુરસુજાણ; તવ કુંવર મન એમ કહે, તે મિત્ર પ્રત્યે સાચાં વાત. ૧૪

ચોપાઈ

રાજકુંવર કહે સાંભળ મીત્ર, તાહારી બુધી પરમ પવીત્ર; ગુણ

લખણ ગુણનો ભંડાર, એવી ઝાહરે મળશે નાર. ત્યારે અમે
પરણીશું સહી, ત્યાર વગેર પરણવાનો નહીં; ત્યારે વારૂ કહીને
મીનજ રહ્યો, ફરી બોલ રાજાએ નવ કહયો. તે કુંવરને વરસ
થયાંછે બાર, પછી શો થયો પરકાર; નીત્ય શીકારે જાએ સહી,
શું કામ કરેછે ત્યાં તે રહી. ગોફણ નો લાગ્યો છે ખ્યાલ. તે
થી આણે પસુનો કાળ; એમ થોડા દીવસ ગયા જાહરે, પછી
શું કઉતક થયું તાહરે. વછેર કુંવર રાજાનો તન, બેજણ પ્ર
ગીયાને આવ્યાં વન; ગોફણનો તે મારે માર, કરે પશુ તણો
બહુ સંહાર. તે કુંવર પંથે ગયોછે બહુ, હવે તે કથા વીસ્તારી
કહું; એક તપસ્વી બેઠો તપ કરે, ધ્યાંન ઇશ્વર કેરૂ ધરે. તેને વા
ગી તે દીશ' નિકળ્યું રૂદીરને ફાટ્યું શીશ; અરે અરે કરે પો
કાર, એ કોણ દુષ્ટ મને મારનાર. વછેર રાય ત્યાં બે જણ ગ
યાં, જઇ પેલાને ઓશીયાળાં થયા; આસના વાસના કીધી ઘણી
સ્તુતિ કીધી તે તપસ્વી તણી; બહુ અમથી થયો અન્યાય, તે
તમારે કરવો ખમાય; બેહુ જણ મળી સ્તવનજ કરે, કરગરે
ને બોળા પાથરે. ત્યારે તપસ્વી બોલ્યો વચન, રાજકુંવર તું
કોણો તન; કોસંબા નગરીનો ધણી જેની કીરતી જગમાં ઘણી
ને ચિત્રસેન કહીયે રાય, તે અમારો પીતાજી થાય; તેનો કુંવર
બરાસ મુજ નામ, રમું વનમાં પ્રગીયાને કામ. એવી તપસીએ
સાંભળી પેર, ઉતરી ગયું તપશીનું ઝેર; અરે રાજકુંવર તમને
નવ ઘટે, એમાં તમારૂ માનજ ઘટે. જો બીજો હોત તો દેતજ
શ્રાપ, રાજકુંવર જાણી કરૂં છું માફ; જો તું રાખે એવડું જોર
આ વનમાં આવી કરે છે શોર. શેહેજમાં ઘાતજ તે કીધ મુને,
હું બળીયો ક્યારે જાણું તુંને; કસ્તુર સબ્બાવતી કેહેવાય, દરીયા
પાર નગરી તે ત્યાંહ. ત્યાંનો કપુરશેન્ય રાજન, કપુરાવતી ના
રીનું નામ; તેહને કસ્તુરાવતી તંન, રૂપે જાણે છે રતન. સવાશે
ર કસ્તુરી ચોળી ને નહાય, ઘણા રાજા તેને મનમાં ચાહાય;
કોઇને લાવે નહી મન, અહંકાર ઘણો છે તેહને મન. એવી
નહી કોઇ સુંદર નાર, ત્રી લોકમાં મથવી સંસાર; દેવતાને મન
વરવાનું થાય, તે નારી કોઇને પણ નવચાય. જોગી જંગમનાં
મન ચળે. એવી નારી ભાગ્યે મળે; તેનું મુખ જોઇ ચંદ્ર લ
જવાય, તે જઇ છુપ્યો આભજ માંય. એની વેણી વાસુકી ના

ગ સમાન, તેણે કીધો પાતાળે ઠામ; તેના કરજોઇ કમળ લજ વાય, તે નાશી રહ્યાં જળ માંહે. તેની ભ્રગુટી કામન આકાર, નેત્રરસ ભરયાં રેહે છે સાર; તેની નાશીકા શુકચંચ પ્રમાણ, કપોળ જાણે ઉગ્યો છે ભાણ. દંત જાણે દાડેમ કળી, વાંણી મીઠી મધુરી ગળી; હસતાં ખાડા પડે છે ગાલ, મુખડું જાણે લાલમલાલ. પેટ પોયણવત સાતળું, નાભી શોન શોભે અતી ઘણું. કટી સહીનાં સરખી રંભ, જંઘા જાણે કેળના સ્થંભ. ચાલ ચાલે ગજ ગતી, એવી નારી પ્રથવીમાં નથી; તે કન્યા પરણે જાહરે તુને જોરાવર જાણું તાહરે. સાંભળી એવી તપશીની વાણ. વીંધાઇ કીધો રાજાનો પ્રાણ; મોહ બાણ વાગ્યાં તે ઠાંમ. બોલ્યો મિત્ર સાથે એ વાણ. તમે તમારે ભોવન પરવરો, અમારી આશા રખે કરો; એ કંન્યા પરણીશું જાહરે, પાછા મંદીર આવું ત્યાહરે. જો નારી એ મળશે નહી, તો તો પ્રાણ તજીશુ સહી; આ અવતાર ધરયો નારી માટ, એવો મનમાં ઘડીઓ ઘાટ. ૨૯

દોહરો.

ત્યારે વછીર સુત વાણી વદે, સાંભળ રાજકુમાર; તમને મુકી પાછો વળું તો ધિક્ધીક મુજ અવતાર. આ તનમન ધન તાહરૂં, હું તાહરો ચાકર જાણ; તમો પાછા મુને મોકલો સહી, તે ઘટે નહી રાજાણ. ૨

છપા.

મીત્રનો એ વેહેવાર, તે દુઃખીએ એ દુઃખીઓ; મીત્રનો એ વેહેવાર, તે સુખીએ એ સુખીઓ, મિત્રનો એ વેહેવાર, સાથે લેઇને ફરવું, મીત્રનો એ વેહેવાર, માન મુકીને મળવું; મીત્રનો એ વેહેવાર ભ્રાંત કરી નવ રાખે; મીત્રનો એ વેહેવાર, ભ્રાંત કશી નવ રાખે; મીત્રનો એ વેહેવાર, સરવ વસ્તુ ચખાડી ચાખે; મીત્રજ તે તો જાણીએ જે વાટઘટ સાથે સહી; સુખ દુઃખમાં આવી મળે, અલક્ષણ અલગો નહી. તે મીત્રને ધિકાર મન વિના જે મળવું; તે મીત્રને ધીકાર, શું નમાશાંગ કરવું; તે મીત્રને ધીકાર, દુઃખ જોઇ પાછો ફરશે; તે મીત્રને ધીકાર, પાપ થકી જે રળશે વીર; તે મીત્રને ધીક્કાર, જે બોલ્યો બોલ નવ સાંખે; તેવા મીત્ર શા કામના, જેની ઉપર સ્નેહ નવ ધરે;

સાંમળભટ સાચુ કેહે, મન મળ્યું ત્યાં અંતર કરે,

ચોપાઈ.

માટે માનો માહેરી વાત, હું અવું તમારી સાથ; બેહુ જ ણા ઘોડે થયા અસ્વાર, ચાલ્યા અરણ્યવ વન મોઝાર. અઘોર વનમાં ચાલ્યા જાય. કોયને નવ ગણે લેખા માંહ; પાહાડ પર્વ ત ડુંગર પરચંડ. ટીંબા ટેકરા મોઢા પરચંડ, નદી નાળાં આવે ગુફાય. રસ્તો મારગ નવ જણાય; ખેર ખાખર ખરશાદડા તાડ, શીશોળીઆંને મોટે હાડ. બાવળીઆ બોરડી ને કંથાર, ઝાહાડ ઝંખ નવ સુઝે પાર; તે ગહ્સી હરણાં દેતાં ફાળ, બોલે જંબુક શશલા શિયાળ; વાઘ વરૂ ચીતરા છે ઘણા, શુઅર રોઝ સીંહ ની નહી માણા; હવે વન દીઠું છે વોમ. માહા ભયંકર વસ્તી બો મ. ત્યાં બીવા લાગ્યા બંન્યો સહી, જવા આવવાનો મારગ ન હી; એમ વીસ દીનને વીસજ રાત, બંનો અશ્વ બેઠા છે જા ત. એક વીશમો દહાડો થઓ જાહરે, એક શુંદર વન ડીઠું તા હરે: ત્યાં કાઅર નરના જાએ માણ, પણ શુરવીર ધીર રા જંન. પણ શુંદર વન દીઠું જાહરે, મન રળીયાત થયા તાહરે; રહી ત્યાંહાં ભાર અઢાર, શુંદર સુગંધી છે અપાર. વારૂ વન ચારોલી તણાં, અખોડ પસ્તાં બદામનાં ઘણાં, દ્રાખ માંડવા છે ઠામો ઠાંમ, આંબા જાંબુ એલચીનાં વંન. ડમરો મરવો કેતકી ના વલી, ગુલાબ માલતતી મુચકુંદે ભલી; ડાડમડી જમરૂખને શીતાફલી, લવંગ લતા રહી છે ઢલી. કેળસ્થંભછે ઓળા ઓળ નાના નાના વીધ પંખી કરે છે સોર; જાયત્રી જાયફળનાં વ્ર ક્ષ. શુક સારિકા હંસા ચકોર. કોયલ મેના મધુરા મોર; ભમ ર ગુંજારવ કરે અતી ઘણા શોર કલોલ થાય છે ઘણા. તે ઠાંમે એ આવ્યા વીર, ત્યારે મનમાં આવી ધીર; દેખી વન બહુ હરખે ભરયા, ત્યારે અશ્વ થકી હેઠા ઉતરયા, ૧૩

દોહરા.

વીસ દાહાડા એમ વહિ ગયા. અશ્વ ઉપર અસ્વાર; એક વીસમે દાહાડે ઉતરયા, અશ્વ બાંધ્યા તે ઠાર. મુખ પખાલણ કીધું સહી, તેમાં કીધું અસ્નાંન; નીત્ય કરમ પોતે કરયું, આપ્યાં સુરજને દાન. આસના વાસના અશ્વની કરી, નીરાં ચારને નીર; નાના વીધ ફળ ભક્ષણ કરયાં ને શુધ થયાં શરી

મધુરો વાયુ આવે સહી, આવે સુગંધી અપાર; સુતાં સુખ પામ્યા બે જણા, નીદ્રા આવી તે ડાર.

ચોપાઈ

બીજા દીવશનો થયો પરભાત, સુતા ઉઠ્યા બેહુ જણા સાથ; વળી ત્યાંહાં કીધુ અસ્નાંન, સુરજને દીધાં અસ્નનાં દાંન. ફળ તાણા કીધા આહાર, પાછા અસ્વ થયા અસ્વાર; વળી બેઉ બેઉ કરતા જાય, કોઇને ગણે નહીં લેખા માંહ, એક દેશ મુકીને બીજે લે, પડે નીશા ત્યાંહાં વાશો રહે; રાજ કુંવર તવ બોલ્યો વાણ. શાંભળ ગુણ સ્વભાવ ગુણવાન. ઘર મુકયાને થયા ત્રણ માસ. તોએ આંપણી નવ પોતી આશ; હવે દેહ તજુ સરવથી, મુંને કસ્તુરાવતી મળવાની નથી. ત્યારે બોલ્યા ગુણ સ્વભાવ વજીર, રાખો આપ રૂદેમાં ધીર; આપણે કસ્તુરાવતીને મળશું સહી, તે વાતમાં તો શંદ નહીં. વળી એમ કહીને ચાલ્યા જાય, આવ્યા અઘોર વનમાંહ.

દોહરા.

એમ વીચાર કરતાં સાંચરે, આવી વસમી વાટ; ભય ભીત વીવલ ઘણું, મનમાં ગણો ઉચાટ. એમ કરતાં ત્રણ દી થયા, પછી શું થયું ત્યાંહ કામ; એક વડ મોહોટો ગંભીર સહી, ઉતરયા બંન્યો તે ડાંમ. વડ થડે ઘોડા બાંધીઆ, ત્યાં સુતા બંન્યો વીર; ધીરતા ધીર રાખી ઘણું, ને શુખીઆ થયા શરીર. નીંદ્રા કીધી બેહુ જણે. વેગે ગઇ છે મધરાત; ત્યાર પછી ત્યાં નીપન્યું. તે કહુ વીસ્તારીને વાત. સ્વપ્ન આવ્યું એક રાયને, દીઠા પુરૂષ ત્યાં ત્રણ; છત્રીસે આયુધ અંગે ધરયાં, તે બોલ્યા મુખ વચન. ચિંતા નહીં કર તું અધીપતી, થાસે તાહરૂં કામ; તુને કસ્તુરાવતી મળશે સહી, જશો કપુર સમાવતી ગામ. આજથી ચોથે દાહાડસે, આવશો એક અશાવરી ગામ; ત્યાં તમો સુખ પામશો, એવું આશાવરી તેનું નામ. ત્યાં તમો સુખીયા થસો, જડશે કપુર સમાવતી ગામની ભાળ; પછી કસ્તુરાવતી મળશે સહી. એમ કહ્યું તતકાળ. એમ કહી પુરૂષ ગયા ઝબકીને જાગ્યા રાજન; પેલા દીઠા નહીં પુરૂષ. પડયો વીચાર બહુ મન. એટલે વજીર સુત જાગીયો. બોલ્યો મુખે વચન; તમો શું વીચારો મન. એટલે વજીર સુત જાગીયો, બોલ્યો મુખે વચન; ત-

શું વીચારો છો રાયજી, કેમ પરવશ પડયા પ્રાણ. રાજકુંમાર એમ બોલીયા, મુંને આવ્યું એક સ્વપ્ન; તે પ્રગટ વાત કહી ગયા આવ્યાતા પુરૂષ ત્રણ. કહ્યું આજથી ચોથે દાહાડસે, આવસે આશાવરી ગામ; તાંહાંતો કામ તમારૂ થસે. પોહાચસે મનની હામ. એમ કહીને તે ગયા, એટલે ઉઘડયાં મારાં લોચન; એવી વાત કોઇ કહી ગયું, પછી સાચુ કે જુઠુ સ્વપ્ન. ત્યારે વજીર સુત ત્યાગી વદે, થયા અશ્વે અસ્વાર. જે હસે તે જણાસે રહી, ફરતા હરતા ફીરતાર. એમ કહી અસ્વ ખેડીયા, ચાલ્યા ચતુર સુજાણ; ત્રણ દીવસ એમવહી ગયા, ત્યાં ખુશી થયા રાજાણ.

ચોપાઈ.

ચોથો દીવસ થયો જાહરે, આશાવરી ગામ આવ્યું તાહરે; નગર સુંદર, દીઠું તહીં. દરવાજે દરવાન બેઠો સહી. જઇ ઉભા બન્યો તે ઠામ, ત્યારે દરવાને કરયો પ્રણામ; ત્યારે બોલ્યો રાજાનો તન, કહો દરવાન સાચુ વચન. આ નગરીનું શું છે નામ, કોણ છે એનગરીનો રાજન. પણ દરવાન તો બોલે નહીં મુખ. ત્યારે રાજાને લાગ્યુ દુઃખ. ફરી વળી બોલ્યો વજીર, કાંરે બોલતો નથી અધીર; આ નગરીનુ નામ શું કેહેવાય આ ગામનો કોણ છે રાજાય. કોય તે બોલે નહી વાણ, વિસ્મે પામ્યા વજીરને રાજાન; પછી ચાલ્યા નગરમાં જાય, ત્યાંહાં તેતો દીઠો તેવો પ્રકાર. સુંદર મેહેલચીત્રામણ સાર, જડીત કનક હીરા હાર; છજાં ગોખલા વાડી સહી, મેડી મેહેલની શોભા કહી. વાડી કુપ તળાવને વાવ, તે નગર જોતાં ઉપજે ભાવ; નગરની શોભા અપરમ પાર, ભરયો દ્રવ્ય લક્ષમી અપાર. પણ વસ્તી ઝાઝી નથી તહીં. કોઇ કોઇ માણસ ફરે છે સહી; ખાંચા ખુંચી ગલીને પોળ; જોઇ મોહોલની ઓળાઓળ કોઇ કોઇ ઠેકાણે પુરૂષ પળે, કોઇ ઠેકાણે નારી પાણી ભરે; તેને જઇ પુછે રાજન. કો મુખે નવ બોલે વચન. તે જોઇ અચરત મનમાં થાય, એને કારણ શું કેહેવાય. કોઇ મોહોડે બોલે નહીં વાણ, ઘણો અંદેસો કરે રાજન. બે જણ મનમાં કરે વિચાર, પછી આવ્યા જ્યાં રાજદુવાર; બજાર મધ્યે આવ્યા સહી, તેની શોભાનો પાર જ નહીં નેસ્તી ઘાંચી વણોજી સાર, કંદોઇ કંસારાની હાર; ઘાંચી મોચી પસતાગીઆ જોડ, સરાણીયા લુહાર

કાપડી તેહ. દોશીની દુકાન હારોહાર, નાણાવટી પણ અપરમ પાર; માળી ધોબી ઘાંચી સાર, સંઘાડીયા રંગારા અપાર. વેપારીયો વેપારજ કરે, ગામમાં લોક ફરે ને હરે; પણ મુખે કેઇ નવ બોલે વાત, શાનશાએ સહુ બતાવે હાથ. રાજા સરવેને પુછે જઇ. કેઇ મોંહાડે બોલે નહિ; જેને લેવાની ઇછા થાય, તે તેની દુકાને જાય. જે વસ્તુ જોઇતી હોય જેહ, સમશાએ બતાવે તેહ. હાથમાં નાંણું આપે જાહરે. તે વસ્તુ તેને આપે તાહરે પણ મોહોડેથી બોલવાની નાય, ત્યારે રાજા જોઇ વીશમે થાય; તે બજારની ચરચા જોઇ, ત્યહાં પણ બોલતુ દીઠું નહિં. ત્યાંથી આઘા ચાલ્યા જાય, રાજ મેહેલ આવ્યો ત્યાંય. ત્યાંહાં છડીદાર ઉભા છે દ્વાર. જેસ્ટીકા ઝાલી કર મોગાર. રાજ કુંવરે જવા માંડયુ જેટલે, જેષ્ટીકા આડી ધરી તેટલે; બેજણ ઉભા ચોકીદાર, તેણે અટકાવ્યો રાજકુંમાર. જેષ્ટીકા તેણે આડી કરી, પણ મુખે નહી બોલ્યો તે ફરી, બેમાંથી એક ઉભો રહો, બીજો મેહેલમાંહે ગઓ. પાછો તે આવ્યો જાહરે, પેલી લાકડી લીધી તાહરે; બેજણ રાજ સભામાં ગયા. જઇ કચેરીમાં ઉભા રહ્યા. ત્યાંહાં બેઠા છે પંડીત પ્રધાન. તે કચેરી સોભાયમાન. ગુણકા નરત કરે તે ઠાર. પણ મુખે નવ બોલે લગાર. હાવભાવ કરે અતી ઘણાં. હાથના ચાળામાં નહી મણા; પણ મુખે નવ બોલે કરે ને તાંન, સહુ જોયા કરે છે ગાંન. રાજા બેઠા સીંહાસન. અરધાંગે સ્ત્રી રૂપ રતન; પેલા બેજણ દીઠા જાહરે, તે રાજા ઘશી ઉઠયો તાહરે. પ્રણામ કરી બેસાડયા પાસ. તેની ઘણી કરી આશવાશ, તમો રાજકુંવર આવ્યા છો સહી, અમારા ભાગ્યનો પારજ નહી, પછે શેવકને કરયો ફરમાસ, એની ચાકરી કરોની આજ. નારી અરધાંગે હતી જેહ, તેને આગના દીધી તેહ. તમો જાઓ ઘરમાં નાર. રસોઇ સામગ્રી કરો તઇયાર; તે રાજા વછેર બે જોઇ રહ્યા પછે બોસ પોતે ત્યાં કહયા. પેલી નારી ઉઠી બેઠી થઇ, પણ મોહોડેથી કાંઇ બોલી નહી; ઘરેલાં અંગે સોળ શણગાર, તે નારી રંભાનો અવતાર

દોહરા

રાજકુંવર ત્યારે બોલીઓ, સાંભળરે રાજંન, આ ગામ બધુ નીરખીયુ, વિપરીત દીઠુ કારણ. મુખે કોઇ બોલતુ નથી; પસુ

પંખી કે માનવ જંત. સભા બધી જોઇ સહી, પણ કોઇ ન ની બોલતુ વચન. એક બોલતા દીઠા તમોને, સાંભળો એ ગોટે સંદેહ; આ મોહોડે કોઇ બોલતુ નથી, શું કારણ છે તેહ. ત્યારે રાજા કહે તમે સાંભળો, પછી મનાવશું મન. સઘે મનનો ભાગ શું પછી, તમો પ્રથમ કરો ભોજન. વાલણ બોલાવ્યો તે સમે, વ પન કરાવ્યુ રાજંન; તેલ મોગરેલ સુગંધી અતી ઘણી કરાવ્યુ મરજંન. ઉશણોદક અસ્નાન કરી કરવા બેઠા ભોજન. ત્રણે જણ સાથે રહી, પીરસે પેલી નાર. તે અસાર પુછે સહી, જે જોઇએ તે સાર. મન ગમતુ માગી લીએ, પણ મુખે બોલે નહી નાર. તે ભોજંન કીધાં ભાવતાં, દીઠા ત્રણે સાથ; મુખવાસ લ વીંગને એલચી, બીડાં આપ્યાં હાથ. પછે વાત ગોષ્ટ માંડી સહી બોલે ત્યાંહ રાજાય, પ્રથમ તમારી કહો સહી, અથઇતી વારતાએ તમો કયાંથી આવ્યાને કયાં જશો; તમે કયાંહાં તણા રેહેનાર, નામ ઠામ અમને કોહો તમો, કોણ તણા કુંમાર. ત્યારે રાજકુંવર ત્યાં બોલીઓ સાંભળરે નરેશ. અમો ચીત્રસેન રાજાના તન કસુંબા નગરી દેશ. આ વજીર સુત કેહેવાય સહી, માહારે છે મીત્રાચાર. અમો બેજણ અશ્વે બેસી કરી, રમવા ચાલ્યા શીકાર. ગેફણ મારા હાથમાં મારતો પસુને ધરી રીસ; ત્યાં તપશી એક તપ કરે, જઇ વાગી તેને શીશ. રૂધીર ધાર તને વ હી, કરવા માંડ્યુ રૂદંન; અમો સમીપે જઇ પુછીઉં મરગરી પુછ્યું અમો વચન. તે કહે જોર એવડું ધરો, તો જાઓ કપુર સભાવતી ગામ; તેની પુત્રી પરણો જઇ, જેનુ કસ્તુરાવતી છે નામ, વચન તેનુ સાંભળી અમને લાગી હોડ; ત્યાંથી અમો બે ચાલીઆ, ખુંદતા આવ્યા પાહાડ. અમો દુઃખ ઘણુ વેઠ્યુ સહી, આવી સુતા અઘોર વંન; નીંદ્રા કીધી બેહુ જણ, ત્યાં થયુ અમોને સ્વપન. ત્રણ પુરૂષ કો આવીઆ, સુરવાર તે ઠામ. આજથી ચોથે દહાડલે, આવશો આશાવરી ગામ. ત્યાં કામ તમારૂ થશે, જડશે તમને ભાળ. એમ કહી પાછા વળ્યા, એવે થઇ ગયો પ્રાતુસકાળ. ત્યાંથી અમો ચાલ્યા સહી, તેને દહાડા થયા છે ચાર, ત્યાંથી અમો આવ્યા સહી, તમ નગરીને ઠાર. પણ સઘે મનનો મટાડીએ, કો બોલતું નથી કેમ; તે સાર જ કરે સહુ, કોઇ મુખે નવ બોલે વચંન. હાસ્ય ચાલે લીચ ઠ્ય

સહી, કોઇ મુખ નવ બોલે વચન; એક તમો મુખ બોલો સહી બ્રાંત પડે છે મન. ત્યારે તે નર બોલીઓ, હવે કહું અમારૂ વરતાંત; સુખ દુઃખને હાણ વચ, તે ભાગુ તમારી બ્રાંત. ૨૩

ચોપાઈ.

હમો સોરઠ દેશના રેહેનાર, હમે જાત તણા સુતાર. અમો બે ભાઇની જોડી સહી, અમારા પ્રાક્રમનો પારજ નહી, દેવધર છે અમારૂ નામ, બીજો પ્રાણધર અભીધાન; તે મોટો હું ન્હાનો સહી, મારે દુઃખનો પારજ નહિ, અમે ગામને સુરસેન રાજન, અમો જાતે હતા નીરધન; અમો બે ભાઇએ વીચારીપેર દ્રવ્ય કેમ આવે આપણે ઘેર. અમમાં કીસબ છે અપરમ પાર બે ભાઇએ કરયો વીચાર; કાષ્ટતણો એક હંસજ કરયો, તેમાં દારી સંચારો ભરયો. તેમાં કળાશી કીધી પ્રકાશ, તે ઉડી સંચઢી આકાશ. ઉતરે ત્યાંહાં રાજ કુમાર, ભંડાર ખજાનો ઓરડા ભરયા છે જ્યાંહાં, તાળાં કુલફ બહુ રહે છે ત્યાંય, વળી ચોકીદાર કેઇ ચોકી કરે; પોહોરાગીરો ત્યાં પોરા ભરે ત્યાં રાતે હંસ જાય જાહરે. તાળા કુલફ નજરમાં રેહે તાહરે, તરત ઉઘડી જાય તે વાર; હંસ પેસે ઓરડો મોઝાર, પાંખ સોનાની પોહોળી કર. હંસ પોહોળો થઇને પાંખજ ભરે પેલી દોરી ભારે થાય જાહરે. માહારો ભાઇ તરત જાણે તાહરે, પાછા આવે પોતીકે ગામ. દ્રવ્ય ઠાલો કરે તે ઠામ. તરત દોરી ખેંચે ઉલ્લાસ; હંસ ત્યાંથી ઉડે આકાશ, એમ હરનીશ કરે વેહેવાર. દ્રવ્ય હરયો તેણે અપરમપાર, એમ કરતાં વરસ ગયાં ચાર, તોએ કેઇ નવ જાણે પાર, તે ભંડાર સરવે ખાલી કરયો. દ્રવ્ય લેઇને ઘર માંહે ભરયો, એક દીવસ શું કઉતીક થયું; તમ આગળ તે સાચુ કહ્યું, તે ભંડારીએ કરયો પોકર. દ્રવ્ય ખજાનો નથી લગાર. ત્યારે રાજાને ચીંતા થઇ, ચોકીવાળા તેડાવ્યા તહી, તમારી ચોકીમાંથી દ્રવ્યજ જાય. તે ચોરને કરો પેદાએ, નહી તો તમને હવે મારૂ સહી, મારયા વિના મુકુ નહી તે જાગતા રહ્યા ત્યાં રાત. તે નવ જાણે માહારો ભ્રાત ત્યારે હંસ મોકલો તે ઠામ; ચોકી વાળે શુ કીધું કામ, હંસ આવ આવતો પેઠો જાહરે. ચોકીવાળે જાણ્યુ તાહરે, હંસ પેઠો જ્યારે ભંડાર. દ્રવ્ય ભરયો તેણે અપરમપાર, પાછો નીકળે જાહરે બાહાર

ઉડવાને કરયો વીચાર, એવો તેણે આદર્યો સહી; એટલે દોરી તુટી ગઇ, ખાલી દોરી આવી હાથ. ત્યારે તો ચમકી ઉઠયો ભ્રાત. તેણે વીચારી એવી પેર, જે હંસ રહ્યા રાજાને ઘેર. એ રાજા મુને ઓળખશે સહી. ૧૭

દોહરો.

હંસ એ કાષ્ટ તણો એનો માણુસર ઘડનાર, નીસચ્ચ મોત આવ્યુ સહી, એમ કીધો મન વિચાર. એ મારયા વિના મુકે નહી, લુટી લે ઘરબાર. હવે મુકે નહી જીવતો સુણીએ દે નીરધાર એવું મન વીચારીયું, તે માંડી કહી વાત; આપણે અહીંથી નાશીએ; નહીતર રાજા કરશે ઘાત, ચોરી ઝલાઇ આપણી, માટે ચેતો તરત; નાશો હવે અહીંયાં થકી; નહીતર માથે આવ્યું મરત. વીમાન બે ઘડયાં ત્યાં હતાં, કાષ્ટ તણાં નીરધાર; તેમાં દોરી સંચારો અતી ઘણો; તે ઉડતાં ચાલે આકાશ, એક સાતસો જોજન જાએ સહી; બીજુ ચારસે જોજન સાર; ધન માલ તેમાં લેઇ કરી, બે ભાઇ થયા અસવાર, તે રાતો રાત અમો ચાલીઆ, અંત્રીક્ષ ગગન મોઝાર. મારો ભાઇ ઘર આગળ ચાલીયો, હું રહ્યો પછવાડે છેક; પછી ખબર અંતર એની નથી, હું રહ્યો એકાએક. ચારસો જોજન અહીંઆં આવીઓ સુતો વડ એક ઠામ; રાતે નીંદ્રા કીધી ઘણી, પછી શું થયું ત્યાંહાં કામ. સ્વપ્નું આવ્યું ત્યાં મુને, દીઠા પુરૂષ જણ ત્રણ; તમને એણે જેમ કહ્યું હતુ તેમ મને કહ્યું વચન. કહ્યું આજથી ચોથે દાહાડલે. આવશે સુંદર ઠામ; તે નગ્ર બધું ઉજડ થયું, એક દઇતે કરયું તે કામ. માણસ સરવે ખાઇ ગયા, પણ માણસ ન મળે કોઇ; ઠામ મુકી નાશી ગયા, જોવા રહયું નહી કોઇ. ભરૂ ભાદરૂં સેહેર છે, પણ માણસ મળે નહી કોય; ત્યાં રાજ મેહેલ ખાલી રહયા, કરતુત દઇતનાં હોય.

ચોપાઈ

એમ કહીને પુરૂષ ગયા. એટલે અમો જાગતા થયા; પ્રાતુકાળ થયો જાહરે, અમો ત્યાંથી ચાલ્યા તાહરે. ત્રણ દાહાડા અમો ચાલ્યા જાહરે, આ નગર અમો દીઠું તાહરે; નગરનાં ઉઘાડાં દ્વાર. નહી મળે કોઇ ચોકીદાર. ગામમાં પેઠા જાહરે, કોઇ લોક ન મળે તાહરે; બધી દુકાનો ઉઘાડી સહી, માલ ભ

રયો તેની સંખ્યા નહીં. પણ ન મળે ત્યાં ચોકી હોય, એવું દ
ખી મન અચરત હોય; નાણાવટી ની દાકાનો જોઇ, ઉઘાડી પ
ડી છે તહીં. બારણે રૂપીયાના ઢગલા ઘણા, ઝવેર જડીયા ચો
કશી ઘણાં; સઘળાનો માલ પડયો છે બાહાર, ન મળે કોઇ રખ
વાળ. એમ સઘળું જોયું છે ગામ, પછે આવ્યો હું આણે ઠા
મ; રાજ મેહેલ મે જોયો સહી, પણ કોઇ માણસને દીઠુ નહી.
ખજાનો ઉઘાડો સાર, તેમાં દ્રવ્ય ભરયો અપરંમ પાર; હું
આપે એકલો જોત, ત્યાર પછે કહુ એક વાત. સુનું શેહેર એવુ
દેખાય, જાણે કોઇ આવે ને હમણાં ખાય; થર થર કાંપે મારૂ
શરીર, પણ મે મનમાં ઘણી એક રાખી ધીર. પછી મે મનમાં
કરયો વીચાર, હું એકલો શું કરૂ આ ઠાર; પણ મારી પાસે વિ
દ્યા છે ઘણી, વીશ્વ કરમના પ્રાક્રમ તણી. તે વીચાર મનમાં
કરયો સહી, પછી મેએ શું કીધુ અહી; પછી કાષ્ટ તણાં પુતળાં
બહુ કરયા, તેમાં દોરી સંચારા ભરયા. કુતરાં બીલાડા ઊંદર
સહી, તે પણ કાષ્ટ ઘડેલાં અહીં; કાગડા કાબેર ચકલી સાર,
તે પણ કાષ્ટનાં ઘડયાં આ વાર. માંખી કીડી સરપ મંઝાર, તે
પણ કાષ્ટના ઘડનાર; હંસ મોર ચકોર છે સરી, જડ છે એમાં
કાંઇ ચેતન નહી; અશ્વ ગજ રથ બળદીઆ જોડા જોડ, તેમાં
પણ એ મોટી ખોડ; આ સભા મારી બેઠી સહી, કાષ્ઠ પુતળાં
ઘડેલાં અહી. ગુણકા નરત કરે છે સાચ, તે પણ કાષ્ટ તણી છે
સાચ; અરધાંગે મુજ રાણી સહી, જેણે રસોઇ કરી જમાડયા
અહીં. એ પણ કાષ્ટની પુતળી સાર, એ પણ સાચી નહી લગા
ર; સાચામાં બેઠાછીયે એક અમો, એટલે બે જણ આવ્યા ત
મો. મુજ એકલાને ગમે કેમ આ ઠામ. માટે અમોએ કરૂં આ
કામ; આ સઘળા કામ ફરમાવ્યું કરે, ગામ મધે ફરે ને હરે. પ
ણ મુખે કોઇ બોલે નહી વાણ, જીવ નથી પણ જડ છે જાણ
મન રમાડો કરીને રહુ, દુઃખ સુખ કોની આગળ કહુ. આજ
હમારો આતમા ઠરયો, સફળ જનમ અમારો કરયો; તમો બે
જણને દીઠા જાહરે, આજ ઘણા ખુશી થયા તાહરે. આજ ચારે
વરસે ભાગી ભુખ, જારે દીઠું તમારૂ મુખ; તમ ઉપર બહુ ઉપ
જે વાહાલ, આજ મુખે બોલાઓ ફાલ. હવે ખાઓ પીયો ને સુખે
રહો, કામ કાજ હોય તે મુજને કહો; હવે જાનુ જો કરશો ત

મો, તો તો માહા દુઃખ પામીશું અમો. તમો બેશો રાજ આસન, અમો ચાકરી કરીશું રાજન; આ સરવે તમારો માલ, અમો તો છીયે રખવાળ; પણ એક દુઃખ મારા મનમાં ઘણું, વિજોગ ભોગવું બાંધવ તણું; આગળ ચાલી ગયો એહ, ફરી મુને મળ્યો નહી તેહ. ૨૨

દોહરા

આ નગરમાં હું એકલો, બીજુ નથી અહીયાં કોય; તમો બે જણ આવી મળ્યાં, હવે માહાસુખ મુજને હોય. ત્યારે રાજ કુમાર વળતી વદે, અમથી કેમ રેહેવાય; અમારે કસ્તુરાવતી જોવી સહી, એ વીના દેહ નવ ધરાય. મને ખાવુ પીવુ ગમે નહી, ન ગમે કરવી વાત; જો કસ્તુરાવતી મળે નહી, તો દેહની કરવી ઘાત. પણ ધન્ય ધન્ય તારી બુદ્ધિને, ધન્ય ધન્ય તારો અવતાર; કાષ્ટ પુતળાં ઘડયાં સહી, કરતુક કીધુ કીરતાર. આ પ્રાક્રમતે થોડુ કરયું, કેહેતાં ન આવે પાર, આ નવી શ્રષ્ટી કીધી સહી, ધન્ય ધન્ય તુજ અવતાર. હાલે ચાલે કામજ કરે, પેહેરે ઓઢે સાથ; ખાએ નહી બોલે નહી, તેતો દોરી પ્રભુને હાથ. તારી વિદ્યામાં બાકી નહી, અમો જોઇ થયા પરસન; શું ધીરજ રાખીને રહયો, તારી બુદ્ધિ ધન્ય ધન્ય.

છપ્પો

મરતુ લોકના જન, ધન્ય ધન્ય તારી બુદ્ધિ; મરતુ લોકના જન, સઘળે તાહરી સુધી. મરતુ લોકના જન, પ્રાક્રમ બ્રહ્મના જેવું; તું ઘડે ઘાટ અપાર જ્યાં જોઇયે ત્યાં તેવુ. તુજ ચતુરાઇમાં ખામી નહી, એ હાલે ચાલે ઘણુ અહીં; ધન્ય ધન્ય તારો અવતાર, એક ચઇતન્ય તેમાં છે નહી. કાળા માથાના જન, વાઘને કરતા; કાળા માથાના જન, સમુદ્રમાં તે તરતા. કાળા માથાના જન, જળમાં દીવો બાળે; કાળા માથાના જન, વસે સ્વર્ગે પાતાળે; કાળા માથાના જન જે, પર કાયા પર જઇ ઠરે. કામણ મોહનને વશીકરણ, તેતો વળતી નીત્ય કરે.

ચોપાઈ.

રાજા કેહે સાભળ સુતાર, તારૂ પ્રાક્રમ અપરમ પાર; માટે હવે આગના દીજીએ, અમે અમારો પંથ લીજીએ, કસ્તુરાવતી જો મળશે નાર, તો આવીશું પાછા આ ઠાર; નાહીં જડે અમ

ને તે જાણ, તો હમે હવે કાહાડીશું પ્રાણ. એમ કહીને છાના રહ્યા, તારે બોલ્યા દેવધરે કહ્યા; ચીંતા શાને કરોછો તમો, એની ભાલ કાહાડીશું અમો. કરપુરા શેહેર નગરી કેહેવાયે, તે ચાર સેં જોજન અહીંથી થાય; પણ વચ્ચે દરીયા મોટો સહી, કોઇથી જઇ શકાએ નહીં. તે નગરી છે દરીયા પાર, તમો કેમ જઈ શકો તેણે ઠાર; તમો ઘોડો રહેવાદો આણે ઠામ, માટે એક કરોની કામ. જે વીમાન અમ પાસે છે ઠાર, ચારસેં જોજનનું છે જનાર; એ ઉપર સ્વારજ થાઓ, ને સુખે દરીયાની પારજ જાઓ. તારે હરખ્યો તે રાજન, આરતપુરી પડી અમારે મન; તમ પરતાપે મળશે નાર, પાછા આવશું આણે ઠાર. અશ્વ મુકયા તેણે ઠાર. બે જણ જઇને બેઠાં વીમાન; દોરી સંચા જોયા ઠાર, ઉડયું વીમાન તે દરીયા પાર; ચારસેં જોજન આવ્યા જેટલે, વીમાન હેઠું ઉતરયું તેટલે; ત્યાં વસ્તી દીઠી છે ઘણી, શોભા રૂડી નગરજ તણી. કનક કોટ ચલકાંરા કરે, હિરા રતન જડયાં કાંગરે; દરવાજા છે સુદર સાર, ભાનુમય સોભે ઝળકાર. દરવાન દીવાન ઉભા બારણે, તે ચોકી તણે કારણે; તેને પુછ્યુ જઇને ઠામ, કોહો ભાઈ આ નગરનું શું નામ; તે ચોકીદાર બોલ્યો કરી પ્રણામ, કપુર સભાવતી નગરનુ નામ; કપુરશેન આ રાજન દરદ કોઇને નહીં મન. એવું સાંભળી બેજણ રહ્યાં પછે નગર મધે ગયા; બને જણે વીચારી પેર, ઉતરયા જઇ માહ્મણ ને ઘેર.

દોહરા.

એ માહ્મણ ઘેર રહ્યા સહી, બે જણાં બાવનવીર; નગર ચરચા જુવે સહી, મનમાં રાખી ધીર. દીવસ આઠસે જે ગયા, માહ્મણ પુછી પેર; સુખ દુઃખ કેવું સેહેરમાં, રાખે મેહેરકે કેર. શું નામ છે રાજા તણું, પ્રધાન કેવો કેહેવાય; શી પેર પ્રજા પાળે સહી, કેમ ચુકાવે ન્યાય. માળણ કહે તમે સાંભળો, અમારા દેશની વાત; સુખ સ્વર્ગ ના જેટલું, ખોટી નવ કહુ જાત. એ કપુરસેન રાજા સહી ત્રૈલોચન પ્રધાન; પુર પ્રજા પાળે સહી, દઇને ઝાઝાં માન. ચોર લંપટ ચાડી નહીં, અદેખાઇ નહી દેહ. પરમારથ ઉપર પ્રીતી ઘણી, સહુ ને મન સ્નેહ; વળી પુત્રી એક પરીવારમાં, સુંદર ચતુર શું જાણ; આ જીભે વખાણું શું કરૂ, જેનું પેટજ પોઇઆણ પાણ. તે સમોવડ નહીં કો સું

દરી, અવનીતલ મોઝાર; તે બ્રહ્માએ નીરખી નથી સ્વહસ્તે કીરતાર. મુખ જોતાં દુઃખ રહે નહી, ચંચળ ચીત નવ રહે ઠામ. જેનાં નેત્ર બાણ ચડી રહે, જેનું કસ્તુરાવતી છે નામ. ભરજોબન વરસ તેરની, સ્વહસ્તે ઘડી કીરતાર; અથ ઇતી તમને કહું, આ નગરી નો સાર. ૧૭

ચોપાઈ

એવી વાત કહી જાહરે, રાજ કુંવર બોલ્યો તાહરે; પરણી કે કુંવારી સહી, તેનું કારણ કોહોને અહી. ત્યારે બોલી માલણ વાણ, હજુ કુંવારી છે તે જાણ; એ કન્યાની મોટી ખોડ, તેવી કયાંથી મળશે જોડ. એના પીતાએ પરણાવા કહ્યુ, ત્યારે એણે તેવું કહયું મારે મન છે અદકું ગ્યાન, મારે મન છે પુરવનું ભાન. પુરવ જનમનો કંથ મળશે જારે, અમો તેને પરણીશું તારે; જો પરાણે પરણાવશો રાજન, તો તતક્ષણ છાંડુ મારૂ તન. તે માટે કુંવારી એક, સહુ ને પરણ્યાની ના કહે; માગાં આવે છે અપરમ પાર, સહુ ને રાજા કરે છે નકાર. એવી વાત કરી જાયરે, રાજ કુંવર કહેછે તાયરે; એનો કોઇ જાણે છે પાર, જે પુરવે કોણ હુતી તે નાર. ત્યારે માલણ કેછે વાણ, સાંભળ રાજા ચતુર સુજાણ; કસ્તુરાવતી નામની વાત, તે એક જાણ્યુ મારી જાત. તેને મરે અદકો સ્નેહ, જીવ એકને જુજ્વો દેહ; સુંદર મેહેલ કુંવરીનો સાર, દાહાડે રાખે દાશી રખવાળ. માયરે રોજ જવુ પડે છે તહા, ફુલની ચોળી ગુથી ને ત્યાંય; એક દીવસ શો થયો બનાવ, એક વાત કરવાનો આવ્યો દાવ. ફુલ આપવા ગઇ જ્યારે, મુને હુકમ કરયો ત્યારે; મુને કેહે કાંઇ વાતજ કરો; ફુલ મારા માથામા ભરે, સખી દાશી પાસે કોઇ હતી નહી, ત્યારે મેં એવી વાણી કહી; તમારી જુવાની વીતીને જાય, કેમ પરણ્યાની કોહો નાય. ત્યારે તેણે મુને કવયુ એમ, તું પરણ્યાનું નામ દે સ કેમ; પુરવ જનમનો સ્વામી મળશે જ્યારે, અમો પરણીશું ત્યારે. મેં કહયુ બેન તમો સાચું કહો. પુરવે તે તમે કયાં રહો; તમને તેનું કયાંથી ગ્નાન, તે વાત કોહો નીદાન. ત્યારે કસ્તુરાવતી બોલી વચન, આજ તારૂં મનાવું મન; હું કોઇ આગળ કહું નહી વાત, તે આજ બોલું તારી સાથ. રખે કોઇ આગળ કેહેતી જઇ, પ

છી વાત માંડીને કહી; માન શરોવર છે જયાં સહી, હંશણી
અવતાર હું ત્યાં તહી, હંશ હતો મારો ભરથાર, મહો માંહે પ્રી
ત અપાર; જલમીનને જેમ પ્રીતજ જડી, જુદાં રહે નહી
એકે ઘડી. એમ કરતાં મને થયો એક તંન, હરખ્યાં નર નારી
નાં મન; એમ કરતાં પુત્ર મોટો થઓ, અમારો હરખ નવ જા
ય કહ્યો. હું લાડ લડાવું અપરમ પાર, તનમન જાણું છું સ
વે કુમાર; શીવ દેવળ હતું જાંહે, હમો નર નારી રેહતાં ત્યાં
હે. આવ્યો વાયુ વસેમો સહી. વ્રષ્ટી કેરો પારજ નહી; જગ
પુરાણ ભરાંણું ત્યાંય, તેમાં મારા સરખા દુઃખીયાં થાય. ૧૦

દોહરો.

પુત્ર મુજ પડયો સહી, હંશ ગઓ તો બાહાર; પુત્ર પડયો
તે જગ વીષે, ગઓ ત્યાંતો નીરધાર. પુત્ર જતા દીઠો જાહરે,
મેં માંડયું કલપાંત; તે ફરી પુત્ર દીઠો નહી, આવી ગયો ત્યાં
અંત. મેં રૂદન કીધું ત્યારે ફરી, પુત્ર પુત્ર કરી પેકાર; એટલે હં
શ ત્યાં આવીયો, કેમ રૂદન કરે તું આજ. મેં વરતાંત માંડી
કહ્યું, જે ગઓ લાડકવાયો તંન; એવું સાંભળી હંશ કળકળ્યાં,
કરવા માંડયું રૂદંન, હાએ હાએ કરે ઘણું કુટે મથુ તે વાર;
પછે ધીરજ કરીને રહયો. મને ધીરજ નહી લગાર. હું લટ ત્રો
ડું માથા તણી, કુટું હઇડુંને છીશ; ત્યારે હંસે મને બહુ પ્રીછ
વી. કરી મારા ઉપર રીશ. હવે દુઃખ ધરે કેમ ગોરડી, એ મુ
વો જીવે નહી કોય; દઇવ ગત છે અટપટી હોનાર હોય તે હો
ય; માટે છાંની રેહે તું કામની, રૂદન કરે શું થાય; જે જાવું તે
સરવે જશે, મોહું વેહેલું નીરધાર, વળી તુને હું જીવતા સહી
તો પુત્ર થાશે ઉતપન; માટે છાંની રહે તું કામની; શાંને કરે રૂ
દન. પછી રડતી રહી હું તે સમે, પણ મનમાં ધરયો વઇરા
ગ; સંસાર સુખ છોડયું સહી, જાણું લાગી આગ. એમ થોડા દી
વશ ગયા જાહરે, ત્યારે હંશ બોલ્યો વચન; સાંભળ નારી સલ
ક્ષણી, આજ મુંજને એવું મન. સંજોગ કરીએ આ [illegible], તું ના
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ચોપાઈ.

ક્રોધ ચઢયો મુજને અપાર, હંસ મેં એ તુજને કરયો તીરસ્કાર. માહરે સંસાર શું સંબંધ નહીં, તારે ભોગની ઇછા થઇ. કેમ સાંભરે નહીં તુજને તન, એવું કઠણ થયું કેમ મન; પુરૂષ જાત કઠણ નીરવાણ હુવે તજુ હું મારા પ્રાણ. સાંભળ હંશ તું મારી વાત, હવે કરૂં હું દેહુની ઘાત; હું મરૂં જઇ આપો આપ. તે હંશ શીર તારે પાપ. દવ બળતોતો તેણુ ઠામ, ત્યાંહાં ઝંપલાવું અગની મોઝાર; એ વાત માહારી કહી ખરી, આ રાજ્ય કંન્યા થઇને અવતરી, તે હંશ પાછો મળે જાહરે, તેને અમો પુછીશું તાહરે; તેની માહારી જો મળશે વાત, ત્યારે પરણશું તેની સાથ. એવી વાત મુજને ત્યાંહાં કહી, શીખામણ મુને દીધી તહીં; એ વાત રખે કો આગળ કરો, સુખે તમારે મંદીર પરવરો. એ છાની વાત તમ આગળ કહી, રખે તમો કોઈને કેહેતા સહી; તે માટે હજી કુંવારી કન્યાય, તે માટે પરણ્યાની કેહે છે નાય. કંઇ આવી ગયા રાજાના તન, તે જુઠુ બોલતા વચન; અમો પુરવની જાણું વાત, પરણાવો અમારી સાથ વાત કરે ને જુઠા પડે; તેના ઘાટ તે રાજા કરે; માન ભંગ થઇ પાછા જાય, એમ કંઇ આવી ગયા રાજાય, એમ કહીને છાની રહી, ફરી નીશાં રાજાની થઇ; એમ કહીને ઠેકાણે ગયા. કહો વજીર હવે સાચી વાત, એ નારી કેમ આવે હાથ; તેનો કાંઇ કરીએ પ્રપંચ, જેને ન આવે ઉની આંચ. તે ગુણ સ્વભાવ ગુણનો ભંડાર, લક્ષણ પુરણ વીસને બાર; રાજા છે પણ ચતુર સુજાણ, બંને પુરણ છે ગુણવાન. બેઉએ વીચાર કીધો તહીં, પરપંચ વિના કંઇ મળસે નહી; રાજાને બીજો વજીર. તે બેહુ જણ થયા ફકીર. હંશા એમ પોકારજ કરે, તે ગામ મધ્યે બે જણા ફરે; ભગવાં લુગડાં અંગે ધરયાં, શેલી શીંગા માંહે ભરયાં. રાજા ઊંચી રાખે દ્રષ્ટ. ઘણું મનમાં પામ્યો કષ્ટ; હાથ પસારી કરે પોકાર, હંશાઓ હંશા એમ કરે વારંવાર. તે વજીર સુતતે સાથે ફરે, રાજા તે પોકારજ કરે; ગલી કુંચી સઘળે ફરે, હંશા હંશા વાણી ઓચરે. ૧૬

દોહરા.

ગલી કુંચી સઘળે ફરે, ચોટા શેરી બજાર; મોહોલે મોહોલ ઉ

ભો રહે, તે મુખે કરે પોકાર. લોક તેને જોવા મળે, નાનું મોટું સર્વ; સરવે રૂપ જોઇ ફકીર તણું, સરવે મુકે છે ગરવ. કેશ છુટા મુક્યા સહી, ત્રીભુતી લગાડી સરવ અંગ; ભગવા કછોટા વાળી આ, તેથી શોભે સુંદર રંગ. નેત્રે જળ ભરી કરી, કેહે એમ વારંમવાર; ઓ હંશા એમ કહે સહી, બીજો નહી વીચાર. લો કહે ફકીરને, જે જોઇએ તે લ્યો; માગો મોહો સામું જોઇ, કારણ મનનું કોહો. ત્યારે હંસા એમ કહે કાંય, કોઇ બોલાવે ત્યારે એમ કેહે, બીજું નવ કહે કાંય; કોઇ બોલાવે ત્યારે એમ કહે, પણ ઓડે નહીં કાંઈ હાથ. એમ રોજ દીન કરતા સહી, સાંજે આવે માલણને ત્યાંય; એમ દાહાડા ઘણાક વહી ગયા, તવ જાણતી માલણ થાય. એમ ફરતા ફરતા પરવરયા, જ્યાંહાં છે રાજદ્વાર; ઓ હંશા એમ કેહે સહી, તે ને જુવે લોક અપાર. એમ ફરતા ફરતા આવીયા જ્યાંહાં પુત્રીનો મેહેલ; ત્યાં મેલ તળે ઉભા સહી ત્યાં નાંખે એમજ ટેહેલ. હંશા હંશા એમજ કહ્યું, નેત્ર ભરીને નીર; ઉંચી દ્રષ્ટે કરી, એમ કેહેતો ફરે ફકીર. તે કુંવરી બેઠી છે બારીએ, ચક નાખી તે વાર; દીઠો પેલા ફકીરને, કેહેવા લાગી નાર. સખી બોલાવી તે સમે, કેહેવા લાગી વચન; આ ફકીર બે કોઇ કારમા. શું કેહેતા હશે મંન, પુછો જઈ ફકીરને, શું છે તમ કારણ; આપણે જે જોઇએ તે આપીએ, મનાવીએ એનું મંન. ત્યારે દાશી આવી બારણે, બોલી મુખથી વાત; તે ફકીરને બોલાવીયા, પુછે જોડી બે હાથ. તમારે શું જોઇએ તે કોહો, શું છે તમારે કષ્ટ; સાચું કોહો સલક્ષણા, એમ દાશી બોલી સ્પષ્ટ. ત્યારે રાજકુંવર બોલીઓ, ઓ હંસા રે વચંન; બીજુ કાંઇ બોલે નહી, દાશી વીસમે પામી મંન. નારી આવી માળીએ, કેહે કુંવરીને પેર; એ બીજું વચંન બોલે નહીં, તો શું સમજીએ મરમ; જોઇતું કાંઇ માગતો નથી, એ ધારી બેઠો ધરમ.

ચોપાઈ

ત્યારે રાજકુંવરી બોલી વાણ, સાંભળ દાશી ચતુર સુજાણ; તે ફકીરને બોલાવો તમો, એ ભેદ તેનો કાંઇ પુછીશું અમો. દાશી હુશીમશી હેઠી ગઇ, જઇ ફકીરને વાણી કહી; તમોને તેડે રાજ કુંન્યાય, કૃપા કરીને આવો તાંહાંય. તે ફકીર એવું સાંભ

જી, મન તણી પોતી છે રજી; ફકીર ત્યાંથી ઘરમાં ગયા, તે દાશીને સાથે થયા. બેસાડયા કનક આસન, દીઠા બેહુ તે રૂપે રતનઃ મનમાં પોતે સમજી નાર, અદેસા પછે કરે વિચાર ન હોય એ ફકીર સ્વરૂપ, નીશ્ચે છે કોઇ પ્રથીના ભુપઃ ચક નાંખીને બેઠી નાર, દાશી સાથે કરાવ્યો વીચાર. કહો ફકીર શું માગો તમો, જે જોઇએ તે આપીએ અમો; ખાન પાનને ધનને ધાન, જે જોઇએ તે સાચી કોહો વાણ. ત્યારે હશા કરયો પોકાર, બીજો નથી તેનો વીચાર; ત્યરે નારી મનમાં અચરત થઇ, એ પુરણ દુઃખ ભરેલો સહી. સાથે બીજો ફકીર છે જેહ, જોયા કરે છે દ્રષ્ટે તેહ, તેને નથી બીજો વીચાર, તેને જોઇને પુછયુ નાર. કહો આ શું બોલે છે વચન, તેનું શું ને કોહો કારણ; શું મુખે એ કહે છે તેહ અમો સમજતા નથી કાંઇ એહ. અમોએ એવું પુછયું જાહરે એ હશા એમ કેહે તાહરે; શુ જોઇએ છે એને સહી કહ્યા વિના કોઇ જાણે નહી. અમો તો સમજીએ નહી નામ, માટે તમો સાચુ કોહો આ ઠામ. ત્યારે વજીર બેઠયો બોલ; તેનું તો ભારે છે તોલઃ એની પુરવ જનમની અસ્ત્રી છે જેહ, હશા કરી સંભળાવે તેહ, ત્યારે દાશી કહે કાંઇ એક મરમ; અથઇતી સંભળાવો કરણ. ૧૨

દોહરા.

તાહારે વજીર એમ બોલીઓ, સાંભળ નારી વચન; કોશંબાનગરી સહી, રાજા ચીત્રસેન અભિધાન. તેના તન એ છે સહી, એનું બગાસરાય છે નામ; અમો વજીરના પણ કુંવર સહી, સુગુણ સ્વભાવ અભિરામ. સ્નેહ મારે નાનપણ થકી, એક એકનાં એકઠાં મનઃ ખાવું પીવું ખેલવું, કરવું તે એકઠાં સેન. ગુણી પુરૂષ છે એ શહી, એમાં છે બત્રીસ લક્ષણ; કોહો તો વીવા કીજીએ, એના તાતે કહ્યું વચન. માંગાં આવે છે સહુ દેશનાં જ્યાં મન માને તાંયઃ મોંડો કુંવર જોઇ કરી, પરણાવું કંન્યાય, તારે રાજકુંવરે એમ કહયું, મુજને છે અદકુ જ્ઞાન; પુરવ જનમની મળશે સહી, તો લેઉ કન્યાદાન તાર વીના પરણું ન

દેશ દેશને ગામ ગામ, જોયા ખડવડ ઘાટ: તે ધ્યાંન એને લાગ્યું સહી, ને લાગ્યું એને હોડ. એની નારી મળશે જ્યાહરે, તે શું કરશે વાત; નહીતર એ બોલશે નહી, દેહતો કરશે ઘાત.

ચોપાઈ

ત્યારે રાજ પુત્રી બોલી વચન, કો એના પુરવ જનમનુ કરણ, ત્યારે વજીર બોલેછે વચન, કો એના પુરવ જનમમાં તંર. નાગી કોણ હતી ખગ. કેમ સંદેહ ભાગું એ મંન; તમો રાજ કુંવરી છો સઈ, માટે તમ આગળ કેહેવાએ નહી. તમ આગળ સાચુ કહીએ જ્યારે, કદાપિને તમો એમ કોહો ત્યારે; નિસ્ચે હું પુરવ જનમની તાર, મારો નિશ્ચે એ નીરધાર તારે એનુ ભાગે વરત, તે વેળાએ પામે મરત; માટે તમ આગળ કેમ કેહેવાએ, એવું કહીને રહ્યો છાનાએ. ત્યારે રાજ કુંવરીએ ખાધા સમ, જુઠુ અમો કેમ બોલુ મન; ત્યારે વજીર કહે શું સમજો તમો, એવાં પારખાં જોયાં ઘણાં અમો. એમ કહીનારી પરાણા કાજ, જુઠુ બોલતાં નવ આણે લાજ: માટે તમને કહું છું અમો, એ વાતની રીશ માં કરશો તમો. ત્યારે નારી બોલી ફરી, મુને વાત કહો વીસ્તારી કરી; એમાં રીસ મુજને નહી ચડે, સાચું કેહેતા કોણજ વડે. ત્યારે વજીર બોલ્યો વચન, કહુ તમને પુરવ જનમનું કરણ; માન સરોવર પાસે વન સાર, ત્યાં હતો હંસનો અવતાર. એની નારી હંસની સહી, એને જીવ એકનો જુદો નહી; ઘણી પ્રીત તેહને અપરમ પાર, એને એક થયો કુમાર. લાડકવાયો ઘણો તે બાળ, મા બાપને મન ઉપજે વાહાલ; એક દીવસ શું થયું વીઘન, જળ મધ્યે પડયો તે તન. ત્યાં વરસાદ થઈ છે અપરમ પાર. વાયુ ત્યાં ઘણો થયો તે સાર; તળે પાણી હોય અહર્ડું ઘણું, કુંવર તેમાં તણાયો ગયો. નારીયે બહુ કરયુ રૂદન, દુખીયા થયાં બેઉ જણનાં મન; પછી હંસે વારી નાર, મુવા પુત્રનો શો વીચાર. થોડા એક દીવસ ગયા જ્યારે, એમ હંસ બોલ્યો ત્યારે; આવો નારી પાસે સહી, આપણે સંજોગ કરીયે અહીં. આપણે બંને જીવતા છઈએ નાર, તો વળી ઘણા થાશે કુમાર. એવી વાત કહી જાહરે, હંસણી એ ક્રોધ કરયો તાહરે. ધીક ધીક પુરષનો અવતાર, હંસને કીધો તીરસ્કાર; મુવા પુત્રનો શોક ન ધરો કેમ. કેમ થયું સખો

ગનુ મંન. હંસણીએ વીચારૂં તાંહ, પડી દવ બળતો તે માંહ; હંસની વારી તે નવ રહો, અગનીમાં હંસણી બળી ગઇ. ત્યાર પછી હંસે કરયો વીચાર, ફરયો દવ પછાડે ફરા ચાર; પેલે ભવ એ નારી માહારી થજો. મને જ્ઞાન આ ભવનુ થજો. એમ કહી જપલાવ્યુ અગ્ની માંહ. તરત બળી ગયો છે ત્યાંહ; તાંહાંથી થયો ચીત્રસેનનો તન, તે નારીઓળે વનો વન. એ નારી એને મળશે જાહરે, તેની સાથે બોલશે તાહરે; એ થઇ છે તે કહી છે વાત. જુઠુ ના બોલુ તમ સાથ. ૧૯

દોહરો.

એ વાત નારીએ સાંભળી, તતક્ષણ થઇ અચરત; સાસોસ્વાસ કાંઇ છે નહીં, નેત્ર થયાં રાસ્વેત. હઇએ દીવો જામીઓ, વહી પ્રેમ આંસુની ધાર; બેઘડીએ મુરછા વળી, ત્યારે બોલી તે નાર. ધન ધન ઇષ્ટદેવ તુજને, ધન તું કીરતાર; નારી હરખી અતી ઘણું, મળ્યો પુરવ જનમનો ભરથાર. ચક છોડી નાંખ્યો તહીં, જગહગ નીકળ્યું તેજ; આભ મધ્યે જેમ વીજળી, તેવુ દીઠુ તારૂણીનુ તેજ. ૪

છપો.

જગહગ જળક્યું તેજ, એજ તારૂણી જોઇ; ધરણી ઢળ્યો રાજન, સુધબુધ સરવે ખોઇ. તે વજીરે જોઇ નાર, ચમકત ચીતમાં લાગ્યો; પડ્યો ધરણ મોઝાર, પડયો તવો જાગ્યો. રાજાને પણ આવી. સુધબુધ ઠેકાણે લાવી. વજીર ઉઠાડયો તરત, સાંન માંહે સમજાવી; મોતી થાળ નારી ભરી, વધાવો રાજા તહીં; આએ લાગી પદમણી, પછે કરજોડી ઉભી રહી. ૧

ચોપાઇ

મોતીએ વધાવી લીધો રાએ, કરજોડીને લાગી પાએ. આજ માહારી ભાગી છે ભ્રાંત, મળ્યુ પુરવ જનમનુ વરતાંત. રોજ દીન વાટ જોઉં છું દુઃખ થકી દહાડા ખોઉછું; એ માહારો પુરવનો ભરથાર. નીશ્ચય હંસતણો એ અવતાર. તમો એમ જાણો ભરથાર, જો જુઠુ બોલતી હોશો નાર; પણ જુઠુ બોલું તો ઇશ્વરની આણ. મુને પુરવ જનમનુ જ્ઞાન, મારા બાપે મુને પરણાવા કરી, ત્યાર અમો ના કહી ફરી ફરી. મારો પુરવ જનમનો મળશે સ્વાંમ, તેની સાથેછે માહરેકામ. તે સહુ જાણુ ન

ગરના લોક, મીથ્યા નથી બોલતી હું ફોક; આ પુછો દાસી સાહેલી જન, હું મિથ્યા નથી બોલતી વચન. એમ કહીને છાની રહી, કરજોડીને ઉભી રહી. પછી બોલ્યો રાજાનો તન, સાંભળ નારી મારૂ વચન. તુ જાણે તારા મનનો વિચાર, સાચુ બોલુંછું હું નાર. તે નારી માટે તજ્યા છો ભોગ, રાજ તજી લીધો છે જોગ. તારૂ મન પરસનજ થયુ, જ્યારે વચન તમો સાચુ કહ્યુ; હવે ચેતાવ તારા માતને તાત, વિસ્તારીને કહો વાત, ત્યારે નારી કહે સાંભળ રાજંન, એક પુછુ તમનેરે વચંન. આજ પુરી પડી અમ આશ, આ નગરમાં રોહો કોણ વાસ. હવે મન બહુ મળવા થાય, ધીરજ રાખી હવે નહી જાય, ત્યારે બરાસ બોલ્યો રાય, અમે રહીએ માળી મંદીર માંહે હવે અમને આગના દીજીએ, હવે પંથ અમારો લીજીએ. અમો માળી ઘેર રહેશુ રાત, તું તારા બાપને કરજે વાત.

દોહરા

વારૂ કહીને તે ગયા ને આવ્યા માલણને ઘેર; તે પ્રેમદા હરખે અતી ઘણી, પછી શી કીધી પેર, માત તેડાવી મેહેલમાં,, કહી માંડીને વાત, આ ફકીર બે નગરમાં ફરે, તેમાં એક છે મારો નાથ. ઓ હંસા જે કહે સહી, ઊંચી રાખી દ્રષ્ટ. એમ કહી મુજને સોધે સહી, ઘણુએક પામે છે કષ્ટ. હંસ સાથે હંસણી હું હતી, પુરવે માહારો એ ભરથાર. એ હંસ તાંહાં હતો સહી, ધરયો બેજણે અવતાર. હું અવતરી આ દેશમાં, તમો માતને તાત. કસ્તુરાવતી નામ તમે ધરયું, હું બોલતી તે નાથ, એક કશુંબા નામે નગ્ર છે, ત્યાનો ચીત્રસેન રાજંન; તેને પેટ જે હંસ આવીઓ, થઇને તેનો તન. બરાશ નામ છે તે તણુ; તેને પણ પુરવેનુંછે જ્ઞાન, માત તાત પરણાવા કરે, ત્યારે ના કહે સંતાન, મારી પુરવેની નારી મળશે, જ્યારે, ત્યારે પરણીશું તાત, હવે નામ લેશો પરણ્યા તણુ, તો કરશું દેહની ઘાત, ત્યારે માત તાત બોલ્યા નહી. ત્યારે વીચારયુ મન; એ વજીર સુત તેનો મીત્ર છે તે બંનો નીકળ્યા વન. તે નગરદેશ જોતા ફરે ઓ હંસા કરે પોકાર, ફટીર વેષે બેજણા, બાળેબહુ સંસાર, ફરતો ફરતો આવીઓ, આપણા નગર મોજાર; ત્યારે મેતેડાવ્યો માળીએ, પુછયો સઉ સમાચાર. તેણે અથ ઇતી સર્વે

કહ્યું. પુર્વેનું વ્રતાંત; નીશ્ચય થયો મારા મન વિશે. હવે ભાગી મનની ભ્રાંત. માટે અમને પરણાવો માવડી, ઝાઝું કહે શું થાય; તે ઉતરયો માળી મંદીરે; જઇ ચેતાવો રાય. વાત સાંભળી કુંવરી તણી, હઇડે હરખ નવ માય; હવે પરણાવું દીકરી, એમ કહીને મેહેલમાં જાય. જયારે રાજા ઉઠયો સભા થકી, આવ્યો મેહેલજ માંહ; ત્યારે રાણી ઉઠા ચરણે નમી, વીનંતી કીધી ત્યાંહ. આજ મન માન્યું કુંવરી તણું. ભાગો મનની ભ્રાંત; મને મેહેલમાં તેડાવી કરી, કહ્યું સર્વે વ્રતાંત. મારી પણ નીશાં થઇ, એ જુઠી નહિ વાત; પેલા ફકીર બે શેહેરમાં ફરે, કહે હંશા પસારી હાથ. એ કોશંખા નગરી તણો, ત્યાંનો ચીત્રસેન રાજંન; તે શોધવા નીશરયો હંસા નારને, એ છે તેનો તન. ૧૮

ચોપાઈ.

રાજાનું પણ હરખ્યુ મંન, સાંભળી નારી તણું વચન; કાલે પંડીતને તેડી દઊં માંન, શુભ દીવશ જોઇને દેવું કન્યાદાંન પ્રધાન મોકલીશું માળી અવાસ, તેડાવીશું સભા મોઝાર; પછે સુભ મુહુરત જોઇ કરી, પરણાવી આપીશું દીકરી, એમ કહીને સુતાં તે રાત, દીવશ ઉગ્યો ને થઓ પ્રભાત; સભામાં આવી બેઠો રાજંન, એટલે ત્યાં આવ્યો પરધાન. માન દેઇ બેસાડયો કને, પાસે બેસાડી વાણી ભણે; આજ પુત્રીનું માન્યું મંન, પેલા ભવનો મળ્યો સ્વામીન. માટે તમો શેના લેઇને થાઓ; માળી તણે મંદીરે જાઓ; પેલા ફકીર ગામમાં ફરતા જેહ, એ બે જણ ત્યાં ઉતરયાં છે તેહ. મેઘાડંમર પર બેસારો જઈ, વાજાં વાજતે તેડી લાવો અહીં; કહે પ્રધાન એ સારી વાત, હું મનમાં થયો રળીઆત. લેઇ શેના ને તતપર થયો, તે માળી તણે અવાસે ગયો; ત્યાંહાં જઇને કરયો પ્રણામ, ચાલો તમને તેડે રાજંન. આ ફકીર વેસ મુકી દીજીએ, રાજ વાઘે આપણે લીજીએ, સુંદર અંગે ધરો શણગાર, પધારીએજી રાજ દુવાર. ત્યારે રાજા હરખ્યો મન,મોઝાર, બે જાણ મળી કરયો વિચાર; અસ્નાંન કરી શુંદર થઆં શરીર, બે જણ જાણે બાવન વીર, વસ્ત્ર મોકલ્યાં છે તેહ, આપ અંગે ધરયાં છે જે; મેઘાડંપર પર બેઠા રાય, જેમ તારા મધ્યે ચંદ્રમાય. વજીરે

અસ્વે થઓ અસવાર, વાજીંત્ર વાગે અપરમ પાર; તેનુ સારંધર એવું નામ, રાજા તણા છે જે પ્રધાન. નોબતો નગારાં ગડ ગડે. ઢોલ તાંસાં બહુ તડ તડે; નાનું મોહુ નગરમાં રેહ છે જે, જોવા મળ્યું છે સરવે તે. તે બેઠા ત્યાં ચમર કરે, નીશાન જે નેજા ફરફરે; કસ્તુરાવતીનું ભાગ્ય મળ્યું, પેલા ભાનું અવે ધન્યજ મળ્યું. આ પેલા ભવ તણા ભરથાર, ધન ધન એ બેનો અવતાર; જેવું કસ્તુરાવતીનું રૂપ, તેવો સુંદર સ્વામી ભુપ. એમ નગર નારી કરે વખાણ, બન્યો છે એ ચતુર સુજાણ; એમ કરતાં આવ્યા રાજ દુવાર, રાજા ઉઠયો તતણીવાર. હાથ પકડયો ધરી ઉલ્લાસ, બેસાડયો પોતીકી પાસ; વજીર પાસે બેઠો જઈ, અન્યોં અંન્ય વાત પોતીકી કહી. તમો અવેથી હરખ્યા અમો, જીવતદાન દીધું છે તમો; અમ પુત્રીનુ માન્યું છે મન, અમો જાણુંછું તન મન ધન. તમો મોટા રાજાના કુમાર, અમારા ભાગ્ય તણો નહી પાર; હવે શુભ લગન જોઈ કરી, પરણાવી આપું દીકરી. ઘણું સંતોકી દીધાં માન, આપ્યા બીડાંને ફોફલપાંન; પછે જોશી તેડાવ્યો રાજન, કર જોડીને પુછે વચન. તમો રૂડા દીવશ શોધી કાઢીએ, અમો વીવા જગન માંડીયે; આ બરાસરાય ચીત્રસેનનો તન, કસ્તુરાવતી રૂપે રતન. તે બેને પરણાવશું અમો, રૂડો દીવશ ખોળી આપો તમો; ત્યારે જોશીએ નીરધારીયું. પછે રાજા આગળ વચન કહ્યું. આજ થકી રૂડા માસજ ત્રણ, ત્યાર પછે રૂડો છે દંન; વઈશાક સુદ તૃતીયાને સોમવાર, રૂડો દીવસ છે નીરધાર તે દીવશે લાઓ લીજીએ, કંન્યાદાન રાએ દીજીએ; સાંભળતાંમાં હરખ્યું મન, જોશીને આપ્યું બહુ ધંન. ૨૩

દોહરો

લગન નીસ્ચે કરયું રાયજી, વળાવો દઈને માન; ગોળ ધાણાં વેહેચાવીયા, વેહેચ્યાં ફોફળ પાન. નગ્ર મધ્યે જણાંવીયું વીહીવા કેરી વાત; કસ્તુરાવતી ને પરણાવશે, આ બરાસરાયની સાથ. હરખ્યાં લોક તે મન વીશે, રૂડું કીધું કાજ; કસ્તુરાવતી મહા ચતુર છે, તેવો છે એ રાજન. પછે માન દઈને વળાવીયા માળણ તણે અવાસ; વાજતે ગાજતે આવીયા, પોહોતી મનની આશ. ત્યારે રાજા હરખ્યો મન વીષે, કહ્યાં પરધાંનને વચંન; હવે લગન સામન તતબર કરો, ખરચો અદકું ધંન. રંગમં

ડપ તતબર કરો, બીત્રાવો ચોપાસ; મંડપ રચના અદકી કરી, જેમ પોહોચે મનની આશા. એમ દીવશ બહુ વહી ગયા, આવ્યો લગનનો દીવશ સાર; મંડપ રચાવ્યો મોકળો, થઇ રહ્યો જે જે કાર. પીઠી ચોળાતી પ્રીતશું, માનુની મંગળ ગાય; ઢોલ હમકારા વાજતે, રાજા પરણવા જાય. સામેલા ભલી ભાતનાં, ઘરરાએ અરવે અસવાર; નાહાનું મોટું નગરનું, જોવા ચાલ્યા નરનાર. કોઇ મેહેલ કોઇ જાળીએ, કોઇ ઝરૂખે સોય; કોઇ ઓટલે કોઇ બારીયે કોઇ ઘરમાં કોઇ બાહાર. મુખ જોઇને હરખે સહુ, બંનો સરખી જોડ; ગુણ લગન પુરણ થઇ, કશી વાતમાં નહી ખોડ. મંડપે વર આવીયો, સાસુજી પોંખે સોય; કુમ કુમ તીલક ભલે કરૂં, પોંખી તાણ્યુ નાક. માંહેરામાં પધરાવીયા, વીપ્ર ભણે સાવધાન; કપુરશેન રાજા સહી, આપે કસ્તુરા વર્નીનું દાન. હરખ ઘણો આપે ધરે, નર નારી રળીઆત; પરણી ઉઠયાં બંનો પ્રીતશું, વધાયા સરવે સાથ. ગોત્રજની પુજા કરી, વીપ્રને લાગ્યો પાય; દાન દીધાં બહુ અતી ઘણાં, માનુની મંગળ ગાય. ખાન પાન અદકાં કરયાં, ભોજન કરાવ્યું ગાંમ; વાજતે ગાજતે લાવીયાં, વહુ વરને ઠામ. એક મેહેલ આપ્યો રાએજી, પુત્રીને રેહેવા કાજ; શેવક શેવાને આપ્યા ઘણા, તેમાં રહ્યા પોતે રાય. ત્યાં ખાન પાન કરે ખાંતથી, કરે મન ગમતો ભોગ. બંન્યો તે સુખ ભોગવે, રૂડો કરે સંજોગ. રાજ સભામાં આવે સહી, ત્યારે રાજા દે બહુ માન; આદરમાન સરવે કરે, રાજા રઇયત પ્રધાન. ૧૯

ચોપાઈ.

એમ રોજ સભામાં અત્રેને જાય, રાજાને મન હરખ તમાય. એમ કરતાં વરસ ગયાંછે ત્રણ, ત્યારે રાજાએ વીચારયું મન; એક સમે એવાં નરને નાર, હાશ વીનોદ કરે અપાર; ત્યારે રાજાને સાંભર્યાં માબાપ, ઘણું દુઃખ પામ્યો તે આપ. નેત્રે વેહે છે આંસુની ધાર, નીસાસા મુકે અપરમપાર; તારે નારી વળી બોલી વચન, શું દુઃખ પડયું તમને સ્વામીન. આવડું દુખ થયું શા માટ, શું તમારા મનમાં થયો ઉચાટ; તારે રાજા કહે સાંભળરે નાર, મારા દુઃખનો નહી આવે પાર. મા બાપ હમારાં દુર રહ્યાં કાંઇ, શુંદરી અરથે આવ્યો છું અહીં; તે માહારા વીજોગે તજશે પ્રાણ, વાત કરતામાં થાશે હાંણ. મારી

પ્રભાવતી જે માત, તે અમવગર છવે નહી જાત; તે આજ સુ
ને સાંભળ્યાં માબાપ, તેથી દુઃખ ધરશું આપ. ૬

દોહરા.

નાગી કહે દુઃખ કાં ધરો, કહું મારા માબાપને વાત; ચેતાવું મારી માતને, હું આવું તમારી સાથ. કસ્તુરાવતી ત્યાંથી પરવરી, જ્યાં પોતીકો તાત; વાત કહે જાતાં તણી જ્યાં પોતીકી માત. તારે માત હરખ્યાં ઘણું. પુત્રી સુખે તતપર થાઓ; સાતસેં જોજનનું વીમાન છે, તેમાં બેશીને જાઓ; પ્રાણધર આપણા ઘર વીખે, રાખ્યો છે કરી જતન; તેની પાસે વીમાન છે, તે જાએ સાતશેં જોજન. પુત્રી પધારો સાસરે, એમ કહી માતા રોય; ખોળે બેસારી ચુંબન કરે, ફરી ફરી સામુ જોય. નમાણી જમણી તું થજે, રાખજે કુળ વેહેવાર; ગરમ થતી નહી દીકરી, નરમ થઇ રાખજે ભાર. દીકરી તે ધન પારકું, વસાવે પારકુ ધામ; અમો પાળી પોશી મોટી કરી, તે બરાસરાયને કામ. પછે જાતાની સજાઇ કરી, રાજા બોલ્યો તે વાર; પ્રાણધરને બોલાવીયો, કહું તમો થાઓ તઇયાર. વીમાન તમારૂ સજ કરો પુત્રી જમાઇને કાજ; એનાં માબાપને શોંપો જઇ, જ્યાં ચીત્રશેન મહારાજ. ત્યાં પ્રણામ મહારો કહેજો જઇ જ્યાં રાનશેન ભુપાળ; અમે ભગ્યશું વખાણીએ, કુંવરી પરણી તમ બાળ. ૧૦

ચોપાઈ

કસ્તુરાવતી બોલી વચન, સાંભળીએ માહારા સ્વામીન; એક પ્રાણધર નામે સુતાર, હમારા બાપે રાખ્યો ઘર મોઝાર, તેની પાસે છે વીમાંન, શું કરૂં તેનુ વખાણ. તે ઉડી જાએ સાતસે જોજન, તે ગુણ જોઇ રાખ્યો રાજન. ત્યારે રાજા સાંભળી મંન, પોતીકા વજીરને કહ્યાં વચન; આ પ્રાંણધરની કહે છે વાત, એ હોય દેવધરનો ભ્રાત. એક વિમાન છે આપાણી પાસ, ચારસે જોજનનો આવાસ. પછે પ્રાણધારને બોલાવો પાસ, વાત પોતાની કરી પ્રકાશ. સાતસેહે જોજનનુ વીમાન છે આ, તમો ક્યાંથી લાવ્યા તેહ; ત્યારે તેણે કહ્યું સહુ વરતાંત, ભાગી બહુ જણની બ્રાંત, પ્રાંણધર કહે સાંભળ વાત, એ વીમાન ઘડ્યુ મે હાથ. એક દેવધર નામે બીજો ભાઇ, તની કહું તે શી વડાઇ, ચારસે જોજનનુ છે જેહ. દેવધર પાસે છે વળી તેહ. સાતસે જોજનનુ મારી પાસ, અમો આવી રહ્યા રાજાને અવાસ,

ભાઇ અમારો દેવધર છે જેહ. તે વીના દુઃખીયા છઇએ દેહ, વીજોગ પડયો છે તેહેની સાથ, એવી માંગુધરે કીધી છે વાત.

દોહરા.

રાજા કહે માગધર સુણો, શીદ વેઠો છો આવડુ દુખ; અમો મેળવુ તમારા ભાઇને, શીઘ્ર કરશે સુખ. અમને ભાઇ મળ્યો હતો તમ તણો, તે વાત સહુ કહી પ્રકાર. ચારસે જોજનનું વીમાન છે, તેછે અમારે પાસ, સાંભળતામાં હરખ્યો ઘણું, ધન ધનરે રાજન. આજ બાંધવનો મેળો થયો, પછે સાંચુ કેસ્વપન. તતખર થયો વળી તે સમે, રાજા કરે વીદાય; રાજાએ ધન બહુ અપીર્યો, વળી પુત્રી વળાવી ત્યાંહ. સાતશેહેવાળા પર બેઠાં સહી. નર નારી બે સાથ: વીમાન બે તઇયાર કરયાં તે કહુ વીસ્તારી વાત, માંગુધરને વજીર સહી, તે ચારસે પર અસવાર; આગના માગી રાયની, જવાં થયા તઇયાર. મા કહે દીકરી સાંભળો. કહાવજે કુશળ એમ; જેમ જળ વિનાની માંછલી, હું તુજ વીનાની તેમ. એમ કલપાંત કીધુ ઘણુ, મુખે નવ બોલાય; સીતા પાણ એમ મીછવે, ગળ ગળીત થઇ જાય. વળાવી પાછાં વળ્યાં, પરધાનને સહુ લોક; રાજ સભામાં સહુ આવીયાં, પરહેસ પાછો શોક.

ચોપઈ

હવે એ વાત એટલેથી રહી, બેઉ વીમાંનપર બેઠાં જઈ; સાતસેહે વાળુ વીમાંન, તે ઉપર બેઠા રાજાન. સાથે બેઠા કસ્તુરાવતી, તે બેની શોભાંનો પારજ નથી; ચારસે વાળુ છે જેહ. તે ઉપર માંગધર બેઠા છે તેહ; સાથે બેઠા વજીરનો તન, એ રીતે ચાંલ્યા ચારે જણ. ભર દરીએ ચાલ્યું જેટલે; શું કઉતક થયુ તેટલે. સો જોજન જ્યારે તે ગયા, ભર સમુદ્રે તેતો આવીયા; ત્યારે રાજાએ વીચારયું ખરૂં, મહરૂ વીમાન તે આગળ કરૂં. એમ વીચારી ખેંચી દોર, કીધુ રાએ અદકુ જોર; વીમાન સડસડાટ ચાલ્યુ જેટલે, માંગધરે જોયુ તેટલે. એ માહારાથી આગળ જાય, માહારા કીશાબર્થી આગળ થાય; માટે એને આગળ જવા કેમ દેઉ; પલક એકમાં પકડી લેઊં. તે પણ કઆંશી મરડી સડી. ચાલ્યુ તેની બરાબર રહી; બરાબર ચાલ્યાં જેટલે, માંહો માંહે અથડાયા તેટલે. રાજાનુ વીમાન ભાગી ગયું, એટલેમાં શું કઉતક થયું. હાંહાં એમ કરયો પોકાર, વીમાન પડ્યુ

દરીઆ મોઝાર. ફાંહાં એમ કહ્યાં વચન, વીમાન ગયુ છે દશ જોજન એ રાજા રાણી જળમાં ગયાં. પેલાં બે જણ મારગ વહ્યાં. નારી જળમાં પડી જેટલે, એક મછે ગળી તેટલે; તે મછ ભર જળ માંહે વહ્યો. હવે રાજાનો ઉપાય શો થયો. અથાક જળમાં પડયો છે સહી, વીમાન તો પડયુ છે તહીં; ભાગુ પણ લાકડુ કહેવાય, તેને વળગી પડયો છે રાય. જીવ્યાની આશા મનમાં નથી, પણ ધીરજ રાખી સરવથી; રૂદેમાં સમરયા શ્રી ભગવાન, તુંહી તુંહી એમ ધરે છે ધ્યાન, તું મને ઉગારે સ્વામ, સમુદ્રમાં પથરા તારયા રામ; તું જળને સ્થાનક સ્થળ કરે ને સ્થળને સ્થાનક જળધરે. એમ શાત દીવસને સાતે રાત; દુખ વેઠયું રાજાની જાત; આઠમો દીવસ થયો જેટલે, બેટ એક આવ્યો તેટલે. લાકડુ તણાઇને આવ્યુ ત્યાંહ. જ્યાં બેટ એક છે ત્યાંહ; બેટ ઉપર નહી કે જન એકલો જઇ ઉભો રાજન, ચારે પાસે જળ દેખાય, ઉપરતો વાદળ જણાય. હાં કસ્તુરાવતી માહારી ગઇ, ને મારી આ ગતી સી થઇ. કયાંહાં ગયો મારો મધાન. જે ગુણ સાગર છે ગુણવાન. હવે હું ક્યાં રહુને કયા જઉ, આ બેટ ઉપર તે શુ ખઉં. જુવાળનુ પાણી આવશે જેટલે, બેટ ઉપર ફરી વળશે તેટલે; કોણ હવે મુને રાખણહાર. એમ ચંતા કરે રાજ કુમાર. એમ બાપડો થઇને સઘળે ફરે, કસ્તુરાવતીનુ ધ્યાનજ ધરે. માહારી નારી તે કયાંહાં ગઇ, આ હાથેરતન રાંક હવે છાજયું નહી. હાય મેંજુઠો કીધો વીચાર, પરપંચે પરણ્યો હું નાર; મેં જાણ્યુ મારી થઇ નાર, હવે એ નારી કયાં જાનાર, મે પેલા ભવની વાતજ કહી. ત્યારે મુને પરણી સહી. પેલા તપશીએ મેહેણુ દીધુ જેમ, કસ્તુરાવતીને પરણ્યો તેમ. તે હું પરણ્યો પરપચે કરી, જઇ જોતામાં હરૂખ સુંદરી. મે જાણ્ડું તપશાને લાગુ પાય, દેખાડુ કસ્તુરાવતી ન્યાય. મારૂ ધારયું તે કયાં ગયુ, ઇશ્વરનુ ધાર્યું તે આગળ થયુ એમ કરીને કરે રૂદન, કોણ સાંભળે તેનુ વચન. ૨૩

છપા

કરમવશ ફીરતાર, કરમ ફીરતાંજ આવે; કરમ ડાપણ આવે [illegible] [illegible]

[illegible]

ખ દુઃખ એ કરમ, શામળભટ સાચુ કહે. કરમથી પ્રથ્વીપરરા જ. કરમથી ભીખજ માગે કરમથી વાહન બેશ નાર, કરમથી દાડે ઘોડાંની આગે; કરમે ડાહ્યા જન, કરમે સહુ ઘેલો કહે; કરમે સહુનો પાલણહાર, સહુ આધીન રેહે છે; કરમ કરે તે કોઇ નવ કરે, સુખ દુઃખ હાણ વરધ સહી, કરમે કસ્તુરાવતી મરી સહી, વળી ફરી આવ્યા અહીં. ૨

દોહરા

એમ કલ્પાંત કુંવરજ કરે, પછે વીચાર્યું મનશુ જ્ઞાન; નાગે મુજને કહ્યું હતું, પછે તેનુ ધરીયુ ધ્યાન. ઇષ્ટદેવ તુ માહરો; હું તારો છું બાળ; કષ્ટ પડ્યું મુને અતી ઘણું, અતી કરો સંભાળ. તમે મુજને કહ્યું હતું, સંભારો એ વચન. કષ્ટ પડે મુજને સંભારજે, તે આવી કરો સહાય. એમ અરતુતી કીધી ઘણી પ્રસન થયો તે નાગ. એક દોરો મંત્રી હેઠે નાખ્યો સહી. ફળીયુ કુંવરનુ ભાગ. દોરો લીધો તે કુવરે, મનમાં વીચારી વાત; આ દોરો કયાંથી આવીઓ, યાંહાં નથી માનવની જાત, તે દોરો લીધો હાથમાં, બેઠાં બેઠાં કીધી રમત, પગ અગુઠે બાંધ્યો સહી; એટલે થઇ ગયો પોપટ. તેવો ઉડ્યો ગગનમાં, ચીત ધરી ઉલાશ; હવે મોત થકા તો ઉગાગ, એમ કહી ચાલ્યો અકાશ. હવે એ વાત રહી એટલે, કહુ નારીની નેટ; તે સમુદ્ર માંહે પડી, તે ગઇ છે મછને પેટ; તે મછ ત્યાંથી ચાલીઓ, એક જોગવતી નગરી મોઝાર. ત્યાંહાં ઢીમરે જાળ નાંખી સહી, આવ્યું તે ફાંદા માંહે. તે નગર પોતીકે લાવીઓ, તેનુ વધ કર્યું છે તાંહે; માંહેથી સ્ત્રી નીકળી, અધસસતી તે જાણ. શ્વાસો શ્વસ કાંઇ છે નહી, ઘડી બે ઘડીએ જાશે પ્રાણ; એવી અવસ્થા જોઇ નારીની ઢીમર લાવ્યો રાજભોવંન. શેવક મોકલ્યો પોતા તણો, મોકલી ત્યાં સુખપાલ; તેડાવી પોતા કને, જોયા તેના હવાલ. રૂમાં ભારી શેક કરાવીઓ, ત્રણ દીવસ એમ સાર; જીવ શાંતી પામ્યો સહી, ત્યારે કાંઇ ચેતના થઇ નાર, તારે ઉડવા બેસવા માંડીયું ત્યારે રાજા હરખ્યો મર. એમ કરતાં પ્રભુ કીરપા કરે, તો સારી થાય અસ્ત્રી જન. ઓસડ વેસડ કરે અતી ઘણાં, એમ કરતાં માસ થયા છે ચાર; ત્યારે હલે ચાલે સહી, સાજી થઇ તે નાર. માત તાત કોણ તમ તણા કોણ તમારો છે ભરથાર; કોણ દેશમાં રહો તમો, તે સાચી ક

હોને વાત. જો જુઠી વાત બોલો તમો, તો ઈશ્વરની આંણ; તા રે નારી કહે નરપત સુણો, માહારા કરમની કાંણ. અથ ઈતી માંડી કહયું, જુઠી નહી બોલુ વાણ; કપુર શભાવતી દેશ માહા રડો, ત્યાંહાંનો કપુરસેન રાજન. કપુરાવતી રાણી સાહી, તહેન ણી હું તન; કસ્તુરાવતી નામ છે માહરૂં, લડેકવાઇ અપાર. માત તાતને વહાલી ઘણી, મુને બહુ લડાવે લાડ; સવાશેર કસ્તુરી ચોળી કરી, નીતે હું તો નાહું. મારા બાપ પરણાવવા કહે, પણ મનમાં હું નવ ચાહું, પુરવનુ જ્ઞાન મુજને હતું, તે મ ળ્યો ભરથાર. તે ચીત્રસેન રાજા તણો. બરાશ નામે કુમાર; તે રણ્યો મુને પ્રીતથી, સાસરે જતાં હતાં સાર. વીમાન હતુ તેભા ગી પડયું, ભર દરીઆ મોઝાર; તે કંથને હું કામની, પડીયાં અગણ્ય નીર. ત્યાંથી માહરો દુખીયો થયો, જે હતો બાવનવી ર; મને ભાંન મહારૂ નથી. જે કયાંથી આવી આ ઠામ. કોણ દેશ કોણ રાજા તમો શું છે તમારૂ નામ.

ચોપાઈ.

તારે રાજા તે વીશમે થયો વળતો બોલ કુંવરીને કહ્યો; અરે બેન તું લડકવાઇ, કપુરસેન હતો મારો ભાઇ. તતો મારા કાકાનો છોકરો સાર, પ્રીત્રાઇ છે પણ મીત્રાચાર; તેની પુત્રી કસ્તુરાવતી, અરે બેન તારી આ શી ગતી. અમ ઉપર બહુ રાખે હેત. સોંપે તનમન ધન સમેત; તારૂં મુખ જોવા પામે નહી લોક. તેની ગતી આમે કેમ હોય. રાણી બાઇ આવી તે ઠામ, સુલોચના છે તેનું નામ; તેણે સાંભળ્યું એ વરતાંત, અતીશે માંડયું છે કલપાંત. રાજા પણ કરે રૂદન, તે મન ધરે જુ ગજાંન; ત્યાંહાં નહી રાણીને બાળ, તેના શા થયા હવાલ. કસ્તુરાવતી કરે રૂદન, હાય કયાંહાં ગયો મારો સ્વાંમીન; અમારા હઇડાનો હાર, પ્રીત અતીશે અપરમપાર. માહારે તેની સાથે છે કામ; કયાંહાં ગયો એ માહારો સ્વામ; તોડે કેશને હઇડું હણે, બરાસ બરાસ મુખેથી ભણે. સહુએ મળીને પ્રીછવે નાર, કાલે મળશે તારો ભરથાર; પરમેશ્વરે બચાવી તુને, આવી મળી કુટંબ સહુને. તે પરમેશ્વરે કરી હશે સાહાય, કાલે આવી મળશે આંહાં એમ વીનવે નગરનાં લોક, પણ શોચે નવ ટળે શોક. પછે વીચારૂ કસ્તુરાવતી, ધીરજ માહરી રેહેતી નથી; હવે સંભારૂ સીતાપતી રામ, તે મેળવશે માહારો સ્વાંમ. પછે

ખારીએ શું કીધું સહુી રૂદન તજીને છાની રહો; રાજા પ્રતે કહું તે કાંમ, માહારૂ એક કરોને કામ.

છપો

પુત્રી કહે સુણ તાત, વાત એક માનો માહરી; સ્વામીને જોગે જોગ, ભોગ શા કામનો ભારી, શણગાર સજુ નહી અંગ, સંગ નહી સાહેલી; આ મેડી મેહેલ અવાસ, રાહુ જાએ મેલી; ખાંન પાંન ધન ધાંન, તે ઉપર નવ ચાવું; સતાપાશેર જવનો લોટ, ત્રીજે દહાડે ખાવું કાયો રંગ નેરાગ, અંજન મંજન કરવું નહી; માહારો સ્વામી મલશે જાહરે, ત્યાં લગી કરવુ સહી; એક સપેત વસ્ત્ર ધરવું અંગ, સંગ રાખુ જપ માળા; ધરૂં સમુદ્રનું ધ્યાન, સુખ કોણ આપે ટાળી; હું તજુ મુખ તંબોળ, બોલ માનો આ સાચે; મને સ્વામીનો પડ્યો વિજોગ, કરમનો અક્ષર કાચો. શ્રી રામજી કરૂણા કરે, હું કહુ તેમ કરવું સહી; જ્યાં શુધી સ્વામી મળે, ત્યાં સુધી પાણી આહી; એક નવું કરી આપો વાહાણ, સત સારેલી દો સાથે; રહું દરીઆની માંહે, અવશ્ય સ્વાંમીજીને હાથે; ત્યાંહાં ધારૂં સમુદ્રનું ધ્યાન, જ્ઞાનમાં રાખું એવું; તુહી તુહી કરે સાહાએ, મુખ વાણી એવી ભાખું. એવું કહીને નાર, રહી ગઇ છે છાની; સાંભળી રાજાએ વાંણ, વાત કુવરીની માની; એક વાહાણ નવું કરાવી આપીઉં, સત સાહેલી સાથે; સમુદ્ર વચ્ચે સુંદરી, કસ્તુરાવતીને કષ્ટ અતી.

ચોપાઈ.

હવે એ વાત એટલેથી રહી, મણધર ગુણ સભાવની રીગત થઇ; તેનું વીમાન આગળ કહાડ્યું જેટલે. વીચાર મનમાં કરયો તેટલે. હવે રાજજી પછવાડે રહ્યા આપણ બેહુ જણ આગળ થઆ; વીમાન ભાગી પડ્યું દરીયા માંયે તે બે જણ વાત નવ જાણે કાંઇ. એમ ચારસેહે જોજન ગયા જેટલે, વીમાન અટક્યું તેટલે; તે મનમાં પામ્યા હુલાસ, આવ્યા આશાવરી નગરીને વાસ. બે જણ આવ્યા નગર મોજાર. જ્યાં દવધર રાજ કરે સુતાર; રાજ મેહેલમાં ગયા જેટલે. દેવધર ભાઇ દીઠો તેટલે. માઝ ઘરે ... લાઇ, તન ... [illegible]

[illegible]

ઈ બે બેઠા પાસ; ગુણ સભાવ પણ બેઠો સહી; એક એકનીવી
ગત સહુ કહી, દેવધર પુછે ફરી પ્રાણુંમ. કોહોજી કાંહાં ગયા
છે રાજંન: તેણે નેત્ર ભરીયાં નીર, વજીર સુતને નવ રહી
ધીર. ત્યારે પ્રાણધર બોલ્યો વચંન. પછવાડે રહ્યા છે રાજંન;
સાતસેં જોજનનું વીમાન છે જેહ. તે ઉપર બેઠા છે તેહ. રા
જા પરણ્યા છે કસ્તુરાવતી, એની જોડ પ્રથ્વીમાં નથી; તે પ
છવાડે આવે રાજંન, અમો આગળ આવ્યા બેહુ જણ.

દોહરા.

એમ વાત કહી સહી, થઓ બહુ રળીયાત; રાય સંમુદ્ર માં
હે પડયો તે નથી જાણતું કોઈ વાત. દેવધરે તઈયારી કરી, શા
ક પાક સાવધાન; ભોજંન કરીએ આપણે, જો આવી ચડે રા
જંન. વટ જુએ બહુ રાયની થયો ઘણો ઉચાટ; આ આ
વ્યા એ આવશે, એમ જુવે ચોદશે વાટ. પછે વજીર સુતને
ધીરજ નવ રહી, થઓ અસ્વે અસ્વાર; દેવધર પ્રાણધર તે
સાથે થયા. આવ્યા નગરની બાહેર. તે સમુદ્ર કાંઠે
આવીયા. જુએ ઊંચી કરીને દ્રષ્ટ; નીહાળી નીહાળી જુએ
ઘણું. મનમાં પામે બહુ કષ્ટ. એમ સાંજ પડી ગઈ બાહેરે, ત્યા
રે થયા નીરાશ; દેવધરને વજીર સહી, પાછા આવ્યા અવાસે.
ભોજંન કીધું મન ભંગથી, કેમ આવ્યા નહી રાય; એમ ત્રણ
જણા વાતો કરે. આકુળ વ્યાકુળ થાય. દુઃખે રાત એમ વહી
ગઈ. ને થઓ ઉગ્યો પરભાત; ચંતાતુર છે અતી ઘણાં, સુજે
નહી કંઈ પેર; રાજકુંવરને મુકી કરી, હવે જાવું શુ ઘેર. એ
મ વિચારયું વજીર સુતે. તજ્યે સકળ સંભોગ; ફકીર થઈને
નીકળ્યો. આપે લીધો જોગ. દેવધર પ્રાંણ ધરવાને સહી, પણ
માંને નહી તેનું મન રાજકુંવરને કારણે, ફકીર થઇ નીકળ્યો
વંન. દેશ દેશ તેને સોધતો ફરતો ફરતા વંન ખાવુ પીવું
નીદ્રા તજી, જો જડે રાજાનો તંન.

ચોપાઈ.

એ વાત એટલેથી રહી, રાજ કુંવરની શી ગત થઈ; તે પોપટ
ઉડયો આકાશ. મનમાં પામ્યો છે હુલાસ. દીવસ ઘણા ગયા
છે વહી. ઉડતો ઉડતો આવ્યો તહી; મધ દરીઆ વચે છે વાંહા
ણ. ત્યાહાં પોપટ આવ્યો નીરવાંણ. દીવસ ઘણા ગયા છે વ
હી, ઉડતો ઉડતો આવ્યો તહીં; તે મુખે જપે શ્રીરામ, વળી.

લે એ કસ્તુરાવતીનું નામ. ધજા બાંધી કુંવરીએ સહી, તે ઉ
પર બેઠો છે જઈ; મધુરે સ્વરે બોલે વાણી, વીંધાયા તે નારીના
પ્રાણ. મુકી સમુદ્રનું ધરતી ધ્યાન, શાણાએ તો મડા દાન;
વળી ક્ષણમાં છાનો રેહે. વળી ક્ષણમાં શ્રી રામજી કહે. વળી
કેહે કસ્તુરાવતી, મને તે વીના રેહેવાતું નથી; કસ્તુરાવતી બો
ચંન. આ શું બોલે છે પખી જન. સખી પ્રત કેહે વચંન, એ
પંખી છે ચતુર સુજંન; તમો ધીરે ધીરે ઉપર ચડો, પાસે જઈ
ને છાંના રેહો. રખે પંખી એ ઉડી જાય, જો આવશે એના
જાણમાંય; લઘુ લાઘવી કરવી સહી, જેમ તેમ પંખીને લાવો
અહીં, દાસી કેહેરે સાંભળ બાઈ, એ વાતની ચંતા કરવી નહીં;
એમ કહીને ઉપર ચડી, જઈ પોપટને પાસે અડી. ચતુરાઈ
ચલાવી ઘણું ઝટ પોપટને લીધો પકડી, લઘુ લાઘવી કીધી તાંહે,
પાસે જઈને ઝાલ્યો પાય. પંખી કેહે શા માટે લેએ, દુઃખીઆ
ને કાં દુઃખજ દેએ, હેઠી ઉતરી તતક્ષણ તહીં. આવી રાણી પાસ
ઉભી રહી. પોપટ તેણે મુક્યો પાસ, કસ્તુરાવતીની પોતી આ
શ; કસ્તુરાવતી કેહે પોપટજી સુણો, સાચા વાત અમ આગળ
ભણો. પોપટે ઓળખી તે નાર, ત્યારે નેત્રેથી વરી આંસુધાર;
ટગમગ જોયાં કરે છે તહીં, ત્યારે નારીએ વાણી કરી. પોપટ
ભણો છો કોનું નામ, ક્ષણુંમાં લ્યોછો શ્રી રામનું નામ; તો
સામા મુકો શા માટ, તમારે આવો શો ઉચાટ. તમો પંખી
ને એવડું શું જ્ઞાન, કયાંહાં તમારૂં લાગ્યું છે ધ્યાન.

દોહરા.

પોપટ કેહે પંખી અમો, પણ અમારી એવી રીત; કસ્તુરા
વતી કુંવરી જે શેઠની, અમારે તે સાથે પ્રીત. એમ કહી ચર
ણ આગળ ધર્યો, અરે પ્રેમદા દોરડો આ છોડ; વાત કહું મન
ના તણી, તો પોહોચે મનના કોડ. ત્યારે દોરડો છોડ્યો નારીએ
તતક્ષણ પોહોતી આશ; એ સુરવીર થઈને રહ્યો, જુઓ તો રાણી
બરાસ. જખબર થઈ ગઈ તે રાણી, લાગી તેને પાએ; આ સાચુ
કે સુપનું સહી, એમ થોડી થોડી થાય. તમ વીના હું ટળવળુ,
છેક થઈ નીરાશ, ભલે આવ્યા મારા કંથજી, આજ પોહોતી મા
રી આશ. જળવીના જેમ માછલી, તલપ તલપ જીવ જાય. તે
મ હું તમ વીજોગથી, મારી કાયા અકળાય. આજ સમુદ્ર દેવે
માહેવા કરી, મળ્યા આવીને કંથ; તમ વીજોગથી વહાણમાં, આ

વીને રહી, જોઆં કરૂ રોજ પથ. કંથ કહે છે કામની, મારા એહ હવાલ પંખી રૂપે વનમાં ભમુ, આણુત મારો કાળ. જો તુ મળત નહી માનની, તો નીચ્ચે તજતે દેહ. પણ પરમેશ્વરે મેળવ્યાં. ભાગ્યો મંન સંદેહ નારી કંહે કહો કેમ થયું, કેમ પામ્યા સમુદ્ર પાર; પંખી રૂપ તમે કેમ થયા, કેમ આવી પોહોતા આ ઠાર. ત્યારે ભરાસ રાય એમ બોલીઆ, સાંભળ નારી વાત. વીમાંન ભાગ્યુ જળમાં પડયા, ત્યારે બેજણ હતાં સાથ. તુ તો બુડી જળ વિષે, હું જઈ પોહોતયો તે ઠાર; વીમાનનુ લાકડું હાથમાં રહ્યું, તેથી ઉતરો જઈ બેટ. મેએ રતુની કીધી નગની. તે મુજ હંસ કેહેવાય. હવે અંત્રીક્ષથી આ દોરડો, આવી પડયો જળ માંહે. મે જઈ લીધો હાથમાં, કીધી રોજ રમત. મે પગ અંગુઠે બાંધીઓ, તે હુ થયો પોપટ. ત્યાંથી ઉડયો આકાશમાં ફરયો ઘણાંએક ગામ; ત્યાંથી ફરતો ફરતો આવીયો, આ વહુંણુજ કેરે ઠામ. મન માન્યુ આજે માનની, મળી નારતું તરત. નહી મળત જો તું મુજને તો હું પામતો મરત. એહ હકીકત માહરી, હવે તાહારી કહે મુજને વાત, સમુદ્ર મધે તું પડી, ત્યાં કેમ બચીતું ઘટ; ત્યારે નારી કહે સુણ નાવલા મારા મનની વાત. જળ મધે હું પડી સહી, એટલે ગળી ગયો એક મછ, મછજ ત્યાંથી આવીયો, આ જોરાવતી છે ગામ. મારો પીત્રાંઈ કાકો રાજ કરે, જેનુ ચીત્રરથ નામ. મછ આવ્યો આ ગામમાં, ઢીમરે નાંખી જાળ; મછમાંથી નીકળી છવતી. લાવ્યો સભામાં તતકાળ. શેક દીધો મને આવી ઘણું, ત્યારે સુખી થઇ સરીર. ત્યારે વ્રાત મુજને પુછીયુ, પછે નયણે ભરીયાં નીર. પુત્રી કરી, રાખી મુને, ઢીમરને કીધો નાહાલ. તમ વીજોગે હું અહી રહી, એ કહયો મારો હેવાલ. એમ કહી ચગણે નમી, લીધુ અલીંઘન; મન માન્યું માનુની, આજ દીવસ છે ધંન ધન. આજ વીજોગ ભાગ્યો સહી, મળ્યા મુજ ભરથાર; અશા પુરણ મારી થઇ, ધંન ધંન તું કીરતાર, હવે ચાલો સ્વામી પધારીએ, આપણા ગામ મોજાર, હવે મેહેલમાં માહાલીએ હવે કાંએ લગાડો વાર. વાત સાંભળીને હરખાઓ ભેટયો ભામનીની સાથ; ચરણે અલીંઘન છુટે નહી, ભીડી બે બાથે બાથ. ૨૯

ચોપાઈ.

ભામનીને ભેટયો જઇ, કામની કહે હવે મુક નહી; કહે,

રાસ સાંભળરે નાર, આપણ જઇએ શેહેર મોઝાર. સમુદ્ર મધ્યે રહીએ સહી, જાર વેહેવાર કરવો ઘટે નહી; એવું કહીને મુક ્રી બાથ, દાશીને બોલાવી કરી વાત. તમે જાઓ રાજાની પાસ, આ વાત સર્વે કરો પ્રકાશ; કહીએ સમુદ્ર દેવે કરી છે સહાય, આવી પોહોચ્યા છે બાગ સરાય. એમ કેહેતાં દાશી તતખર થઇ. જઇ રાજાને વાતજ કહી, સાંભળીએ ચીત્રવરમા માહાર.જ, સમુદ્ર દેવે કીધું આપણું કાજ. પોપટ રૂપે પંખી સાર, આવી બેઠો વખાણ મોઝાર; કસ્તુરાવતીનું માંન્યું મન, એતો નિકળ્યો ચીત્રસેનનો તન. સાંભળતાં રાય વીસ્મે થયો, પ્રધાન પ્રત્યે બોલજ કહ્યો, સૈન્યા સઘળી તઇયારજ કરો. રાજા કહે વળી હરખે ભરયો. પુત્રીનો આવ્યો ભરથાર તેડી લાવો નગેર મોઝાર; એમ કહીને તઇયારી થાય. તેડવા આવ્યા ચીત્રવરમાય. વાજતે ગાજતે આવ્યા તરીં, મોતીડે વધાવ્યા લઇ; સભામાં બેઠા રાજન, પાસે બેઠો ચીત્રશેનનો તન. એક એકનાં કહ્યાં વ્રતાંત, ભાગી સઉના મનની ભ્રાંત; રાજ સભામાં આવે રાય, સાંજે ઉઠી મેહેલમાં જાય. નવો મેહેલ આપ્યે રાજન, મેહેલમાં રહ્યાં નરનારી જન; ખાય પીએ ખુશી કરે, એક એકને પ્રીત જેવી ચંદ્ર ચકોર, પ્રીત જેવી બપઇયા મોર. પ્રીતે જેવી જલ માંછલી સાથ, પ્રીતે જેવી ચંદ્રમાને રાત. એક ઘડી અળગાં નહી કોય, બેહુની પ્રીત સમોવડ હોય; કામની કંથ કરે કલોલ, એક એકના પડતા ઝીલે બોલ. એક એકને કંઇએ નહી દાવ, ઘણી પ્રીતને રાખે અદકો ભાવ. રાજાનુ મુખ જોઇને દાતણ કરે, રાજા ઉપર હેત અદકુ કરે. ખાય પીએને રંગે રમે, એક એકનુ મુખડુ ગમે. એક દીવસ પછે રાજાએ પોશાક પેહેરીને તતપર થાય, સભામાં જવા તઇયાર, મંગાવ્યો અશ્વ તેને ઠાર.

દોહરા.

ત્યારે કસ્તુરાવતી કહે કંથજી, સાંભળો મારી વાત; આજ બહાર વેહેવાર કરવો સહી, છેડો ઝાલ્યો હાંથ. આજ સભામાં જશો, નહી. આપણ કરીએ રંગ વીલાસ; ખાન પાન કરીએ અતી ઘણાં, પુરણ કરો મુજ આશ. તારે કંથ કહેરે કામની, દીવશે નવ કરીએ ભોગ; અમો સભામાંથી આવ્યા પછી, મેળવશું સંભોગ. નારી કેહે નહી માનીએ, આજ જવા નહી દેઉ; વળી વીઘન કાંઇ*ઉપજે, માટે લાહાવો લેઉં. એમ કહી વળગી

પડી, તારે વીચારયું રાજન; હું કહ્યું કરૂં કામની તણું, હોશે પુ મન. લુગડાં ઉતરાં રાયજી, કીધો સુભ સંભોગ મન મનાવ્યું માનુની તણું, ભાવતો કીધો ભોગ; રંગ રાગ કીધા ઘણા હેવે પડી છે રાત; ત્યારે નારી કહે રાય સાંભળો, શેહેજ સમાગમ વાત. તમો રીશ ન કરશો રાયજી. તો કહું એક વાત વીચાર; હું તો સેહેજ ભાવે કહું, પણ ક્રોધ ન કરશો લગાર. ત્યારે બરાસરાય એમ બોલીઓ; એશું બોલી વાત, તુજ આધીન હું થઇ રહેયો, તુને સોંપુ તંન મંન જાત. માટે કેહેવું હોય તે કેહે મુને, શાને ચીંતા કરો છો મન; કોટી ગુનો બખશું તુને. મનાવું તારૂં મન. ત્યારે કસ્તુરાવતી કહે સાંભળો મારા મનનો વીચાર; નારી માંહે મોટા ઘણો, ચતુરા ચતુર સુજાણ. અતે બુધ તેની પાનીએ, શું ઉપનું ત્યાં અગનાન;

છપ્પો.

રામામાં સુભ રૂપ, રામા સુભ પેતે; બાળામાં બહુ ગુણ બુદ્ધ, નીગમે બહુ આટપટી. જાણ અજાણ સહુ જાણીએ, સામળ કેહે બહુ ગુણ સહી.

ચોપાઈ.

માટે નારીનું મુરખ નાંમ, જો જો હવે શું કીધું કામ; એ શું બોલી સ્વામીની સાથ, તે તમને સંભળાવું વાત, નારી કેહે સાંભળ ભરથાર. શેહેજ વાત કહું આ ઠાર; નારી તે મોટી સરવથી, પુરૂષમાં કાંઇ પ્રાક્રમ નથી. નારી મન ચાહે તે કરે, પુરૂષથી એકે અરથનવ સરે; મેં આજ કીધું મંન નોરધાર, જવા નવ દીધા સભા મોઝાર. જો નારી જવા મન કરે, તો સો તાળામાંથી પરવરે, માટે નારી છે ચતુર સુજાણ, પુરૂષ જાણું છું અગનાન. તમો છો રાજાના તંન, તમો જેવું નથી કો અંન્ય; તમો ફકીર થયા માહારાજ, તે પણ નારી કેરે કાજ. માબાપને મુકયાં પરહરી ને હુંશા હુંશ મુખે કરી; બહુ દુઃખ વેઠયું જાહરે, હમો તમોને મળ્યા તાહરે. નારી આગળ નર કોણમાત્ર, તમોસાચી માનજો વાત;હંશ આગળકાગડો જેમ, ઘોડા આગળ ગરધવ તેમ. ગંગા આગળ જેમ ખાડીઓ, અશોક આગળ જેમ વાડીઓ; કંચન આગળ કથીર જેમ, નારી અગળ પુરૂશ તેમ. એ સાચી કે જુઠી વાત, સાચુ કોહોને, મારા નાથ: સાંભળતાં કસ્તુરાવતાનાં વચન, દીંગ મુંઢ થયો પે

તે રાજંન. તું તો એવું બોલી નાર, તું શું મનમાં નથી કરતી વીચાર; નર વીના તે નારી કશી, કેમ બુદ્ધી આજ એવી વશી. કાંઇ એમાં થાશે વીઘંન, ફરી ન બોલીશ એવું વંચન; નર થકી નારી મુકે માન, નારી હાલવી પીંપળ પાન. ત્યારે નારી બોલી ફરી, એ વાત તો તમે ખોટી કરી; નારીના વડે નર હોય બાકી નરને માને નહીં કોય. નારી આગળ નરનું શું જોર, જાણે કેદમાં રાખ્યો ચોર; નારીથી નર નીચ હોય પણ નરથી નારી નહીં કોય, દેવ દાનવ કે માનવી સહી, પણ નારી આગળ માનજ નહીં.

છપ્પો.

કરાણ મરાણ બલી રાજંન, કારવ પાંડવ જે સુર; માનધાતા જે મહીપતી; તે પરતાપે પુ; ઈંદ્ર ચંદ્ર હરીચંદ્ર જે સતવાદી રાજા ધ્રુવ અમરીખ પ્રલાદ, જેહ ભગતમાં જાજા; સુગ્રીવ ઘણા કહ્યા, પણ નારી આગળ તે શી મણા; સુરા થઇ ધરે સમશેર રણમાં જુધજ કરતા. ૧ ચુકવે ન્યાય અન્યાય, પ્રથવીનો ભાર શીર લેતા, વળી ચઉદ વિદ્યા ગુણ જાણ, બહુ ડાહાપણ ચતુરાઈ; કામણ દુમણને વશીકરણ, પીખવાતે રેહે વડાઇ, વિશ્વ વખાણ તેના કરે, સાત સમુદ્ર તરે સહી, પીસાબ વાટે નીસર્યા માટે નારી મોટી સરવે કહી. ૨

ચોપાઈ.

એવી વાત કહી જાહરે, રાજાને દુઃખ લાગ્યું તાહરે; હમણાં હાંશીમાં થાશે હાણ, એમ રાએ જાણ્યું નીરવાણ. નરનારીની ઉતપત જેહ, નર થકી થાય છે તે. નર વીના નારી શું કરે, નારી તે નરને આશરે. એ ઇસ્વરની સરવે ગતી, એમાં તુંને હું જાણતાં નથી; એમાં ખાલી શું તાણે ભાર, એ કરતા હરતા સહુ કીરતાર. નર કરે તે નારીથી નહીં થાય, નર આગળ નારી કોણ કેહેવાય; ત્યારે બોલી કસ્તુરાવતી, નારી આગળ નરનું ચાલતું નથી. તે ઉપર કહું એક દ્રષ્ટાંત, ભાગુ તમારા મનની ભ્રાંત; નારી પણ પ્રક્રમ છે જેહ, તમ આગળ સંભળાવું તેહ. ૫

દોહરા.

કારકોન એક નગ્ર છે, તેનો દીલીપન રાજન, સતવાદી રૂડો ઘણું, વસે અઢારે વરણ. ત્યાં વીસોશ્રીમાળી વાણીયા, તેજ

નગરનો શેઠ; લખમી અલખ છે તેહને, પાંચ પુત્ર છે પેટ. દાને માંને ડાહાપણે, શકુ વાતે સમરથ; આગ્યા માને સરવક્રોએ આગળ સહુ વ્યર્થ. વીરચંદ નામજ તે તણું, માનબા તેની નાર. સોમદત્ત વીરદત્ત રીખવને, સોપ્યો સઘળો ભાર. કનકાવતી નામે કામની, તે સોમદતની નાર; રૂડી શોભાનો તે ઘરનો રાખે ભાર, તે સુપ્રીત રાખે ઘણી, સોમદતને વ્હાલી માણ; નરને નારી તે માને નહી, ખોટી બતાવે વાણ, જુઠાં મત બહુ દાખવે, કરે હાવને ભાવ; તમથી વહાલું કોઇ નહી, એવો એનો બનાવ. મનમાં ગણે નહી કંથને, મોહોડે કરે વખાણ; તમ પાખે ચાલે નહી, તું મારા જીવણ પ્રાણ, સોમદત્ત સાચું લહે. જાણે સતી મુજ નાર, હેત બહુ મુજ ઉપર ધરે, છે અપરમ પાર. પાણી કેમ પીવાએ તમ વિના, આરોગ્યે કે મન; નીંદ્રા કેમ આવે નાવલા, તુજપર એવું મન. નારી મોહોડે જે કરે, કાલાવાલા કરોડ; તેને બેન્ન ઓળખી, નારી ઠરી જોડ. કંથને સ્નેહ દેખાડાવે ઘણું, કરે જારનું કામ; જાર સાથે જારી કરે, જાણતો નથી તે સ્વામ. એમ કેટલાએક દીવસ વહી ગયા, નારી વિચારે આપ; જારને મળાતું નથી, ઘરમાં કંથનું પાપ. ઉપાય કરૂં ટાકળથી, કંથને કાહાડું બાહાર; પછી છતાં ચીંતા નથી, સુખે તેડું મુજ જાર. એક કલ્પના પોતે કરી. રાતે આવ્યો સ્વામ; ખાન પાન ખુબી કરી, નારી બોલી કરી પરીણામ. અહો ચરીત્ર કીધું ઘણું, નેત્રે ધરીયા નીર; ધ્રુશકા ભરી કહે કંથને, સાંભળો હઠતા ધીર, કાલે મોહોમાંહે વાતો કરી, આ પાડોશણની સાથ; મોહોટો કુંવર મુરખ છે કાંઇ સમજતો નથી વાત. એના બાપે ધન રળ્યું ઘણું, તમકા બેઠા ખાય; બીજો કુંવરછે નાત્રડો, તેને કેમ કેહેવાએ. એના બાપ એવડા હતા, જતા સફર ભરી વાહાણ; તેથી ધન મેળવ્યું ઘણું આતો પેટે પડીયો પાહાણ; એથી તો વાંઝીયા ભલા, એવા ન જાઇએ તન, મુરખ પડયો મુજ પેટમાં ખાય રળ્યું બાપનું ધન, મેં છાનાં માંનાં સાંભળ્યું, રેહેવાયું નહી ભરથાર; તે તમને કહયું સહી, એવા તમ માત તાતના વિચાર; ત્યારે સોમદત્ત કહે નારી સુણો સાચી કહી એ વાત; હવે હું પરદેશો પરવરૂં, ધન લાવું અસંખ્યાત; મેહેણું ટળું માબાપનું, સફરે જાવુ સત્વાર; સફરે જઇ આવ્યા પછે, સુખ ભોગવશુ નાર. ત્યારે નારી કહે

સુણ નાવલા, તેં ખોટું કીધું કામ; મારા પરપંચ મુજને ન કહ્યા, તમો જવા કરોછો ગામ. મેં એ વાત શાંને કરી, તમ આ ગળ ભરથાર ન કહ્યુ હોતતો જાત નહી, સાંને નીકળત ઘરની બાહાર: હવે તમ વીના કેમ ચાલશે, ઘડીએક વરસ સો થાય, તમ વિજોગે ફાટી પડું, એકલાં કેમ રેહેવાય. એમ કહીને કળકળે, રૂદન કરે બહુ નાર, થનાર હસે તે થાશે સહી, જવા નહી દેઊં ભરથાર. કથ કેહેરે કામની, શાને દુખ પામે મન ની થોડા દિવશમાં આવીશ, રળીને ઝાઝું ધન. એકવાર જવા દો મુને, ફરી નહી કહુ બીજી વાર: મારા સમજો કામની, નેત્રે ભરો જળ ધાર. નારી કહે સુણો કંથજી, તમ વીના ઓશીયાળી થાઉં; તમ વીજોગે હું સહુ તજું, પાન ફળ નહી ખાઉં, હાજર રેહેવું શાસરે, પલંગ તજુ ભરથાર; ખટરસ ભોજન ન નહી કરૂં, શણગાર ધરૂં નહી લગાર. વેહેલા વળજો નાવલા, જોઉં છું તમારીવાટ; જયારે તમને દેખશું, ત્યારે ટળશે ઉચાટ. ૩૨

ચોપાઈ.

મનમાં નારી ચીંતવે આપ, ક્યારે ઘરમાંથી જાએ પાપ; પણ મોહોડે કાલા વાંલા કરે, તે તો સ્વામી સાચું ધરે. ૧ એમ કહી સુતાં નર નાર, એટલે થયું ત્યાં ભળાકુ, સોમદત ત્યાંથી ઉઠયો સહી, અસનાન દાતણ કીધુ તહી. ભોજન કરવા બેઠાં માતને તાત, સાથે બેઠા પાંચે ભ્રાત; ત્યારે સોમદત કહે પીતાજી સુણો, એક વચન કહુ તેની હા ભણો. વાહાણમાં માલ ભરૂ અપાર, પરદેશે જઈ કરૂ વેપાર; તે માટે અમને આજ્ઞા દીજીએ, સુભ મુહુરત જોઈ પંથ લીજીએ. તારે બોલ્યાં માતને તાત, અરે પુત્ર તું સાંભળ વાત; શા માટે પરદેશે જાઓ, એવડું દુઃખ તે શાને ચાહો. આપણે દ્રવ્ય છે અપરમ પાર, આંખ આગળથી જાઓ બાહાર; મારી વરધ અવસ્થા થઈ, બાહાર જાવું ઘટે નહીં બીજા તો છે નાના કુમાર, તમારે માથે છે સઉ ભાર; એને સમજણ થાય જાહરે, તમો વીદેશે જજો તાહરે. તારે પુત્ર કહે જઈશું અમો, શાને ના કેહો છો તમો, થોડા દીવસમાં આવશુ, જસ અતિ શાંભિણો લાવશું. માથે માબાપ બેઠાં છે સાર, ત્યાં સુધી જવાશે બહાર; પછે ચીંતા અદકી થાય, ત્યારે અમથી ક્યાંથી જવાય. માટે અમને આંગ્યા દીજીએ, હવે અમે પંથ લીજીએ; તારે માબાપે વીચાર્યું મન, હવે કહ્યું માનશાનો

નહીં તન. માત પીતા કહે વેહેલા આવજો, કુશળ વાત પેહેલી કહાવજો; પછે પંડિતે મહુરત જોયું સાર, આજથી ચોથે દાહાડે નીરધાર. વાહાંણની સજાઇ કરી, જાણુસ માલ તેમાં બહુ ભરી; ઘર ગુમાસ્તા થયા તઇયાર, ચાકર નફર અપરંપાર. હવે સવારે નીસરવું સહી, પીતા પ્રત્યે વાણી કહી; ત્યારે શોમદતે વાણી કહીં, રાતે કુટંબ મળ્યું બહુ તહીં, ભાઇ ભોજાઇ પણ બેઠાં પાસ, શોમદત કેહે આણી હુલાસ; જેને જે જોઇતું હોય સાર, તમો તે લખાવો નીરધાર, શું જોઇએ તે કોહોને તમો, નીશ્ચય કરીને લાવું અમો; ત્યારે બોલી તેની માત, શાંભળ પુત્ર માહરી વાત. એક નઉતમ સારૂં લાવજો ચીર, જેમાં સાત રંગનું હોય હીર; તારે બેહેન કેહે સાંભળજો ભાઇ, જે કાંઇ હોય લાવજો નવાઇ. ભાઇ કેહે તમને ગમતું જેહ, નવલ વસ્તુ કાંઇ લાવજો તેહ; જેને જેવું ગમતું મન, તેણે તેવું કહયું વચન. સરવેનાં લખી રાખ્યાં નામ, જેને જેવું હતું કામ, તે કાગળ રાખ્યો પોતા કને, પછે ગુમાસ્તા પ્રત્યે વાણી ભણે. જાહારે આપણે આવ્યાનું થાય, તે વખતે સંભાર જો ત્યાંય; એટલે રાત પડી જાહારે પોતે મેહેલે આવ્યો તાહરે; પછે બોલ્યો નારીની સાથ, સાંભળ અસ્ત્રી મારી વાત; તહારે જોઇતું હોય જેહ, માહારી પાસે મંગાવો તેહ. તારે નારી બોલી વાણ, એ જુઠી વાત શાને કરો જાણ; સાંભળો સ્વામી ચતુર સુજાણ, અમને તો લેખામાં નહીં આણ. સરવને આણું આપશો સહી, મંગાવું તે તમો લાવો નહીં: ત્યારે શોમદત કેહે સાંભળો વાણ, તુજને તો સોંપ્યો છે માણ. સરવનું પુછી લાવશો સહી, તમારૂં પ્રથમ લાવશું અહીં; ત્યારે નારી કેહે સાંભળો ભરથાર, એક માહારા મનનો વીચાર. માહારા મનમાંહે બહુ ભાવ, માહારે એક જાણશનો છે અટકાવ. ગુમાસ્તા પાસે મંગાવશો નહીં, તમો જાતે લેઇ આવશો સહી. કોઇ ન જાણે તેનું નામ, માહરે છાનું છે તેનું કામ; ત્યારે કંથ કેહે શું કહો તમો, છાનું માનું લાવી આપશું અમો. ત્યારે કેહે સાંભળો ભરથાર, મારે સ્ત્રી ચરીત્ર જોઇએ આ ઠાર. જો લાવો તો લાવજો એહ, ત્યારે હું જાણીશ પુરો સ્નેહ. પણ હું એટલું જાણું છું સ્વામી જે મારૂં થવાનું નથી કામ; બજાનું લેઇ આવશો સહી, મારી વસ્તુ લાવવાના નહી. ઘેલી નારી તે પ્રેમું

કહયું. તારી વસ્તુ લાવ્યા વીના કેમ રહું, કાગળમાં લખી લીધું તેહ, નારીએ મંગાવ્યું જેહ. ૨૮

દોહરા.

વાત કરતાં રાત એમ વહી ગઇ, થયું તે સહવાર; શોમદત્તે ઉઠી કરી, અશનાંન કર્યું તે ઠાર. ભોજન કીધાં ભાવતાં જવા થયા તઇયાર, માબાપની આગ્ના લેઇ કરી, સહુને કરયો જુહાર. શુભ શુકન વંદી કરી, ચડ્યા પોતે ત્યાં વાહાંણ; સહુ વળાવી પાછા વળ્યા, ઘર ભણી નીરવીંણ; સ્ત્રી કહે બલા ગઇ, પરદેશ ગઓ ભરથાર; કલોલ કરીશું કરારમાં, હુંને મારો જાર. હવે વાહાણ ચાલ્યાંછે જોરથી, ભરદરીઆ મોઝાર; સાતમાસ એમ વહી ગયા, એક નગ્ર આવ્યું તે ઠાર. વાહાણ જઇ ત્યાં નાંગરયાં હરખ પામ્યા મનમાંય; માલ ઉતારયો તે શેહેરમાં, વેચવાનો છે સરવ; સોદા કરાવે દલાલ મળી, લો મનમાંના દ્રવ. તે ગામમાં એક વાણીઓ, ભુલાશા પારેખ નાંમ; તે ભારે માણસ અતી ઘણો, સહુ આગ્ના પાળે તે ઠામ. તે ગામમાં ડાહ્યો ઘણો, સહુ પુછી કરેછે વાત; શોમદત્તે મીત્રાઈ કરી, તે વાંણીયા કેરી સાથ. ત્યાં ખાવું પીવું એકઠુ શત્રું તેને ઘેર; પછે વાત રાતેકરે કેવી થઇ ત્યાં પેર. ત્યાં માસ ચાર એમ વહી ગયા, ત્યારે વેચ્યો માલ; નવો ભરયો તે વાહાણમાં, પછી વીચારયું તતકાળ દાણ મેશુલ ચુકાવી આપીયું, કીધા સહુના હીસાબ; જવાને તતપર થયા, ત્યારે વીચારયું મન આપ. પેલો કાગળ પેટી માં હતો, તે વેળા કાહાડો બાહાર; તે ગુમાસ્તાને આપીયો, તમો જુઓ બજાર. વાચી વસ્તુ સઘળી લીએ, આપો મુલ મોઘે માગ્યાં દામ; સઘળી વસ્તુ લાવો અહીં, એટલું કરી આવો કાંમ. કહીતી પેલી અસ્ત્રીએ, તે કોઇને નવ કહી વાત; તે કાગળ આપ્યો નહીં. વસ્તુ લાવશું આપણે હાથ ગુમાસ્તો ગયો બજારમાં લાવ્યા સઘળાં નેવસ્ત, સહુ તે આવ્યો વાહાણમાં, સોંપી સોમદતને હસ્ત. પછે હરખ પામ્યો મન વીખે, પોતે ચાલ્યો બજાર; અસ્ત્રી ચરીત્ર પુછ્યુ જઇ, પણ કાંઇ નવ મળ્યું લગાર. જે સાંભળે તે વીશામે પડે, સહુ મનમાં જાણે એમ; આ મુરખ કોઇ દીસે ખરો, મોટાને કહીએ કેમ. ગામ મધે ફરી વળ્યો. પણ કોઇએ કહી નહી હાય; અરે દઇવ હવે શું હવે શું કરૂં અસ્ત્રી ચરીત્ર મળશે ક્યાંય. એમ ચાર દીવસ ફરયો સહી, મુકી મનની

અશ; પછે મન વીચારી આવીયો, ભુસા પારેખની પાશ. શેઠે
માન દીધું ઘણું, જાણી મોટાનો તન, હાવ ભાવ કીધો ઘણો,
સંતોખ્યાં બેઉનાં મંન.

ચોપાઈ.

શેઠ કહે ભલે આવીઆ, આજ હમારે મન ભાવીઆ કાંઇ
એક કાજ અમ સરખું કહો, સુખે ઘર તમારૂં રહો. શોમદત
બોલો વાણ, કાલે ઉપડવાનાં વાંહાણ; માટે બોલ્યું કરજો મા
રૂ, તમ ઘર સુખ પામ્યા બહુ આપ. શેઠ કહે માયા તમારી ઘ
ણી, કેમ આગ્યા આપુ જાવા તણી; થોડા દાહાડા તો રહો સ
હી જવાની ઉતાવળ કેમ થઇ ત્યારે કુંવર બોલ્યો છે વાણ, મા
લ ભરચાં છે સહુ વાહાણ; બીજા બંદરે ફરવું સહી જોઇતી વ
સ્તુ મળતી નથી. ત્યારે શેઠ કહે શું તેનું નામ, જે જોઇએ
તે મળશે આ ગામ; બીજા મુલકમાં જે નવ નીકળે, તે વસ્તુ અહીંયાં
થી મળે તમારે જે જોઇએ તે કહો, તે અમારી પાસે માગી
લો; તે પેદા કરીઆપું સહી, તેની વાણી શેઠે કહી- ત્યારે બોલ્યો
વીરચંદનો તન, સાંભળો શેઠ માહારૂં વચન; અસ્ત્રી ચરીત્ર જોઇ
એ છે સાર. તે ગામમાં નથી મળતું લગાર. અમો ફરીને થા
કયા સહી, કોઇએ હા કેહેવાઇ નહીં; તે શેઠ સાંભળી વીસ્મે થ
યો, પછે બોલ કુંવરને કહયો, પ્રથમ મન કરયો વીચાર, રખે
મસ્કરી હોય લગાર; વળી સેઠ એમ બોલ્યા વાણ, સાંભળો
સોમદત ચતુર સુજાણ. તે વસ્તુનો શો અટકાવ અસ્ત્રી ચરી
ત્ર ઉપર કોને ભાવ; ત્યારે સોમદત બોલ્યો વાણ. અસ્ત્રી મારી
ચતુર સુજાણ. સતી સાચવી પુરાણ પ્રીત, તે રામાની એવી રી
ત; મેં કહયું તારે જોઇએ તે સંગાત, જે ઉપર તારો હોય ભા
વ. અમે વિદેશ નિકળ્યા જયાહરે, કામની કહયું તાહરે; કહયું
સ્વામી વેહેલા આવજો, મારે કાજે અસ્ત્રીચરીત્ર લાવજો; આ
ગામમાં ફરી ફરી થાકયા સહી, આ ગામમાં તે મળતું નહીં.
હવે અમે જાશું બીજે ગામ, સોંપી કાહું અસ્ત્રીચરીત્રનું નામ
જો જડશે તો જવાસે ઘેર, નહીંતો ખાઇને રહીશું ઝેર; તારે
શેઠ સમજે મન મોઝાર, પૂરૂષ મુરખ છે ગુમાર. હું મોટા જા
ણતોતો સરવથી, પણ મુરખ એથી બીજો કોઇ નથી; પછે શે
ઠ ત્યાં બોલ્યો વાણ, સાંભળો સોમદતજી ચતુરસુજાણ. એ વ
સ્તુ અમારી પાસ, અમો તમારી પુરૂં આશ; એ મથવીમાં

શોધી નહી જડે, તે મારે ઘેરથી નીકળે. અમો બીજાને કહી એ નાય, પણ તમોને ના કેમ કેહેવાય; પણ એ વસ્તુ તો ભારે સહી, ઉતાવળે હાથ આવે નહી. માટે કહુ તે કરોની પેર, વાહાણ ગુમાસ્તા મોકલો ઘેર; તમો અમારે રહો ધામ, થોડા દાહાડામાં કરશું કામ. ત્યારે વિચારી તેણે વાણ આવ્યા પાછા જ્યાં છે વાહાણ; ગુમાસ્તા પ્રતે બોલ્યા એમ, કહો હવે કરીશું કેમ. તમો વાહાણ હંકારી જાઓ, હવે તમો શીદ ખોટી થાઓ; અમો ગુપ્ત જાત્રા માની છે સહી, અમો અહીંયાંથી જઇશું સહી, સહુ હીસાબ સોંપજો બાપને હાથ, માંડીને કેહેજો સઉ વાત; આજ કાલમાં પોતે આવશે, તેથી તેને ચીંતા નહી થસે, એમ કહીને વાહાણ વળાવ્યાં સાર, પોતે આવ્યા સેઠને દ્વાર; સેઠ કહે સુખે રહો આ ઠામ, અસ્ત્રીચરીત્ર લઇને જાજો ગામ. એમ કહીને ઠેકાણે થયા, સોમદત સેઠને ઘેર રહ્યા; વાહાણ ત્યાંથી પોહ્ત્યાં ઘેર, તેને માંડી કહી સરવે પેર, ૨૩

દોહરા.

આઠ માસ એમ વહી ગયા, ભુલા પારેખને ધામ; ત્યારે સોમદત એમ વાણી વદે, શેઠને કરયો પ્રણામ. શેઠ તમો આપ્યું પેંદા કરી અસ્ત્રી ચરીત્ર: ઘેર નારી વાટ જોશે ઘણી, ત્યા થઇ જાશે વીપરીત. ત્યારે શેઠ કહે સાંસતા રહો, કરૂં તમારૂં કાજ; એક ગુણકા ગુણની આગળી, જેનું ગુણવાહાલા છે નામ બોલાવી તેને તે સમે, જેમાં બહુ ચતુરાઇ કામ; તે પરપંચ ભેદ જાણે ઘણું, તેણે આવી કરયો પ્રણામ. શો હુકમ છે શેઠજી, તમ વચનની બાંધી રહું; અજર કરૂં તમ વાતથી કહો તો મુસ્તક ૨૯. ત્યારે શેઠ કહે ગુણકા સુણો, તમો છો ચતુર સુજાણ, કામ તમારૂં છે સહી, તે કહું તમને વાણ. શેઠ આવ્યા છે ગામ તણા. જાણો અમારો સરદાર; અસ્ત્રી ચરીત્ર એને આપવું, માટે તેડી જાઓ એને દ્વાર, ત્યારે સલામ કરી ગુણકા કહે, એ અમારૂં કામ; સમજી મન ગુણકા સહી, એનું તે મુરખ નામ. પછે સાથે લીધા શેઠને, આવી પોતીકે ધામ; કોણ દેશમાં રહો તમો, શું છે તમારૂં નામ. ત્યારે સોમદત કહે સાંભળો, અરે ગુણકા ગુણવાન; અમો વાહાણવટીના પુત્ર છઉં, સોમદત છે મારૂં નામ. અસ્ત્રી અમારી ઘેર છે, તેણે મંગાવ્યું છે એહ; અસ્ત્રી ચરીત્ર લઇને આવજો, તમને

કહુંછું તેહ. સમજી તેનું શાણપણ, ડાહાપણે ઉઠી વાટ; અરે ચીંતા શેઠ કરશો નહી, ટાળુ તારો ઉચાટ. અસ્ત્રી ચરીત્ર મુજ કને છે સહી, તે આપીશ તમને સાર; ધીરજ થકી મળસે સહી ઉતાવળ નહી થાય લગાર. તે શેઠ ગુણકાને ઘેર રહ્યા, વપુએ વીચારી વાત; શેઠ ચરચા જુએ ઘર તણી, એમ વહી ગયા માસ સાત. ત્યારે સોમદત કહે ગુણકા સુણો, અમને આપો અસ્ત્રી ચરીત્ર; માસ સાત તો વહી ગયા, એ તે ક્યાંની રીત; ત્યારે ગુણકા કહુ તે કરે, થાઓ નારીને રૂપ; તો અસ્ત્રી ચરીત્ર દાખવું, થાજો ભારે ખરુ ભુપ. સોળ શણગાર અંગે ધરો, પેહરો નવરંગ ચીર, તેને પુરૂષ કોઇ ઓળખે નહી, જાણે શુદ્ધ નારીનું શરીર. વરસ સોળમાં સુંદરી, ભરજોબન સુંદર વેશ; દ્રસટે દેખતાં ધીરજ રેહે નહી, ત્યાં થાય કામ વેશ. તે ગુણકાએ કર ઝાલીઓ, લઇ ગઇ પોતીકે સાથ; તેને ગુણકાએ પોછવી, સમજાવી સહુ વાત. જે કેહેતે હા કેહેવી સહી, ચરચા જોવી રાત દીન; તમને સ્ત્રી ચરીત્ર મળશે સહી માનજો સત્ય વચન. ૨૦

ચોપાઈ.

એમ સમજાવી એર ગુણ વાત, તેડી ગઇ પોતીકી સાથ; શીવદત શેઠ છે વેહેવારીઓ, નગર બાંત્રામાં જુગ જાણીઓ. ઘણી લક્ષ્મી ઘણાં ઘર સુત્ર, પ્રતાપચંદ તેનો એક પુત્ર; તે લાડકવાયો એકનો એક, વપુએ સુંદર, વડો વીવેક. તે વાહાણ ભરી વીદેશ ગયો, તેને બાર સંવત્સર જોતામાં થઓ; તે તણી ઘરમાં છે નાર, સુંદર રૂપને ગુણ ભંડાર. માનુની તે સરવેમાં ડાહી, લક્ષણ વંતીને લાડકવાઇ; સસરો પુછી કરે સહુ વાત, કારભાર સહુ વહુને હાથ. રતન માળા છે તેનું નામ, ગુણ જાણે છે બધું ગામ; તે શ્રીમંત છે મોટો સાહુકાર, ગામ બધાનો ચુકવે ન્યાય. ગુણકાએ મન વીચારી પેર, તેડી ગઇ તે શાહાને ઘેર; ગુણકાએ ઝાલ્યો તેનો હાથ, તેડી લાવી જ્યાં છે સહુ સાથ. ગુણકાએ જઇ કરયો પ્રણામ, જ્યાં બેઠો શીવદત તે ઠામ માહારાજ એક છે માહારે કામ, આવી જાણી શાહુકારનું નામ. આ સાહુકારની કો છે નાર, સસરો તેડી લાવ્યો આ ઠાર; મુને કહ્યું આને રાખો તમો, એના વરને તેડી લાવું અમો. મારો પુત્ર ગયો પરગામ, તેને તેડી લાવું આ ઠામ; તે પુત્રની વહુ આ થાય, એમ ગયા આણું કરવાય. સાથે એને તેડીને જાઉ, માટે તમ ઘ

ર ભુંડીને જાઉં; અમો પુત્રને તેડી લાવું જાહરે, એ વહુને તેડી
જશું ત્યાહરે. તેનો સસરો તુરી ગયો, માહારા મનમાં અંદેશો
થયો; એનો રાખ્યું અન કેહેવાય, મારાથી તે કેમ રખાય. હમો
છીએ ગુણકાની જાત, આગ શેહેજમાં આવે નાથ; નહોયતો
અમને કહે, ગુણકાનો ઘરમાં કેમ રહે. તમો શાહુકાર છો સરવ
થી, તમારી આબરૂમાં ખાંડી નથી; માટે અસ્ત્રી રાખો તમારે
ધામ, એટલું અમારે કરવું કામ. એનો ધણી સસરો આવશે જા
હરે, તમ પાસેથી લેશું તાહરે; એ વાતના લખ્યાં ત્યાં કીધ, |પ
ચ મળી પરમાણજ કીધ. શાહુકારથી ના કેમ કેહેવાય, સુખેથી
મુકી જાઓ આંહ; અમારા પુત્રની વહુ છે જેહ, તેના પાસે રે
હેશે એહ. એવું કહીને રાખી પાસ. ગુણકા આવી પોતીકે આ
વાસ; તે સસરાએ બોલાવી વહુ, વાત માંડીને કહીછે સહુ. ત્યા
રે વહુએ ઝાલ્યો તેનો હાથ, તેડી લાવી પોતાની સાથ; આ
વો બેશો સુખે રહો, કામ હેય તે અમ સરખુ કહો. હવે રતન
માલ જે છે નાર, ચતુર છે તે અપરમપાર; નખ શીખ તેને
જોઇ સહી, પછે મન વીચાર્યું તહીં લક્ષણ જાતા અપરમપાર
એ પુરૂષ છે નથી એ નાર; પરીક્ષા પુરી કરી સહી, નીશ્ચે
પુરૂષ એ નારી નહી; એણે કપટ પહેરું કરવા એ કામ, રમવા
ને આવ્યો માહરે ધામ. ૧૯૭

રતનમાલ વળતું વદે, સાંભળ નારી વાણ; સાચુ બોલશો તો
જીવશો, જુઠે બેશો પ્રાણ. નારી નથી તું નર છે, મેં નીરખ
જાયાં એંધાણ; કપટ કરી કેમ આવવું પડ્યું, સાચી કે
હોને વાણ. કટાર કાઢયો એક ઝળકતો, ક્રોધ કરીને રીશ, સા
ચુ બોલ તું કોણ છે, નહીતર છેદુ શીશ. તે બાન્ધો બાપડો
વાણીયો, થર થર ધ્રુજે દેહ; આંખ ઊંચી ચઢી ગઇ, પછી બી
તો કહે. જે ગમે તો માર તું, દયા આવે તો ઉગાર; હું કપ
ટથી આવ્યો નથી, તે સાચુ કહું વીસ્તાર. હું વહાણવટાનો પુ
ત્ર છું, આવ્યો ભરીને વહાણ; તું સરખી નાર છે માહરે, તે
ણે કહીતી મુજને વાણ. મારે કાજે શુ લાવશો, પરદેશ જાઓ
ભરથાર; મેં હ્યું જે ગમે તે કહો, લાવતાં ન લગાડું વાર. ક
હ્યું અસ્ત્રી ચરીત્ર લઇ આવજો, વચન આપ્યું હાથ; ત્યાંથી આ
વ્યા પરદેશમાં, તે સાચી માન તું વાત. મે માલ બધો વેચ્યોસ
હી, પછી નવો ભરયો મે માલ; અસ્ત્રી ચરિત્ર ખોળુ આ ગા

મમાં, પણ કોઇએ ન કહી ભાગ. પછી ભુકા પારેખ આ ગામ માં, તેનો રૂડો વેહેવાર; તેણે કહ્યું તમે રહો સહી, અસ્ત્રીચરીત્ર આપું નીરધાર. એમ સાંભળી હું હરખીઓ, વળાવા દીધાં મે વહાણ; અક મહીના એમ વહી ગયા, ત્યારે ભુકા પારેખને કહી વાણ. શેઠજી દહાડા ઘણા થયા, કયારે કરશો અમારૂં કામ; ત્યારે ગુણકા બોલાવી તે સમે, જેનું ગુણવંતી છે નામ. તેને શેઠે વાત સરવે કહી, ત્યારે ગુણકાએ વીચાર્યો ફેર; કહ્યું અસ્ત્રી ચરીત્ર આપું અમો, તમે આવો મારે ઘેર. ગુણકા સાથે અમો ગયા, ત્યાં પણ રહ્યા માસજ સાત; કહ્યું અસ્ત્રીચરીત્ર આપો હવે, ત્યારે ગુણકાએ કહી વાત. મને કહે નારી થા તમે, આવો મારી સાથ; સમજાવ્યો સઉ સાથને. સોંપી તુજ સ...ને હાથ. એ હકીકત માહરી, જુગી વાતે ઇશ્વરની આણ; હવે તુજ સરણ આવ્યો સહી, ઉગારો કે લ્યો પ્રાણ. ૧૬

...ત સાંભળીને હરખી ત...રતનમાલે કીધો વીચાર; મુરખ ભાઈ સારો એછે રંક, નથી એ વાણીઆનો વાંક. શા માટે હવે એને હણું' મનમાં તે વીચાર્યું ઘણું; એની પુરીપાડું હું આશ, પ્રીત કરી રાખું મુજ પાસ. હવે તન મન ધન એને અરપીએ, જોબનનો લાવો લીજીએ; વળી અસ્ત્રીચરીત્ર દેખાડું સહી, ન ખબરદાર કરૂં એને અહીં. નારી પછી બોલી ત્યાં વાણ, શામચંદજી તમો ચતુર સુજાણ; અસ્ત્રી ચરીત્ર આપું હોલા...તેનો છે અમારી પાસ, શાને બોલોછો ગયું ગામ, થાશે અમારાથી એ કામ, હવે ખાઓ પીઓને રંગે રમો, ભોજન જુજમાં બેશીજમો. એમ કહી સંતોખ્યુ મંન, હસીને લીધું આલીંઘન. રાતે ભોગ ભોગવે અપાર, દીવસે થઇને રહેછે નાર; એમ ઘણો દીવશ ગયાછે વહી, તે વાતતો કેઇ જાણે નહી; વરસ એકથયું જાહરે, શું કૌતક થયું તાહરે. વીદેસગઓહતો તેનોભરથાર, તેસફરકરીઆવ્યોતેઠાર; લાવ્યોઅલેખેઅઢકુધંન' પ્રતાપચંદશીતતણો તન. વધામણી આવી જેટલે, શીવસત શેઠ હરખ્યો તેટલે; હરખીને આવી તેની માત મોતીથાળ ભરી લઇ હાથ. તેર વરસે ગયો આવ્યો તન, માબાપનુ ઘણુંહરખ્યુ મન, વધાવી લીધો કુમાર, તેડીને આવ્યા ઘર મોજાર. સજન કુટંબ સરવે સહી. મળવા તે આવ્યાછે તહી; માહાજંન નગરના લોક, મળ્યા ભેટયા સહુ ટાળી શોક. કરણે કુંડળ જળકે જોતાં કટી સ

શીના જેવી ઉપાત, વાહાણ સાત ગમાતા લઇ, ચાળીસ વાંહાં ણ કમાંઆ તહીં તે વાંહાંણ હજુ કાંઠે નાગરાં, તેમાં માલ અ પરમીત ભરયા; પીતા પુત્ર બેઠાછે પાસ, કરવા માંડી વાત પ્રકા શ. કેહે પુત્ર તાહારૂં વ્રતાંત આજ તેર વરસની ભાંગો ભ્રાંત; તે સાંભળવાનુછે અમો શો ગરથ કમાવ્યા તમો. કોણુકોણ સાથે આગત કરી, ચાળીસ વાંહાંણ કેમ લાવ્યા ભરી; શોશો માલ તે માં ભરયો, આજ તેર વરસની વાતો કરો. પુત્ર કેહે સાંભળીએ તાત આજ હમો નહીં કરીએ વાત; આજતો અમને આગના દીજીએ, વીતીવાત કાલે કીજીએ. આડતીઆનો જે હીસાબ. તેતો સહુ વાંહાણ કીતાબ; તે માલ સરવે નાખ્યોછે રાહી, કાલે તમને દેખડાવીશું અહીં. આજ રજા આપોતો મેહેલમાં જાઉ, ઘડી ચાર સુતો સુખીઓ થાઉ; એવે પડીછે ત્યાં રાત, આગના આ પી પુત્રને તાત. સહુ સહુને ઠેકાણે થઆ, પ્રતાપચંદ તે મો હેલે ગઆ;

દોહરા.

તારે નારીએ વિચારીયું, જે આવ્યો મુજ ભરથાર; પેલો પુરૂષ ઘરમાં હતો તે સથે કરયો વિચાર. તમો ગુપ્ત ઓરડામાં બે શી રહો. જેમ ન આવે જાણ; માંહે અસ્ત્રી ચરીત્ર દાખવું ત મે જોયાં કરો આંય. એટલે કંથ ત્યાં આવીયો, નારી લાગી પા ય, આજ તેર વરસે સ્વામી મળ્યા, મારે હઇડે હરખ ન માય ધન દીવશ મારો આજનો, જે ઘેર આવ્યા ભરથાર; તમો અ અમારે કાજે શું લાવીયા, તે આપો કર મોઝાર. ત્યારે કંથ કહેરે કાંમની તું વાહાલી મુજને પ્રાણ, એક તારે વાસ્તે લાવ્યો સાહી બાકી તો છે વાહાણ. નવી નવી વસ્તુ લાવ્યો બહુ, જે નવ આવ્યું હોય દીઠા માંહે; તે સહુ પડી છે હજી વાહાણમાં કાલે લાવશું ઘર માંહે. ચીર લાવ્યો એક ચમકતા, હીરા રત્ન જડાવ; બહુ મુલ મોઘું ઘણું, ઝાઝું મોતીડે જડાવ. સવાલાખ રૂ પીયા આપીયા તે તમારે કાજ; તે લઇ મુખ આગળ ધરયું, લ્યો પ્રેમદા તમે આજ. તે જોઇ હરખી પ્રેમદા, લીધું પોતીકે હા થ, ખાનપાન કીધાં ઘણાં, પછી કીધી વીતકની વાત. ભોગ કીધા ત્યાંહાં ભાવતા, સુતાં સુખે સેજ; જાણે સુરજ પ્રગટ થયો એવું તપે કુંવરનું તેજ. નીદ્રા વશ થયો જાહરે, સોડમાં સુતી ના ર; હાથ ગળેથી કાઢીયો, ઉઠી નારી તેવાર. ભર નીદ્રાવશ કંથ છે,

વિચાર્યું નારીએ તે કામ; મુરખ જાત એ માનુની, પછે ત્યાં શું કીધું કામ. ૧૨.

છપ્પે.

મુરખમાં મુરખ તે નાર, અહંકાર અતિશે આણે; મુરખમાં મુરખ તે નાર, મમત પોતીકો તાણે. મુરખમાં મુરખ તે નાર, દયા ન આવે તેને કદી; મુરખમાં મુરખ તે નાર, વાત નવ મુકે લીધી; સુણો પુરો રાજવી, રંગ રૂપ તેને કશો; તે વીનતા ને મન કશો, વાહાલો એને મનવશો. ૧

ચોપાઈ.

તે મારીએનો અતી મુરખપણું, પછી શું કામ કર્યું તે નારીએ ઘણું; ભરનિદ્રામાં દીઠો ભરથાર, કાઢયો કામનીએ કટાર. ઢીંચાણ મુકયા છાતી ઉપરે કટાર લઇ મુકયો છે ગળે; મોંઢે પરપોટા આવ્યા સહી, જીવ ગયો તેનો તતક્ષણ તહીં. પેલો સોમદત જુવેછે દ્રષ્ટ, ઘણું એક તે પામ્યો કષ્ટ; થરથર ધ્રુજવા લાગ્યો દેહ, ફટફટ નારી શું કીધું એહ. ચાદરમાં બાંધી ગાંસડી, માંથે મુકી બહાર નીસરી; જઇ નાંખ્યો તેને દરીયા માંહ, પાછી આવી ઘરમાં ત્યાંહ. પછી બોલી સોમદત પ્રત્યેવાણ, એ અસ્ત્રીચરિત્ર જોયું નીરવાણ; ત્યારે સોમદત કહે સાંભળ નાર મીથ્યા મારયો તેં તારો ભરથાર. એમાં તે અસ્ત્રીચરીત્ર શું કેહેવાય, તને મારતાં કેમ નહી આવી દયાય; હજી બાપને મળ્યો નથી, સુખ દુઃખની વાતો કીધી નહી. ત્યારે નારી કહે સાંભળજો જાર, તારા ઘરમાં એવી છે નાર; અસ્ત્રીચરીત્ર નગાવ્યું સહી, એવાં પ્રાક્રમ કરે નહીં. ત્યારે સોમદત કહે કહ્યું શું કથી, મારા ઘરમાં એવી નારી નથી; સતી સાધવી છેરે નાર, એવુ કામ ન કરે લગાર. રતનમાલ કહે આવીશું તમ ઘેર, સઘળી બનાવશું તમને પેર; તને અસ્ત્રીચરીત્ર આપવાનો સાર, મે મારયો મારો ભરથાર. હવે તમો કરો એક કામ, પાછા જાઓ ગુણકાને ધામ; વાત સર્વે માંડીને કહો. થોડા દહાડા ગુણકા ઘેર રહો. તે ગુણકાને લઇને સાર, પાછા પુરૂષ થઇ આવજો આ દાર; એવો બોલ નારીએ કહયો, સોમદત ગુણકાને ઘેર ગયો. વાત સરવે માંડીને કહી, એ વાત એટલેથી રહી; એટલે ત્યાં થયો સવાર, ઉઠયાં સઉ સુતાં નરને નાર. શીવદત શેઠ ઉઠયા ત્યાં સહી, બેઠા વિચાર કરેછે તહીં; રતનમાલ પણ ઉઠી નાર,

ઘરમાં કાંમ કાજ કરે છે સાર. દીવસ પહોર ચડયો છે સહી, શીવદત્ત સેઠ બોલ્યો તહીં; આજ ભાઇ કેમ ઉઠયા નથી. દીવસ ચડી ગયો સરવથી. એક ચાકર બોલાવ્યો તે ઠાર. જાઓ કુંવરને ઉઠાડો સાર; કહીએ દીવસ ચડયો છે ખરો, બહાર આવીને દાતણ કરો. આ રતનમાલ બહુ સુંદર નાર, તેણે રસોઇ કરી છે તઇયાર. આપણ બે ભોજન કીજીએ, આજ તેર વરસી લાવો લીજીએ. ચાકરે આવી કીધો સાદ, પણ કોઇએ નહી દીધો જવાબ; સાદ ઘણા એક પાડયા સહી, પછી ઓરડો ઉઘાડયો તહીં. ૧૭.

ઓરડો ઉઘાડયો ત્યાં સહી, નમળે શાહુનો તંન; પછો આવ્યો શેઠ કને, કરજોડીને કેહે વચન. ઓરડામાં તો કોઇ નથી, અમો જોયા ખુણા ચાર; સેજ સુની પડી તહીં, પણ તમ પુત્ર ન મળે લગાર. ત્યારે શેઠે વીચારયું મન વીસે, ઉઠાડો હશે સવાર; પ્રાતસકાળે ઉડી કરી, ગઓ હશે કાંઇ બહાર. વહુ પાસે સસરો આવીયો, બોલ્યો એમ વચન; કંથ તમારો ક્યાં ગયો, પ્રાતસકાળે ઉડી પાવન. ત્યારે વહુ કહે સસરા સુણો, શું વંઠયુ આપણું કાજ; શું કરૂ માહારા તાતજી, મને કેહતાં આવે છે લાજ. લક્ષણવંતા એ લક્ષણ લહું, ખોઇ લાખ ટકાની લાજ; તે વાત તમ આગળ શું કહું, તમ પુત્રથી આવ્યાં વાજ. એમ કહી જળ નઇણે ભરયાં, સાંભળો સસરાજી વચન; હવે લાજ તમારી રેહેશે નહીં, એવું કીધું તમારે તંન. હવે ઇજત જશે સહુ લોકમાં, લુટાસે ધન માલ; આબરૂના થસે કાંકરા, એવું કરયું તમારે બાળ. કાલ રાત્રે આવ્યો મેહેલમાં, ત્યારે દીઠી પેલી નાર. તમો મુને સોંપીતી શેઠજી, જેનો પરદેશ ગયો ભરથાર. ભરજોબન દીઠો ભામની, તેણે લલચાયું ત્યાં મન; મુને કહયું આ કોણ છે, એને લીધુ આલીંઘન. મેં કહયું નાર છે પારકી, એનો પરદેસ ગયો ભરથાર; તે શાહુકાર જાણી સોંપી ગયો, એ નહી આપણો વેહેવાર. ત્યારે રીસ મુજપર કીધી ઘણી, દીધી અદકી ગાળ; ભોગવું હું એ ભામની, મને એ ઉપર બહુ છે ખ્યાલ. મારૂં કહયું માન્યું નહી, ને કીધો તે શું જાર; મારૂં અમગાનું શું ગજુ. પછી હું નીદ્રા વશ થઇ સાર. પછી સવારે ઉડી જોયું સહી, તો નથી સેજમાં ભરથાર; બારણાં ઉઘાડયાં ઓરડા તણાં, નહિ પેસી ત્યાં

નાર. શું જાણીયે તે શું થયું. ક્યાં ગયાં રાંડને સાંઢ; સસરા જી સાચુ કહુ તુજને, જો ગમેતો મુજને ભાંડ. સસરો સાંભળી વીસ્મે થયો. સાચી વહુની વાત; સાસુએ પણ સાચુ માનાયુ, પછી ઘસવા માંડ્યા હાથ. તે નારી લેઇ જતા રહયો, હવે શાં થાસે પેર; દીકરાએ દુઃખ દીધુ ઘણું, એ મોટો કીધો કેર. હા ય હાય હવે શું કરૂ, એમ શીવદત કરે રૂદન, એ વહુનુ કહયું માન્યુ નહી, એવો મુરખ તન. ડાટ વાળ્યોરે દીકરા, અણુથ ટતુ કીધુ કામ; સઉ લોકને જવાબ તે શું દઉં, વેપારી આવ્યા આ ઠામ. હવે કયાં જઉને કયાં રહુ, એમ કહી કુટે છાતીને શી ષ; રોવા લાગ્યો ડોસલો, પાડીને બહુ ચીસ. જુલમ કરયોરે રાતમાં, હવે શી થાસે પેર; કાલે કંથ એનો આવસે, વહુ મા ગવાને ઘેર. હવે ઝેર ખાઇને હું મરૂ, કે જળમાં જઇ ઝંપલા ઉં; કે ફાંસો ઘાલી મરૂ, કે હાથે વીખ ખાઉં. ૨૨.

છપો

ગઓ નિદરા જંન, કુશળ કોઈ એક દીન આવે; ગઇ આવે છે નાર, ગયુ ધન પણ આવે; ગઇ આવે વિધય, જોદીન મત્યે આએ, એક ગયું ન આવે જોબન, એો અવસર કોણુ કાજ નો; શામળભટ સાચુ કહે, લોણ લાખેણો ગએો લાજ નો. ૧

ચોપાઈ

હવે લાજ માહારી જશે. અરે વહુ હવે શી વલે થશે, આ જદીન સુધી હું તો નરો, આ દીકરાથી હું નવ ઠરયો. ત્યારે વહુ કહે સસરાને સાર, તમો દુઃખ ન ધરવુ લગાર; તે આવે ત્યારે કરજો તેમો, તેને જવાબ દેશુ અમો. તેમો શાને વીખ ખાઇને મરો, ઉઠો હમણાતો ભોજન કરો; જે થનારૂં હોશેતેથશે, પરમેશ્વરને ગમશે તે હશે. તમારૂં નવ દેવા દઉનામ, હમો કરૂં એવું કામ; ત્યારે સસરો કહે વહુ સાબાસ, મારે તારી મોટી છે આશ, તું કુળમાં પ્રગટી રતન, મુરખ પેટ આવ્યોછે તન; અ રે વહુ તુને લાગું પાએ, એવું કર જે જે શોભા નવ જાએ એ મ કહીને છાના રહયા, પછે ઉપાય તેની શા થયા; હીવશ પેડા થ્યા જાહરે, ગુણકાએ શું કામ કરયું તાહરે. પેલા સોમદતને કહી એમ વાત, ચાલો હવે અમારી સાથ; પાછોપુરૂષ થયો તે ઠામ, જેનું સોમદત એવુ નામ. તે ગુણકાએસાથેલીધોસહી, આ વી શીવતણું ઘરછે તહી; આવ્યો પેલી નારનો કંથ, જે ગએો

હેતો વેગળે પંથ માટે એની કન્યા દીજીએ, તમને ઓશીંગણ
શું કીજીએં; સાંભળી શેઠ તેની વાંણ, દેહમાંથી ગયો છે પ્રાણ.
દીંગમુઢ થઇ ગયો તે વાર, મુખે બોલતું નથી લગાર; ત્યા
રે ગુણકા બોલી વચન, કયાં શેઠ ઉતર્યું વદન. ફેલ કરી નાગ
ણ જગભગે, વાણીઓ ઉદાશી શાને કરો; એમ પારકી વસ્તુ
કેમ ઓળવાએ, એમ ફેલ કરેથી નહીં રખાએ. આપો નારી
પછે મેલો શોક, નહી તો મેળવશું ગામના લોક; શાહુકાર જા
ણીને આપી નાર, તો માટે તમારો રાખીએ ભાર. જુઠા પડશો
ને આબરૂ જશે, હાણ અશાર્થ જોતામાં થશે;

દોહરો.

ત્યારે શીવદત શેઠ એમ બોલીઆ. શીદ ચઢાવો આળ;
કયાં આંબળા બોલો તમો, મારા જીવને જંજાળ, સાચું કહું સ
ઉ દેખતાં, જુઠે ઇશ્વરની આણ; તે નાર તો લેઇ ગયો,
અમારો પુત્ર સેતાન. તરત વીદેશથી આવીયો ઘરમાં રહયો એ
ક રાત; તે નારી દેખી મન ચળ્યું, તે લેઇ ગયો પ્રભાત. તે
૨ વરસે આવીયો, મારો લાડકવાયો તન; જશ કીરતી લાવ્યો
ઘણી, વળી લાવ્યો ઘણું એક ધન. ઘરમાં વહુ છે સાધવી વ
ળી રૂપનું ધામ: તેણે શીખામણ દીધી ઘણી, પણ માન્યું
નહિ તે સંતાન કબુદ્ધી થઇ કુવરને, ઉપના ખોટો મત; સુ
ખ દુઃખની વાતો કરી નથી, તેને લેઇ ગયો મુરખ જટ. હુ
વે ગુન્હેગાર થયો તાહરો જે કહો તે સાંભળી રહું; જેમ મન
માને તમ તણું જે કહો તે તમને દેઉ. હવે સોર બકોર કર
શો નહિ, ન જાણાવસો કોઇ લોક; કરજોડી હું કરગરૂ, શાંત
પમાડું સોક.

ચોપાઈ.

એવાં શેઠે કહ્યાં વચન, સાંભળી ગુણકાને ચઢી છે અગન;
સેઠ જુઠું બોલો છો તમો, રાવલે રાવ કરૂં છું અમો. મારે ધ
ન માલ કાંઇ જોઇતું નથી, નારી એની આપો સરવથી; સેઠ
કહે સાંભળજો વાણ. જુઠું બોલું તો ઇશ્વરની આણ. બીજી
વાતે મનાવું મન. અસ્ત્રી લેઇ ગયો છે તન; તું કહે તો આપુ
શઉ વાહાણ. તે વાતે સાખી શ્રી ભગવાન. ત્યારે સોમદતમાં
ડયું રૂદન, મારી અસ્ત્રી અતી પાવન; ધન માલને હું સું ક
રૂં એ અસ્ત્રી વીના તો નીશ્ચય મરૂં. એમ સોર બકોર થયો

જાહરે, ઘરમાંથી વહુ આવી તાહરે; અરે સસરાજી આ શી રઢ
કેમ માંડી બેઠા છો વઢવાઢ. સસરાએ ત્યારે જોડ્યા હાથ, વહુ
ને માંડી કહી સહુ વાત; ત્યારે વહુ કહે ઘરમાં આવો તમો
એનું મન મનાવું અમો. ઘરમાં તેડી કહ્યો વૃતાંત, ભાગી તે
દાશીની ભ્રાંત; એ ફજેતી કરસે આ વાર, લોક મેળવસે આપ
રમ પાર. એની સાથે જઈશું અમો, માટે હું કહું તેમ કરો
તમો; એ કામ આપણું થાતું હોય, જેમ ના જાણે બીજું
કોય. સસરે સાંભળી વહુનાં વચન, સાબાશ છે વહુ તમને ધ
ન, શાબાશ છે તારી જાતને. સાબાશ છે તારાં માત તાતને. મા
રૂ દુઃખ તમથી ન ખમાય, આબરૂ રાખવા તો તું જાય; એવું
કહીને આવ્યા ત્યાંય, સોમદત ગણિકા બેઠાં છે જ્યાંય. કહો ભા
ઈ હવે કરવું કેમ, તમો બતાવો કરિયે તેમ; કહો તો ઘરનું
સોપું સહુ, કહો તો દિકરાની સોપું વહુ. વહુ છે લક્ષણ ગુણ
ભંડાર. અમારે પણ વહુનો આધાર; રતનમાલ છે તેનું ના
મ, કહોતો અર્પું કરી પ્રણામ. ત્યારે સોમદત કહે કેમ થાય,
પારકી વસ્તુ કેમ લેવાય; વળી પણ ત્યાં બહુ ધન, ક્યાંથી ગ
મે મુજ મન. ત્યારે ગણિકા બોલી સોમદતની સાથ, માનો શેઠ
કહે છે વાત; હોનાર વસ્તુ એમજ થઈ, બાકી સેઠનો વાંકજ
નહી. સેઠ કહે જો માનો તમો, તો વહુ ઉપર પાંચ વહાણ આ
પુ અમો; સોમદત કહે હવે કરીયે કેમ, તમે કહો છો તો કરીયે
તેમ. બાકી અમારૂં મન તો માને નહી, પણ તમારી વાત રા
ખવી સહી; તમો સેઠ શાહુકાર છો સાર, ઝાઝું કહીયે તેમાં ન
હી વેહેવાર. પછે પાંચ વાંહાણને વહુ દીધ, એ વાતતા લખાવી
લીધ; શીવંત કહે અમારૂં બહુ પાપ, અમને ઘણો લાગ્યો સં
તાપ. દીકરો ગયોને વહુ પણ ગઈ, મારી પાસે રહ્યું નહી કં
ઈ; એ વહુ વડે મારૂં ઘર સોભતું, સુંદર સોભાથી આપતું. તે
માં સહુ ઉંધી વાટ, દીકરાએ વાળ્યો બહુ દાટ; વહુ ગઈ અ
મારી સરતથી, માહારી આબરૂ જવા દીધી નથી. એ વહુ
એ મારી રાખી લાજ, નીકર માહારૂ કરત કોણ કાજ; સાબા
શરે વહુ સુખીયાં થજો, કામ કાજ મુજને કહાવજો. ૨૦

દોહરા.

તાહારે વહુ કેહે સસરા સુણો, શાને દુઃખીઆ થાઓ; તમ
અમ સબંધ એટલો, હવે સુખે મેહેલમાં જાઓ. એમ કહી પ

એ પડી, સાસુને લાગી પાએ; બોલ્યું ચાલ્યું મારૂં ગણસોનહી એમ કહીને થયાં વીદાએ. પછી ચતુરા વાંહાંણમાં, સાથે ચડયો સોમદત; હવે કસ્તુરા વતી કહે રાયજી, એવી નારીની છે મત. હવે ત્યાંથી ચાલ્યા બે જણાં, ભર દરીયા મોઝાર; હવે ત્યાર પછી સું નીપન્યો તેનો કહુ વિસ્તાર. ચાલ્યાં વાહાણ તે જોરમાં, માંહે બેઠા નરનાર; ત્યારે સોમદત કહે અસ્રી સાંભળો, મારા મનનો વિચાર. મારે ઘેર જવાય નહી, મારી અસ્રીની લાગેછે બીક; કેહે અસ્રીચરીત્ર લાવ્યા નહી, શું કામ કરવું એ ઠીક. વાહાંલાને આગળથી મોકલુ, મારૂં ન લાવ્યા લગાર; ત્યારે શો ઉત્તર અમે આપીએ, માટે ઘેર કેમ જવાય. તારી અસ્રી પણ ભોગવે, પર પુરૂષ શું જાર; તમને ખબર તેની નથી. દેખડાવીશું ભરથાર. નગર તમારૂં કેટલે, તે સાચી કોહોને વાંણ; નગર સમીપે આવે સાહી. ત્યાં નાગરીએ વાંહાંણ. તે હવે સમીપે આવ્યું સહી, ત્યાંથી જોજન ચાળીસ, આગળ સસરાનું ગામછે, તે પણ ત્યાંથી જોજન વીસ, ત્યારે રતનમાલ કેહે કંથજી. જ્યારે આવે સસરાનું ગામ ત્યારે અમને ચેતાવજો વાંહાંણ નાંગરશું તે ઠામ. તે નગરમાં ખબર કહાડજો, કદી પંહેરમાં તેમ નર; જો અસ્રી ચરીત્ર દાખવું, જેમ મન માને થાર. એમ કહીને વાંહાંણ હંકારીઆં, આવ્યાં જોજન વીસ; શોમદત્ત કહે નારી સુણો, આ સસરાનું ગામછે ધીસ. વાંહાંણ નાગરાં તે બંદરે, પછે કરયો મંન વિચાર; પુરૂષ વેશ પોતે ધરયો, રતનમાલ જે નાર. મછવો મુકાવ્યો ત્યાં થકી, બેઠાં નરને નાર; ગુમાસતાઓ સાથે લેઇ, પછે આવ્યા સસરાને દ્વાર, શાગાનાં સાથે એક વાણીઓ. ત્યાં બેઠાં બેહુજણ હાર; પુછું તે વાણીકને, આ છે કોનો આવાસ. કોણ વેપારી એ વાણીઓ, તે જસ કેરો વિખ્યાત; એક દીપચંદ નામે વાણીઓ, શાહુકારમાં રૂડી જાત. વેહેપાર કરે છે વાંહાંણનો, જુગમાં છે બહુ વીખ્યાત; એને પુત્રી એક પરીવારમાં, કનકાવતી જેનું નામ. તેનો પીઉ ગયો પરદેસડે, માટે રેહેછે આણે ઠામ; વાત તો એવી સાંભળી, ચેતી ચતુર સુજાણ. ત્યાં થકી સહુ. આવ્યાં જ્યાં છે વાંહાણ; રતમાલ કહે કંથને રાતે જઇએ નગર મોઝાર. ચરચા જોઇએ તુજ નારીની. અસ્રી ચરીત્ર પમાડું પાર; પછે ખા

નપાન કીધાં તહી, એવી પડી ત્યાં રાત. મછવો મુકાવ્યો તે અમે, ઉતરયાં બે જણ સાથ, ચરચા જોવા કારણ ચાલ્યાં નારીને કંથ જોતાં જોતાં સંચરયાં જ્યાં છે મેહેલનો પંથ; મેહેલ જોયો તે નારનો, તછે ગયો તે પાછલે બાહાર; ત્યાં દોરડું બારીએ બાંધીયુ તે દીઠું નરને નાર. ૨૩

ચોપાઈ.

નારી કહે ઉપર ચઢો સ્પષ્ટ, જઇ કરો તમે સઘળે દ્રષ્ટ; ત્યારે શોમદત કહે કેમ જવાય, મારી નાંખે મુજને ઘર માંય; તારે નાર કહે તારૂં નહી કામ, હું જઇને જોઊંછું તે ઠામ, એમ કહીને ઉપર ચઢી, જઇ બાહાર પછવાડે અડી. સરવે કાઢયું ત્યાં આંખડી તળે, જુવેતો જાર વળગ્યો છે ગળે. ભર નીંદ્રામાં સુતાં છે બે, વસ્ત્ર નથી નગ્ન છે દેહ તે જોઇને હેઠળ ઉતરી. સ્વામીને કહ્યું તે ફરી; ત્યાં ભરનિંદ્રામાં સુતી નાર, પાસે સુતો છે તેનો જાર. જાઓ ઉપર તમે ભરથાર, ત્યાં નથી કોઇ મારનાર; જઇ જારનું કાપો શીશ અંતર કરોધમાં આણી રીસ. શોમદત ચઢ્યો તે વાર. સુતાં છે નારીને જાર; ભર નીંદ્રામાં બન્ને સહી, કહે વળગી સુતાં છે તહી; સોમદતે જોયું તે ઠાર ધીક ધીકરે તુજને નાર; રતનમાલે કહ્યું તે સાચું સહી. મેં મુરખે માન્યું નહી, હવે મુસતક કાપવા જાઊં જાયરે ફરી જાગી ઉઠે તાયરે; તો મુને મારી નાંખે સહી; એમ કહીને પાછો ઉતરયો તહી. તારે નારી કેહે છે કેમ આવીયા, મુસતક કાપી કેમ ન લાવીયા; ત્યારે સોમદત કહે વરૂજે મુજ હાડ, મારાથી નવ થાએ ઘાત, ત્યારે કહે તું પુરો ગુમાર એમ કહીને લીધી તરવાર; પછી પોતે ત્યાં ઉપર ચઢી, આવી જ્યાં સુતાં જારને સુંદરી. ધીમે ધીમે ગઈ તે દીશ, જઇને જારનું કાપ્યું શીશ; ચોટલી તેની હાથમાં લેઇ, મુસતક લાવી હેઠળ સઈ, તે શીશ લઇને ચાલ્યાં બેય, દરીયા કાંઠે આવ્યાં તેહ, મછવાવાળાને બોલાવ્યો જાણ, પાછાં જઇને બેઠાં વાંહાણ નારી કહે સાંભળો ભરથાર, આ અસ્ત્રી ચરીત્ર નીરધાર; ઇ શકોતરીયામાં ઘાલ્યું ઉલ્લાસ, તાળું દેઇ કુચી રાખી પાસ. તમો ઘેર જસો જાયરે, નારી પીયરથી આવશે તાયરે; અસ્ત્રીચરીત્ર લાવ્યા ભરથાર. આ મુસતક મુજને ... ... કહે એ વાત એટલેથી રહી પોતી નારીની ... ... રાત ...

લી રહી જાયરે, તે જાગી ઉઠી તાયરે. તે નારીએ કીધો મન વિચાર, ઘેર મોકલી દઉ મારો જાર; એન વિચારી જગાડવા ગઇ, તો મુસ્તક વિનાની કાયા સઇ. રૂદીર દીઠું અપરંપાર, નારી દુખ ધરયું અપાર; પછે મન વીચારયું સહી, મારા જારને કોઇએ મારયો અહી. પછે મનમાં એક ધરયો વિચાર, ચોકીવાળાએ મારયો જાર, પછે ચાદરમાં બાંધો ગાસડી; માથે લેઇ હેઠ ઉતરી. નાંખી આવી તે દરીયામાં જઇ, પાછા આવી ને ઘરમાં રહી, તે વાત કોઇ નહી જાણે લગાર; એટલે ત્યાં થયું સવાર. સોગ ધરે છે નારી સહી, એ વાત તો એટલેથી રહી; નાગરચાં વાહાણ જઇને ખાડીએ, વધામણી મોકલા બાપને, પેહેલાં વાયુ જેરથી ચાલ્યાં વાહાણ; આવ્યાં કોરે કોરે સમીપે જાણ; ધાઇ આવ્યાં તે માતને તાત, સાંભળી પુત્ર આવ્યાની વાત. નાગર લોક પણ આવ્યા સહી: માબાપ પુત્રને મળ્યાં તહી; ત્યાં રતનમાલ નારી છે જેહ, સાસુ સસરાને પગે લાગે તેહ. વહુ જોઇને હરખ્યાં માતને તાત, ઘેર આવ્યાં તે સરવે સાથ; ભેડાં માત પીતાને તન. સહુ સાથે કીધાં ભોજન વહુ દેખીને હરખે સહુ, રતનમાલ જેવી લાવ્યો વહુ; હવે કનકાવતી જે પેલી નાર, તેતો છે પીયર મોઝાર. પુત્ર ઘેર આવ્યો જાહરે, તેને તેડું મોકલ્યું તાહરે, તે પાહેરથી આવી સઇ, સાસુ સસરાને મળી છે તહી. મળી શોકય રતનમાલ જાહરે, અન્યો અન્ય સહુ મળ્યાં તાયરે. વાત વિગતની સરવે કહી ઠામ ઠરીને બેઠાં તહી. ૨૬

દોહરા. ૬

રાત પડી છે જાહરે, સુતાં નરને નાર; હાસ્ય વિનોદ કરે વારતા, ભામનીને ભરથાર. ત્યાર કનકાવતી કહે કંથજી, લાવ્યા એવી ચારીત્ર; તો પ્રીત આપણી રેહે, નહીં તો થાશે વિપ્રીત. ભાઇ ભોજાઇને આણી આપીયાં, આણી આપ્યું માતને તાત; તમો મારી વસ્તુ લાવ્યા નહીં મેં વીચારયું રૂદી યા સાથ. તમો નારી બીજી પરણીયા માહારે શો અટકાવ માગી વસ્તુ નહી મળે, ઉતારયો મુજ પરથી ભાવ. તાહરે કંથ કહે કામની તું વાહાલી મુજને પ્રાણ; તાહારી વસ્તુ લાવું નહી. તો થાય મુજને હાણ. તું છે માહારો જીવડો, તું છે માહારો આધાર; તાહારી વસ્તુ લાવ્યો સહી, ઓ પેલી પેટી મોઝા

ર. એ કુંચી આ કુંચી લો કામની, તમો હાથે ઉઘા ડી લો; અસ્ત્રી ચરીત્ર ખોટું કે ખરૂં, જવાબ મુજને દયો. તે કુંચી લીધી કામની. ને ઉઘાડયું તે વાર; મુસ્તક રૂમાલમાં વીંટીયું, ત્યાં દીઠો પોતીકો જાર. ત્યારે નીહાળકું નારીએ, એ સાચી નીશાની સહી; હવે ખોટું કેમ કહુ, એમાં સંદેહ નહીં

છપ્પો.

હોસાઇ ગઈ તે નાર. અદ્રષ્ટની ચીંતા કીધી; થર થર કંપે કાય. મનમાં ઘણું એક બીતી: મુખે નવ બોલાય, મનમાં વીચાર આવે; માહારા જારનું શીશ, એતો કયાંથી લાવે; ઠગી મુજને સાંન. મન નારીનું ખોયું; હલકી પડી ગઈ છેક, પાણી મોતીનું ખોયું. કમળ કરમાઇ ગયુ સેહેજમાં, એમ થઇ ગયું તે નારને; શામળ કેહે સહુ સાંભળો, જ્યારે દીઠો પોતીકા જારને. ૧

ચોપાઈ.

તે નારી તો ઝાંખી થઇ ત્યારે કંથે વાંણી કહી; કેમ નારી જુવો છો અરૂપરૂ, અસ્ત્રીચરીત્ર ખોટુ કે ખરૂં. ત્યારે નારી એ જોડયા હાથ. સ્તુતિ કરવા માંડી સ્વામીની સાથ; ક્ષમા વાં કરો માહેરો, મેં ઘણો અપરાધ કરયો તાહરો. પગે લાગે તે નરને નાર. રીસ ન કરશો માહારા ભરથાર, નારી નીચ થઇ છે કથી, બુદ્ધી નારીમાં કાંઇએ નથી. તમો મારા સ્વામી ચતુર સુજાણ, અનગુણ સાંખે ગુણવાંન; એમ કહી નયણે નીર ભરયાં, ત્યારે ત્યાં બોલ્યો ભરથાર સાંને નારી આવડું દુઃખ ધરો, તમે અપરાધ તે સાને કરો; એવું ઠામો ઠામ મેં જોયું કથી, એમાં વાંક તમારો નથી. સુખે નારી રેહેજો તમો એની રીશ નથી કરતા અમો; તારે નારી પણ પાંમી હુલાસ, સુખે રહી સ્વાંમીની પાસ. પછે મનમાં વીચારયું તે ઠાંમ, એ તે પેલી નારીનું કામ; માહરો સ્વામી મુરખ ઘણું શું સમજે ચરીત્ર ચતુરા તણું. પેલી નારી લાવ્યો ભરથાર તે નારે કરયો હુશીઆર; દખાડી દીધું માહેરૂં ચરીત્ર તેથી વાત થઇ વીપરીત. પછી સોકો બે એકઠી મળી, વાત ઓષ્ઠ માંહે હળીભળી; પછે ખાય પીએ ને દીન નીરગમે, કરે વીનોદ બને જણ રમે. એ વાત અહીં પુરી થઇ, કસ્તુરાવતીએ બરાસને કહીએવાં છે નારીનાં ચરીત્ર, તે શું પુરૂષ જાણે રીત.

દોહરો.

કસ્તુરાવતી કેહે રાયજી, માટે નારી ચતુર સુજાન; પુરૂષ બી
ચારો શું કરે, અકલ વનાનો અજાણ. તે સોમદત સજ્યો
નહીં, નવ સમજ્યો ભુલો સેઠ; પેલી ગુણકા મળી જાહરે, ત્યા
રે ઠીક પોહોંચાડયો ઠેઠ. ગુણકાએ મેળવી નારને, જેનું રતન
માળ છે નામ; તે નારીએ ચરીત્ર કરયું, પાર પાડયું સહુ કા
મ. જો ગુણકા નાર મળે નહીં, તો શું કરે સોમદત રીત; જો
સો પુરૂષ એકઠા મળે; તો ન જડે સ્રી ચરીત્ર.

ચોપાઈ.

એવી વાત કરી જાહરે, રાજાને ગુસ્સો ચઢયો તાહરે; રકત થ
ઇ ગયાં લોચન. ઉતરી ગયું રાજાનુ મન. જુઠી વાત મુજ આ
ગળ ભણી, પુરૂષને લેખામાં નહીં ગણી; હવે તારે મારે શા
નો સંબંધ, તૂટયો તારો મારો બંધ; હવે તું નારીને હું નર ન
હીં, એવી બરાસ રાજાએ વાણી કહી; તારે નારીએ વીચારયું
મન મોઝાર એ રીસાઇ જશે મારો ભરથાર. ઘણે દાહાડે હું
પામી કંથ, તે વળી જતા રેહેશે પંથ; પછે કાલાવાલા માંડયા
ઘણા, કસ્તુરાવતીએ બરાશ તણા. સ્વામી એતો સેહેજમાં વાત
થઇ. એનો ક્રોધ તમારે કરવો નહીં અસ્રી અલપ બુધ્ધી અ
જ્ઞાન, વાત કહીને થઇ અજાણ. મુરખ છે નારીની જાત, ન જા
ણે વીવેક વીચારની વાત; હવે માહારા સમ જો ધરો દુઃખ, શા
માટે ઉતરી ગયું મુખ. હવે આવો આલીધંન લીજીએ, એ વા
તનો શોક મુકી દીજીએ, નીસાસા મુકે વારંમ વાર. પણ બરા
સ નવ બોલે લગાર. પછીં કસ્તુરાવતી પસ્તાઇ ઘણી સ્તુતિ કરે સ્વા
મી તણી ન ખાધું ન પીધું તહીં રાત પડી ને સુતો જઇ. મુખે ન
થી બોલતો લગાર, સાંભરયો વજીર તણો કુમાર નારી કાલાવાલા
કરે, બરાસ રાજા એ મનમાં ન ધરે. નારી વળગવા જાય જ્યારે છ
છેડી કાઢે ત્યારે. એમ કરતાં મધરાત ગઇ. નારી તો નીંદ્રાવશ થઇ
ત્યારે બરાસે વીચારયું મન, અવે તે ઊંઘી અસ્રી જન; દારકું
બારીએ બાંધ્યું સાર, ત્યાંથી નીકળી નાઠો બાર. દરવાજા પાસે
આવ્યો સઇ ત્યારે દરવાજો ભીડયો તહીં છાનો માનો પેઠો તે ગા
ર, ઉઘડતે દરવાજે નીકળ્યો બાર' વળી લીધો ફકીરનો વેશ, રટ
ણ કરે છે દેશો દેશ; મનમાં એમ કરયો વીચાર, મળી જાય વ
જીરનો કુમાર. એમ વીચારી ફરતો ફરે, વજીર સુતને ચતમાં ધરે;
જો મળે સુજને મીત્ર સાક્ષાત, તો સુખ દુખની કરીએ વાત; એ

મ વીચારીને ચાલ્યો જાય, જુવે વન ડુંગર ને ગરાય; અવે એ વાતતો એટલેથા રહી કસ્તુરાવતીના શી ગત થઇ.

દોહરો.

જ્યારે નારી નિંદ્રાવશ થઇ, રહીજ્યારે પાછલી રાત. સ્વપ્ન લંધુ નારને, તે કહું વીસ્તારી વાત. જાણે સ્વામી રીસાઇ ગયા, બાંધી અંગ અથિયાર; ત્યારે કાલાવાલા કરેછે ઘણાં, તોય માને નહી ભરથાર. સ્વામી કહે હું કંથ નહીં, તું નહીં મારી નાર; એમ કહી તરછોડી નારને, નાઠો ત્યાંથી ભરથાર. ત્યારે નારી છેડે વળગી પડી, ન જાશો મારા ભરથાર; રોઇને ઘણું કળકળી, એટલે ઝબકી ઉઠી નાર. એટલે સ્વામી દીઠા નહીં સેજમાં, ત્યારે પડી પેટમાં ફાળ; મુરછાગત થઇ નારી પડી. હવે આણું મારો કાળ. શીશ કુટે ને હઇડુ હણે, ત્રોડે માથાના કેશ; હાય ઓ હવે શું કરૂં, કંથ મેલી ચાલ્યો પરદેશ. ૬.

ઢાળ ઉદાશી.

કસ્તુરાવતી ઘણું ટળવળે, વલવલે મેહેલ મોંજાર. નીપટ નીરાશ મુજને કરી, એમ નવ ઘટે મુજ ભરથાર. આવી વાત મેં શાને કરી, જેથી સ્વામીને લાગ્યું માઠુંરે; એ રીશ ચઢાવી નાશી ગયા, એ દુઃખે પંડ પાડુંરે. એકવાર સમુદ્રમાં પડી, ત્યાંથી પ્રભુએ લીધી ઉગારીરે; વળી ભાગ અધુરા હતા, જે મેં વાત એવી કાઢીરે. ઓ કુમળા મારા કંથજી, જુઓ રાંકડી આ મુરે અટપ અપરાધ માટે તજી ગયાછો, મહા કષ્ટ તેથી પામું રે. નવ ઘટે પ્રાણજીવન માહરા, આમ તજીને જાવું રે, જો મુજને કહી ગયા હોતતો, હું પણ પાછળ આવુંરે. મેં જાણ્યું જે હાશ કરૂં છું, હાંશીમાં થઇ હાનીરે; ઓ પાપી મારા પ્રાણીયા, કેમ બેશી રહ્યો ઘટમાં પ્રાણરે. ઓ કસ્તુરાવતી મારી માવડી, આ કપુરસેન મારા તાતરે; ઓ કસુંબા દેશના રાયજી, બરાસ તે માહારો નાથરે. પેલે ભવ તરછોડેથી, હંશ તણો અવતારરે; આ ભવ તરછોડી ગયાછો, મારા પ્રાણ જીવન આધારરે. ઓ પ્રભુ હું કોનીને કોણ તણી, મારૂં હઇડું કોણરે; તમવીના નીશ્ચે મરૂં, કાહું કહેતો પ્રાણરે; જો સંતાયા હોયતો છતા પડો, હવે નથી રેહેતી ધીરરે; પ્રાણ જીવન પ્રાણજ જશે, એમ કહીને ભરતી નીરરે. પેલે ભવે કરમ શાં કરયાં, કાંઇ વાવતાં છોડાવ્યાં બા

ળરે. કે કાંઇ વિશ્વાસ ઘાત કરી. ફોડી સરોવર પાળરે બ્રાહ્મણની નીંદયા કરી, કે કરયો કન્યા વિક્રયરે; કે કુડાં ચડાવે આળરે, કે ગાયોને દીધી ગાળરે. એમ કરે વીલાપ કામની, ભામની ચોદેશ ભાળેરે; ઘેલી વેહેલી જુએ પેહેલી બળતાને કાં બાળેરે, પછે ભયાતુર થઇ મન વિચારે વાતરે; હુ હવે મળવું નહી થાય નાથજી, માટે કરૂં દેહની ઘાતરે. પછે કેસ તણો ફાંસો ઘાલ્યો, વળી વિચારયું મનરે, એમ જીવ કાહાડે શીધી નથી, માટે ખોળું મુજ ભરતારરે.

ચોપાઈ

પછે વીચારયું મનમાં નાર, રડે જડે નહિં ભરથાર; માટે ધીરજ રાખું મન, ખોળવાનો કરૂં ઉદ્યમ. પાછી રાત્રી જારે થઇ, લીધો પુરૂષનો વેસજ શાહી; સુંદર સોભે તેની કાય, જાણે કોઇ મથ વીનો રાય. જેના તેજથી સુરજ જંખવાય, પુરૂષ દેખે તે લજવાય; અશ્વ પાણીપંથો સજ કરો, તે ઉપર પોતે અસવારજ થયો. નીકળયો ત્યાંથી રાતોરાત, કોઇએ ના ઓળખે એસ્ત્રીની જાત અશ્વ મારી મેલ્યો નહી, અઘોરે વનમાં આવ્યો વહી. કાંઇ નર ગણે લેખા માહે ખેડ ખેડ કરતો જાય; એમ દેશાટન કરતાં બહુ રહ્યા, પછે તેના ઉપાય શા થયા એક રૂડું નામે રાજન તેનો વીરભદ્ર નામે તન તે મૃગીયા રમવાને જાય, તે આવ્યો તે વનને માંહ. તે મારગમાં જાય જેટલે, પેલો પણ મારગમાં મળ્યો તેટલે; તે વીચાર કરે છે મન નખ શીખ નીહાળું તે જો તન તેને વીચાર કરયો સરવથી, એ નારીછે પણ નર નથી; પાસે જઇને ચરચા જોઊં, માહારા મનનો સંદેહ ખોઊં. એમ કહીને પાસે ગયો, જઇને બોલજ કહ્યો; ઘોડો લગભગ લીધો પાસ, મુખ થકી બોલ્યો હુલાસ. કોણ રાજાના છો કુંમાર પ્રાક્રમ દીસે છે અપરંપાર; એકાએક એકલા છો જાત, શાથી સંગાથી નથી કોઇ સાથ. તેણે પણ જુહાર કીધો સહી, પછે મુખથી વાણી કહી; તમો પણ ક્ષત્રીના તન, કેમ એકલા આવ્યા વન. કરપુરાવતી નગરી તે સાર, ત્યાં તણા અમો રેહેનાર; કામસેન છે માહારૂં નામ, આવ્યા મૃગીયા રમવા કામ ભુલા પડ્યાને વનમાં ભમ્યા; દુખ બહુ દેહમાં સમ્યા, ત્યારે બોલ્યા વિરભદ્ર રાજન, ભલો કપુર સેનનો તન. આસમીપે નગરી છે સાર, ત્યાં પધારો રાજકુમાર; થાક ખાઓને સુખીયા

થાઓ, દીવશ એક રહીને જાઓ, તારે કામસેન વિચારો પેર. ગયો તેની સંગાથે ઘેર.

દોહરા.

ઘેર લાવ્યો તે ગુણનીધી. વપુએ વિચારી વાત, જોઉ ચરચા એહની; જે થાય દીવશને રાત. જો અસ્ત્રી ઠરશે નિશ્ચય સહી, રાખીશ ઘરમાં નાર, ભોગવીશ ભામનીને આપથી, મન વિચારયું તે ઠાર. રાત દીવસ ચરચા જુએ, ચાકરી કરે અનુંદીન; પણ પલક એક પકડાય નહીં, ન આવે સમજાણ મન. તારે વીરભદ્ર એમ બોલીઓ, સાંભળ કામસેન મુજ મીત્ર; એક ગુંજ વાત તમને કહું, તું છે પરમ પવીત્ર. એક નાર છે સુંદર અતી ઘણી, મુજ માનીતી છે સાર; તેને તન મન જુદું નથી, અમારે પ્રીત છે અપરંપાર. તેણે મુજને દેહ સોંપી સહી, તનમન માહારી પાશ; તે ભામનીને હું ભોગવું, કરૂં છું રંગ વિલાસ. હવે તમે મારા મીત્ર થયા, વળી આપણ છીએ એક જાત; માટે તમારી અગળે. ભાગી મનની ભ્રાંત. માટે મીજબાની આજ કરીયે સહી, મારી વાડી માંય; તે નારી પણ આજે આવશે. તમો જરૂર આવજો તાંહ. ત્યાં ખાનપાન કરીએ બેહુ જણા, આપણે ભોગવીએ નાર; મીત્ર માટે તમને કહું, બીજાને નવ કહું લગાર. સરખે સરખા બે જણા, માટ કહી મેં વાત; એ અસ્ત્રી રંભા છે સહી. આપણે રહીશું આખી રાત. વળી કોઇ જાણે નહીં, એવું કરીશું કામ; માટે બ ઘડી રાત જતે તહાં, જરૂર આવજો તે ઠામ. ત્યારે કસ્તુરાવતીએ વીચારીયું, શું એ કરે મુજ કાજ; કાંઇ બુદ્ધિ લગાડું આ સમે, રાખું મારી લજ. પછી બુદ્ધિ વીચારી બોલીયો. સાંભળ વીરભદ્ર રાજન, તમારી વાત સાંભળી કરી, ઘણું હરખ્યો હું મન. કારણ મારા મન તણું, તે સંભળાવું વ્રતાંત; તમે મિત્ર છો માટે ભાગું, તમારા મનની ભ્રાંત. ૧૪.

ચોપાઈ.

એક નારને શાને શું થયું, તે તમ આગળ માંડીને કહું; એક હું ને મારો મીત્ર જ સાર, નીકળ્યા તા અગીઆ રમવા બહાર. તે દાહાડે હરણ હેતા ફાળ, અમે બેહુએ આણ્યો પશુનો કાળ. એટલામાં શું કૌતક થયું, અરે મીત્ર તમને શું કહું. એક અગલો અગલી બેઉ જણા, રેહેતાશી તે વનજ તણાં; તે ન

ર નારીને સ્નેહજ ઘણો, દીવસે વીહાર કરે ત તણો. અમને તે તું નોતું ભાન, મેં અજાણે મારયું બાણ; તે પ્રગને વાગ્યું જઇ, રંગમાં ભંગ પડયોછે તહીં. તે પ્રગના તો ગયા પ્રાણ, ત્યારે હું પાસે ગયો નીરવાણ; પેલી પ્રગલી બેઠી કરે રૂદન, પછે કરોધે બોલી વચન. ધીક ધીક કહ્યું તેવાર, કહ્યું રાજા તુનેધીકાર; તેં રંગમાં ભંગ કીધોસહી હવે તું જીવવાનો નહીં. અરધો વીહાર રહયો તે ઠાર, એવામાં તેં મારયો ભરથાર; પુરૂષ સંગ કરવા નહીં દીધો અનંગ, અપવચ લીધો પ્રગનો પ્રાણ. તે માટે શ્રાપ દઉંછુ અમો, એવું હોયતો ચેતજો તમો; તુને તાહરી સ્ત્રિ સંગ કરશો જાહરે, અવશ્ય તું મરશે તાહરે પુરો સંગ થવાનો નથી, અવશ્ય પ્રાણ જાશે સરવથી; જાહરે એવી કહી પ્રગલીએ વાત, થરથર કંપ્યા મારા ગાત્ર. ન રહી મારા મનની ધીર, નેત્રથી વહયાં બહુ નીર; કાલાવાલા માડયાં ઘણાં, વીનંા કરયા બહુ પ્રગલી તણાં. માની નારીકે ચતુર સુજાણ, મુજને જાણે તન મન પ્રાણ; હજીતો ઇચ્છા મનમાં રહી, ભોગ હજી એકે ભોગવ્યો નહીં. ત્યાં નારીને મન આરત ઘણી, ભોગ વીલાસ ભોગવવા તણી; તેની પુરી પડી નહીં એકે આશ, હવે ભોગવું તો થાએ નાશ. મેતો અજાણે કરી ઘાત. જાણ્યા વીના કીધી વાત; માટે ખેમા કરો સરવથી એનો શ્રાપ દેવો ઘટતો નથી. ત્યારે તેને આવી દયાય. એવાં દીનના બોલજ કહ્યા; કહયું જે અસ્ત્રી ભોગવજો આપ, તે શ્રાપ મે કીધો માફ. પાણ પર અસ્ત્રી સંગ કરશો જાહરે, નીશ્ચય ત્યાં મરશો તાહરે; એવું કહીને પ્રગલી ગઇ. માહારા જીવની શાતા થઇ. એવો શ્રાપ મુજ માથે સહી, માટે પર અસ્ત્રી સંગ થાએ નહીં; તમે તો છોછો સુખને કામ, પણ મારૂં મોત લખ્યું તે ઠામ. માટે સુખે રમજો તમો; તે નારી સાથે નહી રમીએ અમો; અમથી તાંડાં નહી અવાય, એવું કહી સમજાવ્યો તે રાય. તે પણ સાચું માન્યું સહી, એ વાત કાંઇ જુઠી નહીં; હવે હું પરપંચ કરૂં સાર, હવે એનો નીસચે કરવો નીરધાર. એમ વીચારી વીર બદ્ર ગયો, પછે કામસેનને અંદેશો થયો; રખે એ કાંઇ ચાહાતો હોય, ચરચા માહારી નીસચે જોય. માટે અહીંયા રેહેવું નહી, એવું વીચાર્યું કામસેને સહી; તેતો રાતોરાત ત્યાંથી પરવરયો, વળી અસવાર વનમાં નીસરયો. દર મજલ ચાહ્યો જાય, કોઇને

ણુ નહી લેખા માંય; એમ દીવસ ઘણાં ગયાં વહી, એક ન
ગર આવ્યું તહીં. ૨૧

દોહરા.

એક નગર રળીઆમણું, જાણે ઊગ્યો ભાણુ; તે નગરમાં કુંવર ગયો, જે કપુરસેનો તન. ઉતરયો જઈને વાડીએ, અશ્વ બાંધ્યો તે વ્રક્ષ. શોભા નંદતમ તે તણી, જેતાં કરે સહુ ચક્ષ સુતો ઝાડ તણી સહી, થયો નિદ્રાવશ દેહ; એટલે માલણ વાડી તણી, વાડીમાં આવી તેહ. સુતો દીઠો તે જનને, માલણ વીસમે થાય; તે પાસે આવી જેટલે, એટલે ઝબકી ઉઠયો રાય. ત્યારે માલણ કરજોડી રહી, વીનય કરી બોલા વાણ તમે કોણ દેશના અધીપતી, કોણ તણા સંતાન. કયાંથી આવ્યા ને કયાં જશો, આ નગરમાં શું છે કામ; બાળે કેમ બાહાર નીસરયા. શું છે તમારૂં નામ. ત્યારે રાજકુંવર કહે સુણ માલણી, મારા મનની વાત; અમો કપુરસેન નગરીના અધિપતી, કપુરસેન મુજ તાત. કામસેન નામ અમતણું, ને શીકારે નીકળ્યા બાહાર; અમો માહા વનમાં ભુલા પડયા આવી પોતા આ ઠાર, હું તુને પુછું રે માલણી, આ નગરનું શું છે નામ; રાજા એનો કોણછે, સુખ દુઃખ કેવાં છે કામ. રાજા ને પરીવારછે કેટલો. સુખ દુઃખ વધ કે હાણ તે સહુ અમને કહો સહી, સંભળાવો સાચી વાણ. ત્યારે માલણ કહે રાજા સુણો, તે કહું પ્રણુ વરતાંત; તમો મદીર આવો મારરે, તા ભાગુ મનની બ્રાંત. ને રાજકુંવર એવું સાંભળી, મનનાં થયો મગન; ત્યાંથી પોને ચાલીયો, આવ્યો માલણને ભોવન. માલણ હેત ધરે ઘણું, જાણે પેટના તન; ત્યારે રાજકુંવર કહે માલણી, મારા મનની વાત. આ નગર દીશે રળીઆમણું એનો કોણ છે રાજાય; સુખ દુખ કેવું શેહેરમાં, તે સાચી કહો વારતાય. ત્યારે માલણ કહે સુણ અધિપતી, આ નગરનું વરણન તે તમને પ્રીતે સરવે કહું તે તું સાંભળ રાજન. હવે માલણ કહે સુણો રાયજી, તે નગરની સોભાય; સુખ દુખ ને હાંણ વરધ, કહું સરવે વારતાએ. ૧૬

ચોપાઈ.

તારે માલણ કહે સાંભળો રાય, આ ચંદનાવતી નગરી કેહેવાય; ચંદરસેન રાજાનું નામ, ચંદનાવતી રાણી અભીરામ;

એક ચંદ્રમુખી કંન્યાએ. બીજી સતી નથીરે કોય; રાજરા
મના શરખુ સહી, સુખ દુખ કેઇ જાણે નહી, ઘેર ઘેર સદા
વ્રત અપાય, ઘેર ઘેર હરા કથા રોજ થાય; પુત્રની પેરે પા
ળે પરજાય. ભટ બ્રાહ્મણ રાજા ચાહાય; પરધાન પણ સબુદ્ધી
સહી, એમ વાત રાજાની કહી, રાજકુંવર કહે માલણ માય
મુજ એક કહોની વારતાય. ચંદ્રમુખી જે કુંવરી સહી, તે પ
રણી કે કુંવરી તહીં; તારે માલણ કહે સાંભળ રાય, તે ક
ન્યા છે રૂપની રંભાય. ભણી ગણી બની છે ઘણી, શી શો
ભા કહુ કુંવરી તણી; રાજા તેને પરણાવા કરે, તારે કુંવરીના
ઓચરે મારા મનમાં મોણજ ઘણુ, મન માને તે સાથે પ
રૂ. સમશ્યા મારી પુરશે જેહ, અમો વર વરીશું તેહ; તેશું
જાણીએ શી સમશાય, એવો હઠ ધરયો મન માંય; કોઇ થ
અરથ થાતો નથી, માટે કન્યા કુંવારી સરવથી. અરથ કરના
રો મળશે જાયરે, તે કન્યા તેને પરણશે તાયરે; એવી સાંભ
ળી માલણની વાત, સાચું બોલુંછું તારી સાથ, તે કુંવરીએ
શમશા ધરી હશે જેહ, નીશ્ચે અરથ કરીશુ તેહ, પણ એક
મુજને બાધા જાણ, પણ એ કંન્યા પરણું નહી નીરવાણ;
શમશા એના મનની કહુ પણ એ કન્યા હું નહી લેઊં, એ
મન ધરતી હશે હકાર, જે પથવીમાં નથી કોઇ કેહેનાર; મા
ટે એના મનનો મટાડું મોડ, શમશા કહીને છુટું હોડ; પર
ણવાની તો કહુછું નાય, એવું હોય ને કહુ શમશાય, ત્યારે
માલણ બોલી તહી, હવે હું જાઊ કુંવરીની પાસે સહી. ત
મ વચનથી હું જાઉં; જઇ કુંવરી પાસે વધાઇ ખાઊં, એવું
કહીને ચાલી નાર, તે કુંવરી કેરા મેહેલ મોઝાર; જઇ ચં
દ્રમુખીને કરયો પ્રણામ બાઈ મુજને આપો ઇનામ; એક ક
પુર શોભાવતી નગરી જે કેહેવાય, તેનો કપુરસેન રાજાય. તેનો
કામસેન નામે છે તન તે આવ્યો મારે ભોવન; તેણે મને
પુછ્યું વ્રતાંત, ભાગી તો માહારી ત્યાં ભ્રાંત. એ કુંવર કહે શ
મશા કહું સહી, પણ કન્યા મારે પરણવી નહી; તે બાળપ
ણામાં જોબન વેશ, નીકળી આવ્યો છે પરદેશ.

છપ્પો.

રૂપે જાણે કામ, રામ સમાને; પરાક્રમમાં બુદ્ધિ બળવાન, જો
૨ દખીનો જવાને; ધરતા બહુ છે ધીર, વીર વનમાળી જેવો;

વિદ્યા આપ બહુ વેશ, શેશ સમરથ છે તેવો; શાણો માને કા હાપણે, વિદ્યા વડો વીવેક છે; તે શામશા કહે પણ પરણે નહી શામળભટ એવું કેહે છે સહી.

દોહરા.

માલણ કહે સુણ કુંવરી, સાચી કહીએ પેર; શામશા તારી પુગશે સહી, તે ઉતરયો મારે ઘેર. ચંદ્રમુખીએ સાંભળયું, મા લણના મુખની વાણ; કુંવરી તે વ્યાકુળ થઇ તલપવા માંડયો પ્રાણ. સાંભળી માલણ માનુની, મુને થઇ હાંશીને હાણ; હઇએ ધીરજ રેહેતી નથી, જઇ વળગ્યો ત્યાં પ્રાણ. વળી ચીંતા એક ઉપની ચીતમાં, ધીરજ ન રહે કાંયઃ શામશાએ કેહેશે ખ ગી પરણવાની ના કેમ કેહેવાય. મેં એ પણ તે માટે કરયું જે કોઇ હશે ચતુર સુજાણ; તે શામશા પુછશે તેનો ગ્રહીશું પાણ તે મીથ્યા થઇ ગયું માહરૂં, હવે શું કરશે કીરતાર; નીમીત માત્રે શામશા કરી. જોવા ચતુર ભરથાર. વિચારયું વાએ ગયું માલણે શી કરી પેર. વળી રૂપ વરણું તે તેહવું, વળી પ્રાક્ર ચ ઘણું જોર. તેથી જીવ રેહેતો નથી, હવે મનમાં બહુ પ સ્તાય; હવે શું કરૂં રે શુ થશે, હવે તે કયાં જઇ હુંય, એવો બીજો નર મુને કયાં મળે, રૂપ ગુણનો ભંડાર; રૂપ હશે ત્યાં ગુણ નહી. ગુણ ત્યાં રૂપ નહી લગાર. પછી મંદીરમાં ગઇ માનુની, કીધો મન વિચાર, પત્ર લખ્યો એક પ્રીતથી, ચતુરા ઇથી નીરધાર.

છપો

લખે કુંવરી ચતુર સુજાણ પ્રણામ હમારો લેજો; હું છું તમારી દાસ આશ માહારી છે જો; મેં નથી દીઠું તુજ રૂપ ભુ પ પ્રથવીનો કાહાવે; માલણ કેરાં વખાણ, તે બાહાણ રૂપે ખુ ચાવે; આ શામશા તે નિમત માત્ર, પણ ગાત્ર સોંપ્યું છે તુને સહી, માટે તન મન સોંપાયું આશા પુગ આવી અહી. તું કુ વરી લખે કામસેન, તમ વિના દેહ ધરવો નહી. પ્રણામ સાચો કરવો સહી, મેંતો પ્રણ માના હાડી; તું મારો આધાર, તું જી વડો છે માહારો; તું મારો સરદાર. મુને આશરો છે તારો; હવે તુજ વીના તલપે છે પ્રાણ, હાણ થાશે કાયાની, માલણ વચન ની રીત, પ્રીત લાગી માયાની, માટે કરગરી કહુ કરજોડ, પ રણ્યાની હા કેહેજો; કોટી કોટી કરૂં વાર, પ્રણામ હમારો લે

જો; પ્રતિ ઉત્તર લેખજો પત્રનો, કેટીવાર શું કહું કથી; શામળ કેહે કુંવરી લખે, મને તુજ વીના બીજું કોઇ નથી.

ચોપાઈ.

એમ પત્ર લખ્યો તે વાર, ઘરમાંથી તે આવી બાહાર; માલણને કહે કેહેજો તમો, આ પત્ર અ પુંછું અમો. પ્રતીઉતર તેનો લાવજો, વધામણી વળી કાહાવજો; મારી વતી કેહેજો પ્રણામ. કહીએ કુંવરી છે તમારે નામ. એમ કહીને છાની રહી; માલણ પોતાકે મંદીર ગઇ; જઇ કુંવરીનો કહ્યો સમાચાર. કુંવરીએ કહ્યા છે જુહાર. કહી કુંવરીએ સઘળી વાત, પત્ર હતો તે આપ્યો હાથ; તે વાંચ્યો એકાંતે જઇ, ચતા અદકી મનમાં થઇ. એ વીનતાએ કરયું છે પરણવા કાજ, હવે માહારી કેમ રેહેશે લાજ. સમશાની હા કેહેવડાવી સહી, તેથી પરનાંયો હું સહી. હવે શો કરૂં ઉપાય, પ્રતિ ઉત્તર શો લખું તાંય; પછે મન વીચારી ચતુર શુંજાણ. પત્ર એક લખ્યો નીરવાણ.૭

છપ્પો.

સાંભળ ચંદ્રમુખી નાર, સાર બુદ્ધી છે તારી; માહારે એ મોહું પણ, વાત માનજ તું માહારી; મેં પરણવાના ખાધા સમ. કેમ હેવે પરણું; પ્રથમ કહું શમશાનો અરથ, પછે વાત હું માહારી વરણવું; એ પરણવા કરે કાજ, લાજ માબાપની મેં લોપી; પરણવાની કરી જ્યારે પેર, ઘેરથી આવ્યા કોપી, માટે સમશા વાત પરથમ કરો, પરણવાની વાત પછે સહી; શામળ કહે સરવે સાંભળો, એ પ્રીત ઉતર લખ્યો સહી.

ચોપાઈ.

સાંભળ નારી તું મારી વાત. મેં સચ્ચો અક્ષર કહુયે । તુજ સાથ; જ્યારે પરણવાની કીધી ઘેર વાત, તે સારૂ મુકી આવ્યો માતને તાત. પરથમ અરથ હુ શમશાનો કરૂં. પછે હું પધે પરવરૂં; માટે તારા બાપને કરતું જાણ. અરથ આવી કરૂં પરણામ, તારૂ ભળ્યા મોહું છે નાર, તો કોઇ આવી મળશે ભરથાર. હમણાં ઉપરથી મન પકડો. શાને નેહ અતીશે ધરો. જોકે તમો સમશા શી ધરી, તે જાણું કરોની વેગે કરી; બીજી વાત પછે કરજો સહી, પરથમ શમશા પુછો અહી. એ રીતે લખ્યો છે પત્ર, માલણ હાથમાં આપ્યો

તરત; માલણ તાંહાંથી વેગે ગઇ, જઇ કુંવરીની પાસે ઉભી રહી, પત્ર આપ્યો તેના કર માંહે, ચંદ્રમુખીએ વાંચ્યો મન માંહિ; પછે અંદેશો કીધો મન સાથે સહી, હવે એ નર આવ્યો જાય છે કહી. ૬

દોહરા.

ચંદ્ર મુખી ચતુર છે ઘણું, વીચારયું મન સંગાથ; પરથમ સમસા પુછીએ, પછે પરણવાની વાત. ધીમે ધીમે રાવતાં, ધીમે શબ કુચ હોય; માળી શીંચે શોગણાં, પણ રત વના ફળ નોય. પરથપ તેડાવું મોકલનાં. કરૂં તાતને જાણ, જોઊં ચતુર છે કે મુરખ છે, પછે પરણું નીરવાણ. એમ વીચાર પેતે કરયો, તેડી પાસે એક દાસ; તેને વાત વીગત અરવે કહી, મોકલી રાજાની પાસ. તમો કોહાતો તાતજી, તો ખરૂં કરૂં મુજ મન; માળી મંદીર આવીયો, કોઇ રાજકેરો તન, તે કહે અરથ અમો કરૂં, માટે આગ્ના આપો તાત; એને મેહેલમાં તેડી કરીહું પુછું મારી વાત. રાજા સાંભળી ખુશી થયો, કહી દાશીને પેર; કુંવરીને કહીયે વાત સુખે કરો તેડી રાજાને ઘેર. મનમાંને તુજ દીકરી, તો કરણજો એની સાથ; એ વાતમાં રાજી ઘણા, એવું કહાવ્યું તાત. દાશીએ આવી કહ્યું, ચંદ્રમુખી ને વાણ; તેડો રાજ કુંવરને તમો, કાહાવ્યું છે રાજંન; ત્યારે પ્રસન થઇ તે પ્રેમદા માલણ તેડાવી તરત; કહ્યું રાજ કુંવરને મોકલો, જે આવ્યો છે મહીપત્ય. માલણ ત્યાંથી પરવરી, કહી રાજાને પેર. ચંદ્રમુખી કુંવરી રાયની, તે તેડે તમને ઘેર. અરથ પુછે શમસા તણો મનાવો તેનું મન;કન્યા પરણો કોડામણી, જેવી રૂપ રતન.

ચોપાઈ

સાંભળી તે માલણની વાત, ને હરખ્યો તેના મન સંગાત એવું વિચારયુ રાજ કુમાર, આવ્યો ચંદ્રમુખીને દ્વાર; અબળાએ ઉઠી કરયો પ્રણામ, ભલે પધારયા અતુરસુજાણ; આજ ઘણો હરખ પામ્યાછું અમો, કીરપા કરી પધારયા તમો.: આપ્યું કનક તણું આસન., બોલી તે કન્જોડી વચન. દેખીતા છો સુંદર વેશ, કેમ નીકળ્યા એકલા પરદેશ, કોણ કન્યા પરણાછો તમો, તે વિનય કરી પુંછુછું અમો; ત્યારે બોલ્યો દામસેન રાજન, વારે વારે કેહેતાં આવે છે લાજ. કાગળ

માં લખ્યું હતું અમો, તે સરવે જાણોછો તમો, વારે વારે શું કહીયે કથી, મેં જુઠી વાત કાંઇ લખી નથી. પુછ તારે પુછવું હોય સહી, તેનો ઉતર આપીએ અહીં, એમ કહીને છાનો રહયો, ત્યારે ગુણવાળીએ બોલજ કહયો. હવે મારા મનનો ભાગું ભેદ, સોંપું તન મન ધન સમેત; મારે પણ પુછવા છે તરણ. તેનું તોલ ભારે છે વરણ. તે સરવે ભાગો મારાજ, તોતો મારી રેહેસે લાજ. હનુમાન જે કેહવાએ વીર, જેનું પ્રાક્રમ પુરણ ધીર. જેને સાહે કરે શ્રીરામ, રામ પ્રતાપે કીધાં બહુ કામ; એ અંજનીનો છે કુમાર; અતીઘો પ્રાક્રમ અપરપાર, એ અંજની કેમ કુમારી રહી; અને માથે કોઇ રત્યાગી નહી. એ કુવારી ત્યારે ક્યાંથી સંતાન, જેનું નામ પડયું હનુમાન; વળી વાયુ પુત્ર કહે છે લોક, તે સાચું કહે છે કે ફોક, વળી કોઇ કેહે છે માહાદેવ તાત, અને ગણપતીનો છે ભ્રાત; એ સંદેહ મારા મનમાં થાય, એ અચરત મોહોટું કેહેવાય. એ બે જાણો એને ગાંધે તાત, વળી અંજની કુંવારી જાત; એ સંદેહ મુજને મોહોટો સહી, તમો વીના કોણ ભાગે અહીં. એમ કહીને છાની રહી, ત્યારે કામસેન બોલ્યો છે તહી; ધન ધન તુજને છે નાર, એ સંદેહ ભાગું આ વાર. પુરાણ ભેદ કથા છે સહી, સાંભળતાં પ્રાયશ્ચિત જાય વહી; ત્યારે નારી પગે નમી. એ વાતતો મનમાં ગમી, એ સંધે ભાગો જયારે. પછી વાત પુંછું તયારે. મારા મનમાં મોટા છે ધાક ક્યારે ભાગશે સંધેની વાત. ૧૬

દોહરા.

રાજકુંવર વળતો વદે, સાંભળ સુઘડ તું નાર; હવે એકે મને તમે સાંભળો. કહું તેનો વિસ્તાર. થયું થવાનું જે હશે, તે જાણું સરવે હું સાર, કીરીયા કરમ કુશળ સહી, જેને માને બધો સંસાર. અહલ્યા નારી છે તેહની, રૂપ તણો ભંડાર, દેવાંગના પણ તેવી નહી. એવી શોભે તે નાર, તે પતીવ્રતા ઘણી સાધવી, સતી તણો અવતાર; અહલ્યા તારા ને દ્રૌપદી મંદોદરી સીતા નાર. એવી અહલ્યા નારી [illegible], તેને અંજની નામે તન તે કુંવરી કુળ દીપક સહી રૂપે જાણે રત। હવે ઇંદ્ર રાજા છે સરગનો, તે મનમાં મોહયો અપાર, અહલ્યા જોઇ ધીરજ રહી નહી, જાણે ભોગવું એ નાર. તેને

ખાવું પીવું ગમે નહી, ગમે નહી સુખને શેન; અપછરાઓ ઘેર છે અતી ઘણી, પણ આહલ્યા ઉપર મન, રોજ આવી ફેરા ફરે: ગઉતમની સ્ત્રી પછવાડે સાર, દાવ આવે તો ભોગવું. એવો ઇંદ્રને મન વિચાર. ગઉતમનો ભય અતી ઘણો જાણે તો દેશે શાપ; માટે દાવ જોઇ પેસું સહી, એવું વિચારયું આપ. ૯

ચોપાઈ.

કામસેન કહે સાંભળરે નાર, એમ રોજ ઇંદ્ર ફેરે તે ઠાર; રાત મધ્યે ગઇ છે જાહરે, ચંદ્ર માંથે આવ્યો તાહરે. તે સમે ઇંદ્ર ઉભો તે ઠાર, ત્યારે ચંદ્રમા બોલ્યો તે વાર; કેમ ઇંદ્ર ફેરા ફરે આજ, કેહો તમારા મનનું કાજ. ત્યારે ઇંદ્ર બોલ્યો ચંદ્રની સાથ, માહારા મનની સાંભળ વાત; આ ગઉતમની નારી અહલ્યા સહી; તે દેખી ધીરજ રેહે નહી. તે અહલ્યા દેખી કામાતુર થયો, કામ મુજને વ્યાપી રહ્યો; એને ભોગવવાની ઇચ્છા ધરૂં, તે માટે રોજ ફેરા ફરૂં. ગઉતમ આગળ નવ ઓધાય, જાણે તો ઇંદ્રાસન જાય; કાંઇ દાહાડાનું મોહ્યું છે મન, માટે ફેરા ફરૂં આ દીન. તારે ચંદ્ર કેહે કરૂં ઉપાય, જેમ તુજથી એના ઘરમાં જવાય; હું કુકડો થઇ બોલું આ ઠાર, એટલે ગઉતમ નીસરશે બાહાર. તે બ્રામી મુરત જાણીને આજ; જાશે ગંગા નાહાવા કાજ; કુકડાનો શબ્દ સાંભળશે સહી; કેહેશે બ્રામી મુરતની વેળા થઇ. એમ વીચારી જાય જાયરે, તમો ઘરમાં જજો તાયરે; તારે ચંદ્ર કુકડો થઇને રહ્યો, કુકડા જેવો શબ્દજ કહ્યો; તે સાંભળ્યું ગઉતમે કાન, તતક્ષણ ઉઠયો તેણે ઠામ. તારે ઇંદ્ર કહે એમ કરો જાયરે, તારે કામ મારૂં થાય તાયરે. જવ તલ દરભ લીધાં સહી કમંડળ પુસ્તક કરમાં ગ્રહી, ધોયુ વસ્ત્ર લીધું ને સાથ. નારી પ્રત્યે કહી છે વાત. આજ બ્રામી મહુરત વહીને ગયું, તેનું ભાન મુજને નવ રહ્યું; માટે જાઉ ગંગા નાહાવા કાજ, તમો સાવધ થઇને રેહેજો આજ. પછે અંજનીને જગાડી સહી. તે પ્રત્યે વાણી એમ કહી; હું ગંગા નાહાવા જઉ સહી તમો બારણે બેસો જઇ, એમ કહી ગયા ગઉતમ તે ઠાર, અંજની આવી બેઠી બાહાર, ગઉતમ બાહાર ગયો જેટલે, ઇંદરે ગઉતમ રૂપ લીધું તેટલે. ધરીને પેઠો ઘર માંય, અંજ

નીએ જાણ્યું આવ્યા પીતાય, અહલ્યાએ જાણ્યું આવ્યા ભરથાર, ત્યારે તો બોલી છે નાર, કેમ પાછા આવ્યા છો સ્વામ, શું ભુલ્યા છો ને શું છે કામ, તારે ઇંદ્ર એમ બોલ્યો સહી, અરે નારી રાત ઘણી છે અહી, માટે સંભોગની ઇચ્છા થઇ, આવો આલીંઘન દીજીએ અહી; નારી મન વીમાસણ થાય, સ્વામીને મોહોડે ના કેમ કેહેવાય. સ્વામી તમારી આગ્ના થઇ, તમારા હુકમની બાંધી રહી; એ વાત એટલેથી રહી, ગઉતમ ગયા ત્યાં શી ગત થઈ, ગંગા કાંઠે ગયા જાહરે મન વિચાર કરયો તાયે; હજી રાત ઘણી જણાયં, કુકડો કોણ બોલ્યો તે તાંય; રખે કપટ થયું હોય તહી, ગઉતમે વીચારયું સહી, પાછા આવ્યા શ્રમ મોઝાર, એવો મનમાં કરો વિચાર, ગયા તેમ પાછા આવ્યા સહી. એવે ઇદ્ર સભેગ કરે છે તહી; તે સમે આવ્યા માહારાજ, શું થયુ હવે ત્યાં કાજ, ત્યારે અંજની મન વીચારે વાત ઘરમાં ગયા છે મારા તાત, વળી ફરી કોણ આવ્યું અહી, તે પણ તાત જણાય સહી અતીશે મનમાં કરયો વિચાર, ગઉતમ આવ્યાં ઘર મોઝાર; તારે ઇંદ્રે દીઠા ગઉતમ રૂષી, શરીરે શુદ્ધ નવ રહી કશી, થર થર ઇંદ્રની કંપે કાય, નાસવાનાં મારયાં ફાંફાંય.

દોહરા,

શુદ્ધબુદ્ધ ગઇ ઉડીને, નવ રહી ધીરજને ધાંમ; નાશવાનું કરે સહી, ગભરાયો ઇંદ્ર રાજાન. પછે મજાર રૂપ તતક્ષણ થયો. નાસવાનું કરે સહી: ત્યારે તીષ્ટ તીષ્ટ ગઉતમે કહ્યું કાંહાં નાસે મંઝાર. એવે ઉભો મઝાર અટકી તહીં. થરથર ધ્રુજે દેહ; અહલ્યા પણ ત્યાં થરથરે, સુજે નહીં કાંઇ પેર. કેહરે અલ્યા તું કોણ છે, એમ કેમ આવ્યો આ ઠામ; મંઝાર રૂપ ધરી નાસે સહી, કેહે તુજ સાચુ નામ. ત્યારે ઇદ્ર પ્રગટ થયો બોલ્યો કરી પ્રણામ; ક્ષમા કરો રૂષી દેવજી, એતો હું શુર રાજંન. અહલ્યા દેખી મોહ થયો વાપ્યો શરીરે કામ; માટે જાર કરમને કારણે હું આવ્યો આ ઠામ. તમ બીક ધરી બારણે એટલે ચંદ્રે કરયો ઉપકાર; એ કુકડો થઇ બોલ્યો સઇ, એટલે ગયા તમો બાહાર હું મંદીરમાં આવીયો મને ઉપની માઠી મત; તમ સરણાગત હું થયો, હવે ગમે તે કરજો ગત. ત્યારે ગઉતમ કો

પાયમાન થયા, મનમાં થયા અદાપ, ક્રોધ ધરી સુર રાયને દીધો પોતે શ્રાપ,

ચોપાઈ.

અરે ઇંદ્ર રાજા તુજને ધીકારછે, ગઉતમે શ્રાપ દીધે તેવાર સકળ દેવનો રાજા સઈ,તુજને એવું ઘટે નહી. તું ભગ જાઇ-રા ચો આઠાર.તુજશરીરેભગ હજોહજાર;સાંભળરે અહલ્યા નારા સહી તે પુરૂશને ઓળખ્યો નહીં; તે ઓળખ્યો નહી આપે ભરથાર. તું સલ્યા થાજે પ્રથ્વી મોઝાર; પછે ચંદ્રને બોલાવ્યો ક્રોધજ કરી, આવી ઉભો પામે થરથરી. તું કુકડો થઇ બોલ્યો આણે ઠાંમ, કરવાને તે કુડાં કાંમ, તું ખઇ રેગ થઇને રેહજે સઈ, દીન દીન રેહેજે ખઈન થઈ. પછે અજનીને બોલાવી પાસ. તે પણ આવતાં પામી ત્રાસ: કેહેરે દુષ્ટ તું સાચી વાત તેં ઓળખ્યો નહી તારો તાત. માટે શ્રાપ દેઊં છું અહીં, તું કુંવારી રેહેજે સઈ; એમ ચારનેદીધે શ્રાપ તે ઠાર, ચારે રડે ને કરે પોકાર. ક્ષમા કરો રૂશી માહારાજ, મોહોટાને ક્રોધ ન જોઇએ લગાર; માટે કરૂણા દ્રષ્ટે જુવો સ્વામ, તો સેહેજમાં થાશે હમારૂ કામ. રાખો હમારી લાજલગાર. કરોધ ગયો જોતાંને વાર; તવ ગાઉતમને મનકરૂણા થઇ, ચારેપતે વાણીકહી ૮

દોહરા.

ત્યારે ઇંદ્ર પ્રતે ગઉતમ કહે, તુને શહસ્ત્ર ભગ કહ્યા સાર; તેનાં શહસ્ત્ર લોચન થશે, એમ કીરપા કરી તે વાર. અહલ્યાને કહે સલ્યા થશો તમો, પડો પ્રથવી મોઝાર; એવે ત્રેતા જુગમાં આવશેમહી ત્યારે શ્રીરામ ધરશે અવતાર. શ્રીરામ ચંદ્ર ૭ સ્પર્સે કરશે તતક્ષણ થાશો ઓધ્ધાર: પછે અહલ્યા નારી થશો. તમો આવજો આણે ઠાર. પછે ચંદ્ર પ્રત્યે વાણી કહી ગઉતમે તેણીવાર; પંદર દીવસ ખે થજો, ને પંદર વરધ નીરધરા. પછી અંજની પ્રતે વાણી કહી તુને શ્રાપ મોટો છે અહી; તુ કુંવારી રેહેશો જે સહી, પણ લાંછન નહી આવે દેહી એક પુત્ર થાશે પ્રાક્રમી, માહાબળીઓ અપાર; તેને સંસાર પ્રણામ કરશે સહી, તુને લાંછન નહી લગાર. એમ ચારેના શ્રાપ અનુગ્રહ કર્યા સઇ તે ગયાં આપણે સ્થાન; હવે કુંવારી અંજનીએ ગરભ ધરયો, તેથી પ્રગટ થયા હનુમાન. તેઆપે અંજની કુંવારી રહી તેની તે કહી કથાએ; હવે કુવારીએ ગ

રભ ધરયો તેની કહું વારતાએ. ૮

ચોપાઈ.

અંજનીને શ્રાપ થઓ જેટલે, મન વિચાર કરયો તેટલે ઘર તજીને વનમાં ગઇ, પછી શી હકીકત તેની થઇ. વનમાં તપ માંડયો તે વાર, એક ચિતે ધ્યાંન ધરે અપાર; વાયુનું કીધુ રૂધંન, સરીરનું કીધું સોશ્રન. એ વાત એટલેથી રહી, એક હકીકત બીજી થઇ; એક ભસ્માસુર દઇત્ય કેહેવાએ, ગાહાં મોટી પરંચડ છે કાએ. તેને મન વીચારયું ખરૂ, આરાધન સંકરનું કરૂ; જો પ્રસન થાએ ત્રીપુરાર, તોતો વશ કરૂ શકળ સંસાર. એમ વીચારી આરાધન કરે, શિવશંકરનું ધ્યાનજ ધરે; જે ગગા કાંઠે બેઠો જઇ દેહ સુધી તેની નવ રહી. બ્રહ્માંડે ચડાવ્યો છે પ્રાણ; શીવશીવ મુખે જપે છે નામ; વરસ થયાં ઘણાં જાહરે, માહાદેવ પ્રસન થયા તાહરે, વૃખભ ચડી આવ્યા ત્રીપુરાર, કપૂર ગૌર ત્રીલોચન સાર; આવીને જોયું સરવથી; ભસ્માસુરને સુધી નથી. અંતરા કરણમાં દરસન થયાં જાહરે, નેત્ર ઉઘાડી જોયું તાહરે; વૃખભે ચડયા દીઠા માહાદેવ; જઇ ચરણે લાગ્યોં તતખેવ, ભોળા શંભુ મુખ બોલ્યા વાત; મુકયો ભસ્માસુરને શીર હાથ; માગમાગ કહ્યુ વરદાંન, ભોળાસંભુ એમ બોલ્યા વાંણ. ત્યારે ભસમાસુર ચેતન થયો, પછે શીવ પ્રતે બોલજ કહ્યો; જો પરસંન થયા ભોળા ભગવાંન, હુ માગુ તે આપો વરદાન. માહારો જમણો કર મુસ્તકે ધરૂ, તને બાળીને ભસ્મજ કરૂ; જેને માથે મુકુ હાથ, તે થઇ જાએ ભસ્મા પાત. હુ વરદાન તેવુ પામુ સહી, તો સંસાર સકળ જીતાએ અહી; માહાદેવ ભોળા સભુ કેહેવાએ, ભગત ભાવ જાણ્યો રૂદે માંહે; તતક્ષણ આપ્યુ વરદાન જેને માથે મુકશે જમણો પાણ; તે તરત બળીને ભસમ થસે, મારૂ વરદાન સાચુ હસે; એમ કૃપા કરીને આપ્યુ વરદાન. મહાદેવ થઈ ગયા અંતરધ્યાન; વરદાન પાંમ્યો ભસ્માસુર રાય, તેને કઇડે હરખ ન માય. ઘણું ખુશી તે મનમાં થયો, પછે પોતે મારગે વહયો; ઘણાં દુસ્ટે કીધાં કરમ, ધરમ ભાગી કીધા અધરમ; ઘણા દેવ બ્રાહ્મણને દીધાં દુઃખ, દાનવ જનતો પામ્યા સુખ, એમ ઘણો સંતાપ્યો સંસાર, પછે સો થયો પ્રકાર. ૧૬

દોહરા.

દુઃખ દીધું બહુ લોકને, પાંડ્યો સકળ સંસાર; એક સમે આરગે ગયો, બ્રહ્માજીનો કુંમાર. જઇ પગે લાગ્યો નારદ તણે બોલ્યો મુખે વાણ: મારો જશ કેવો સાંભળ્યો, કેવી છે જુગમાં ખ્યાત. ત્યારે નારદજી કહે ઠીક ઠીક, તુજમાં નહી ખાંમ; તું કરે કષ્ટ સંસારને, ભજાવે ધરમના અધરમ. તું કેવો માક્રમી છે સહી, પણ નહિ તુજ ઘેર નાર; તું નાર વીના શોભે નહિ કરની ચીત વીચાર. ભસ્માસુર એવું બોલીયો સાંભળો બ્રહ્માના તંન; મને નારી એવી કયા મળે, કયાં તેવી રૂપ રતન. ત્યારે નારદ કહે એક છે સહી, તુજ લાયક એક નાર; પણ તુજને મળતી દોહીલી, તુજ હાથ ન આવે લગાર. ત્યારે ભસ્માસુર કહે મને, કહો તે નારી કોને ભોવન. હું પલકમાં લાવું તેહને, મુને બતલાવો બ્રહ્માના તન ત્યારે નારદ કહે શીવજી તણી, સુંદર પારવતી નાર; એવી બીજી કોઇ છે નહી, ત્રણ ભોવન મોઝાર, એવું કહી નારદ ગયા, થઇ ગયા અંતરધીઆન; પછી ભાગી મહાદેવ કને. મુકુ જઇ જમણો હાથ; ભસ્મ કરૂં મહાદેવને પછી લાવું પારવતી નાર. એમ વીચારી આવીઓ પછી આવ્યો ગંગા તીર; મહાદેવ ઉપર ધસ્યો જઇ, ના રહી શીવજીને ધીર. જાણ્યું જે માણું દેશ ખરો, મુકી મસ્તક ઉપર પાણ; એવું વીચારી નાસી ગયા મુકી તપને ધીઆન. આગળ મહાદેવ નાશે સહી પછવાડે દોડે દઇત્ય; આગળ પાછળ બન્યે સહી વાત થઇ વીપરીત. મહાદેવ દોડી આવીયા જ્યાં વઇકુંઠ ધામ; રાખ રાખ. શરણાગત આવ્યો. એમ કહી કરયો પ્રણામ. શ્વાસ ન માયે દેહનાં થરથર ધ્રુજે દેહ; ભગવાન કહે મહાદેવજી કેમ ધ્રુજો છો શી પરાય. સકળ સૃષ્ટીના સંહાર છો, એ સઉ વિશ્વ તમારે હાથ; સરજો પાળો સરવને, ભય કેમ ધરો છો નાથ. મહાદેવ કહે મહારાજજી, અજાણ્યું તમને નકાંય; હાથનું કરયું હઇડે પડ્યું માટે આવ્યો છું ધાંહ. ભસ્માસુર નામે દઇત છે, મહા પાપી કેહેવાય; મેં વરદાન આપ્યું સહી, તથી જીવ મુઝાય. જમણો કર મુસ્તકે ધરે, બળીને ભસ્મજ થાય; મારે મસ્તક ધરવા આવીઓ સાંભળો વઇકુંઠરાય. ત્યાંથી નાઠો હું સહી આવ્યો તમારી પાસ; પણ પછવાડે આવે સહી, ભરેલો આવે છે

શ્વાસ. એમ કહી માહાદેવ છાના રહ્યા, પછી બોલ્યા વઈકુંઠ નાથ; ચીતા ન ધરો મહાદેવજી, કરૂં તેને જઇ ઘાત. એમ કહી પોતે સજ થાય, નીકળ્યા વઈકુંઠથી બહાર; પછી કામ એવું કરવું, તે સંભળાવું આ ઠાર મોહની રૂપ પોતે ધરવું ત્રૈ લોકમાં નહી તે નાર; નારીરૂપ ધરી કરી, ચાલ્યાવિશ્વાધાર.

ચોપાઈ.

નારી જાત લક્ષણી અપાર, જેહ થકી મોહે સંસાર; લક્ષમી પારબતી સાવીત્રી નાર, તે પણ પોહેચે નહી લગાર. ભર જોબનની બાળેવેશ સવા ગજના શીરલાંબા કેશ; જેનું રૂપ જોઇ વીશ્વ છકે, તો શું ગજુ કવિ કહી શકે. એવું રૂપ લીધું ભગવાન ત્યથી ચાલ્યા સુંદર શામ, મારગ મધે આવ્યા સહી, કારમી માયા કીધી તહી. ફુલી ફુલી વનસ્પતી ભાર અઢાર, ત્યાં રમણીક શોભે છે ઝાડ; સુંદર સરોવર જળે ભરયું. સુત્ર સ્ફાટીક વરણે કરયું. ત્યા મેહેલ સુંદર કીધો ઉજેશ, જેમ સ્વેત ભોવનના અવેશ, હીંડોળાખાટ પડી છે તહી, ઝુલે ઝુલણું ઝુલે તહી. દાશીઓ પાસે કરે છે ગાન, દાશીઓ કરે બહુ તાન; રંગ રાગ થાએ અતી ઘણા, ત્યાં શોભાની શી રહી મણા. એવી કારમી લીલા કીધી રાહી બેઠી હીંચકે હીંચે તહી; એટલે ભસ્માસુર આવ્યો તે ઠામ, જ્યાં કારમું કીધુ છે કામ. તે વાડી જોઇ થયો રળીઆત સઘળે વાડી જુવે છે જાત; ફરતો ફરતો આવ્યો તહી. નારી બેઠી ઝુલે છે જહીં. ભસ્માસુર દીઠોજેટલે તે નારી ઉઠી તેટલે; ચકમાં જઇ ઉભો તે નાર, ભસ્માસુર બોલ્યો તે વાર, કોણ તણું આ છે ભોવન. તુ નારી કોણ રૂપ રતન; ત્યારે નારી બોલી એમ. એ વાત તુજને અજાણી કેમ. માહાદેવ જે ભોળાનાથ, આ તેની વાડી સુંદર જાત, હું નારી તેની આ ઠામ, માહારૂ તો પારવતી નામ. તે સાંભળતાંમન વાસ્મે થયો, પછે બોલ તે દઇને કહ્યો; હું શોધુ છું એને અહીં, માહાદેવ નાશી ગયા છે કહીં. તુજને લેવા આવ્યો નાર, મહાદેવનો કરૂં સંહાર; નારી કહે માહાદેવ મોટા કહેવાય, તારા મારયા તે કેમ જાય. ત્યારે તે બોલ્યો તે સ્થાન, મને મહાદેવે આપ્યું વરદાન; મુસ્તક હાથ મુકું જેહને, તરત બાળી મુકુ જેહને તરત બાળી મુકુ તેહને. તે માદેવને હું ભસ્મ કરૂં પછી હું પારવતીને વરૂં એવો વીચાર કીધો મન માય, માહાદેવ ના

શી ગયા છે ક્યાંય. હવે તું મળીરે નાર, હવે તુને નહી મુકુ લ ગાર, મારા મનમાં એવી પેર, પારવતીને લાવું મારે ઘેર.

દોહરા.

ત્યારે પારવતી બોલીયા, સાંભળરે તું દઈત; મુજને લેઇ જા એ સહી, તેનો થાય વીપરીત. મહાદેવ સમાન બીજો નથી, ચાદ લોકમાં સાર; મહાદેવ સમાન બીજો નહી, કોઇ ટાંડવ નૃત્ય કરનાર. હું ટાંડવનૃતથી માહ દેવને મોહી, તે એવો નહી કોય; તુજને આવી શું કરૂ, તું તો દઇતજ હોય. ત્યારે ભસ્મા સુર બોલીઓ. સાંભળ સહુણી નાર; મુજ બરોબર કોઇ નહીં, અવની તલ મોજાર. મહાદેવ ભોખારી જનમનો. તે રાખ ચોળે અંગ; મડા મસાણે પડયો રહે, એવા એના ઢગ આક પાક ધંતૂરડો, ચાવે છે બહુ ભાંગ; તું શકોમળ સુંદરી, ન જોઇએ એવાનો સંગ. પારવતી કહે એતો ખરૂ, ટાંડવનૃત્ય જોઇ મન મોહું; એવો કાઇ બીજો નથી, તે માટે પાસે રહુ. તારે ભસ્માસુર કહે નારને, તેતો હુ જાણુછું તાંન; ટાંડવનૃત્ય મુજને આવડે, માટે મુજને માન. તારે નારી કહે નાચો તમો, જેમ નાચે મહાદેવ; તારે મનમાને માહરૂ, હું તમને માનુ તતખેવ. તે માયામાં ભુલ્યો મહીપતી, ભુલ્યો નારીને જોઇ; સુદ્ધ શાંન કાંઇ રહી નહીં, રહયો નારીને મોહી, પછી નાચવા તેને માંડીયુ, ગાવા માંડયુ ગાન નારીને કહે જુઓ તમો, નાચુ મહાદેવ સમાન. હાથ બેઉ ઊંચા કરયા, નાચવા માંડયું ત વાર ત્યારે પારવતી એમ બોલીયા, ના આવડયુ લગાર. લટકો તેનો આવે નહી. જેમ માહાદેવ કરતા નરત; જો લટકો તેવો કરો સહી, તો હું માનુ તમને તરત. ત્યારે દઇત કહે લટકો કેમ કરૂ, તે વળી નાચે કેમ; મુજને તે કોહો કામની, અમે પણ નાચીએ તેમ. તારે પારવતી કહે કહીએ ખરાં, પણ તે તમથી નવ થાય, એવું ક્યાંથી તમને આવડે, તે તમથી નહીં ન થાય. ડાહાબો હાથ કેહેડે ધરે, જમણો મુસ્તક સાર; વાંકી કેહેડ કરી કરી. એમ નાચે થઇ થઇ કાર. એન તમને કેમ આવડે, તેનો લટકો લગાર; તારે દઇત્ય કેહે એમ કરૂ, એમાં કેટલી વાર. ૧૭.

છપો.

નાખી મોહની જાળ, ખળ સમજયો નહી મનમાં; જોઇ

નારીનું રૂપ, મોહ લાગ્યો બહુ તનમાં. ન સમજ્યો કપટની વાત. ઘત મનમાં નવ આવ્યો; મોહનીરૂપ મોહન; ભ્રાંત તેની હુલાસી. જેની માયા ન કળેશ, શેસ પણ જારમે ભુલે; તો કોણ માત્ર એ દઇત્ય, બ્રહ્મા સરખાં પણ ભુલે. માયાનવ માને માહાદેવને, એવું સુંદર ગાન છે; સાસગ કેહે સહુ સાંભળજો, તો એ દઇત્ય કોણ માત્ર છે. ૧

ચોપાઈ

માયામાં ભુલ્યો તે જટ. ના સમજ્યો તે વાત કપટ; જમ જોકર મુસ્તકે ધરયો. જેટલે, ઝટ બળી ગયો તટલે. રાખના ઢગલો થઇને પડ્યા, તેનો ઘાટ તે વેગો ઘડ્યો; હવે એ વારતા એટલેથી રહી, માહાદેવ પોતે આવ્યા તઇ. ત નારી દીઠી ઉતમ વેશ, માહાદેવ તે પણ પોતાને વેશ; માયામાં ભુલ્યા તતકાળ, જોઇ તે નારીના હેવાલ. તારે માહાદેવ કહે તું કોની નાર. કોણ તારે માથે ભરથાર; આ જંગલનાં વસો કેમ આહી, એકલી કેમ પુરૂષ કો નહી. નારી કેહે ધણી વનમાં ગયા, માટે અમો તો એકલા રહ્યા; આજ કાલમાં આવશે કંથ, હું જોયા કરૂં છું તેનો પંથ. તારે માહાદેવ કહે તું ઘેલી નાર, તારો સ્વામી નઇ આવે આ ઠાર; તે માટે આવો અમારે ભોવન, અમો તુને રાખુ કરી જાતન. તારે નારી બોલી એમ, તમઘેર મારાથી અવાય કેમ, તમારે ઘેર પારવતી નાર, તો મુજને તમો શું કરનાર. તારે માહાદેવ કહે હું રાખુ પાસ, પારવતીને કરૂં તારી દાસ. એમ કહીને લેછે આલીંગન, ધીરજ નવ રઇ માહાદેવને મન પરસ કરવા જાય જેટલે. વઇકુંઠનાથ પ્રગટ્યા તેટલે; તે મનમાં સરમાયા માહાદેવ, વીરજ દ્રવ્ય થયો તતખેવ. ધન ધનરે હો વીશ્વ આધાર; તારી માયાને કોણ જાણનાર, પ્રભુ થયા ત્યાં અંતરધ્યાન, પોતે મહાદેવ તે ઠામ. વીરજ બીન્દુ તેમ ધરતીપર પડ્યું, તેને લઇ પાત્રમાં ધરૂં; તે પાત્રમાં લીધુ ધરી, એવે આવ્યા નારદ રૂષી. તે જોઇ શરમાયા માહાદેવ, ત્યારે નારદ બોલ્યા તતખેવ; એ પાત્ર મુજને દીજીએ, એનો ઉપાય તો કીજીએ. નારદ વીચારતુ રૂદીઆ સાથ, તે પાત્ર લઇને ચાલ્યા હાથ; આવ્યા અંજની બેઠી તાંહે, તપ કરે છે એકાંત જાંહે. અંજનીને કહ્યું તે વાર; તું મીથ્યા તપ કરે છે નાર; ગુરૂ ઉપદેશ વિના તપ કરેછે આહીં, તેનું તુને ફળજ નહીં. ગુરૂવીના

તે ગ્યાનજ ક્યાંથી મળે, તપનું ફળને ક્યાંથી ફળે; માટે ઉપ દેશ લેરે નાર, પછે તપ કરો આ ઠાર. તારે અંજની કહે ઉપ દેશ કરો, તુ પણ બ્રહ્માનો દીકરો; પછે શામાએ ત્યાં ધરીયા કાન, તો શું કરૂ બ્રહ્માના સંતાન. વાયુને સંભારચો સહી. ત તક્ષણ આવી ઉભો તહીં; તેને ત્યાં કહી એમ વાત, આ બીજ દયો તમારે હાથ. તમો અંજની ઉદરમાં પરવેશાજ કરો, આ બીજ લઈને કરમાં ધરો; વાયુ મુકી આવ્યો તે ઠામ, તેથી પ્ર ગટયો છે હનુમાન. માહાદેવનુ બીજ એ સાર, માટે કેહેવાય રૂ દ્ર કુમાર; વાયુએ મુકયું કમળ ભોવન, માટે કેહેવાયો વાયુનો તન. અંજનીના કુંવારી સહી, તે માટે કુંવારી રહી.

દોહરા

ત્યારે કામસેન કહે કન્યા સુણો, એ કહ્યું તુજને વરતાંત; વળી પુછવું હોય તો પુછ તું, તો ભાગુ તારી ભ્રાંત. ત્યારે ક ન્યા કરજોડી કહે, પુછ્યા મોટા ભેદ, તે માનો હવે મહિપતી, તો જાણું પુરો ભેદ. ચંદ્રમુખી પુછો તમો, જે મનમા હોય ભ્રાંત; તેનો ભેદ હવે ભાગીએ, આપણ જઈએ એકાંત. તારે કામની કહે સુણો રાજજી. એક મોહેટો સંદેહ, તે તમ પર તાપે અમો કહુ, તમો ધરજો ચીતમાં તેહ. શ્રીપરબ્રહ્મતો એ ક છે. સરવમાં વ્યાપક કેહેવાય, કીડીથી તે બ્રહ્માંડ લગી, સ રવે માંહે જણાય, જે ચઇતન્ય છે તે એક છે. સઘળા માંહેનું સ્થાન; એ વીના કોઇ છે નહી. એમ પોકારી કહે વેદપુરાણ,

છપે.

જડ ચઈતનમાં વાસ, પવનને પાણીમાં; વ્રક્ષ સહુમાં વાસ ઘાસ ધાતુ ધરણીમાં; સ્થાવર જંગમમાં વાસ, વાસ પાણી વા ણીમાં; વાસ સઘળે એકુનો, વાસ ધરણી કરણીમાં; એક વા સ સઘળે વ્યાપી રહયો, ત્રણ માત્ર ઠામ ઠાલો નથી, શામળ કહે કામની કહે, સુણો કામસેન રાજા કથી.

ચોપાઈ.

ચંદ્ર મુખી બોલી વચન, સાંભળો કામસેન રાજન; મુજ માં રામને તુજમાં રામ; રામ વિના ઠાલો નહી ઠામ; તારે મુ જને એવી ઇચ્છા થઇ. તે પણ અંતરજામીએ કહી, મુજમાં અંતરજામી જેહ, તુજમાં અંતરજામી તેહ તારે મારે થ યું પરણવાનું મન, તમે ના કેમ કહો રાજન, ને ના કેહેના

શે કોણજ હશે, તે સંદેહ મુજ મનમાં વસે. ત્યારે રામ એ ક કે બે કેહેવાય, એ સંદે મનમાંથી કેમ જાય; ત્યારે કોણુ મને પરણાવવાનું કહ્યું, કોણના આ વચનજ ધરૂં. એ સંધે મુજ મનનો જાય, તોતો લાગુ તુજને પાય; ત્યારે રાજા કહે એ ગુજની વાત, એ બતલાવું તારી સાથ; આ નર નારી સાંભળશે જેહ, કોટી પાપથી મુકાશે તેહ; હવે કહે છે કામસેન રાજન, ચંદ્રમુખી તું ધરજે મન; પ્રથમ શ્રષ્ટી નોહોતી જાયરે, જળમાં જગત હતું તાયરે; નહીં પ્રથવીને નહી આકાશ નહી સરગ મરત પાતાળે વાસ, પરીબ્રહ્મ જે તું કેહ છે સહી તે વિના બીજો કોઇ નહી, તેને શ્રષ્ટી કરવાનું મન થયું; તે તુજને હવે કારણ કહું, ઇછા શકિત પ્રગટ્યા ખરી; તેથી શીવ બ્રહ્માને શ્રી હરી; શીવજી તેને પરણી રહ્યા, એ વેદપુરાણશાસ્ત્રમાં કહ્યા. પછે ત્રણ ગુણ પ્રગટ્યા સહી, એ રાજસ તામસ સાત્વીક કહી; બ્રહ્મ વિશ્નુ રૂદ્ર વિવેક, ત્રીગુણ જુદા પણ મુળજ એક. એ ત્રણે જણે ત્રણ ગુણજ કહ્યા, સરવ રૂપ પણ જુદા થઇ રહ્યા; રાજસ ગુણ તે બ્રહ્મા કેહેવાય, તામસ ગુણ તે શીવ કેહેવાય. સાત્વીક તે પોતે શ્રી હરી, એ લીલા પરાંક્રમે કરી; પછે માયા કીધી પરકાસ, તેનાં પંચમા ભુતનો વાસ. પ્રથ્વી તેજ વાયુ આકાશ, એ શ્રષ્ટી કીધી પ્રકાશ.

દોહરા

સાંભળ નાર સલક્ષણી, હવે ભાગું તારી ભ્રાંત; મુજમાં તુજમાં કોણ છે, તે કહું સરવે વરતાંત. હવે મોહ માયા છે એહમાં, ગરવ મછર કરોધને કામ; પશુ પખી ને માનવી, તે વ્યાપી રહ્યાં ઠામો ઠામ. દેવ દાનવ જક્ષ કીનર, ગાંધરવ અપછરા કેવાય ઉડગણને વિદ્યાધર એ વ્યાપી રહ્યા સરવે માંહે. વિશ્વ વરતે સહુ જાણીએ. તે સાચો ઓંકાર; જગત વસ્તુ તેને થઇ રહ્યું, ઝાઝુ તેમાં જોર. રાજસ ગુણ વશ જે રહ્યા, તેને ખાન પાન ધન ધાન; આપ કીરતી કરે ઘણી, તે રાજસ ગુણનું નામ. તામસ ગુણનું હવે લક્ષણ કહું, રાજ દેશ અદેખાઇ; ટંટો ફેટો વાહાલો ઘણો; ઘડીએ ઘડીએ રોજ આવે ભરાઇ, એ તામસ લક્ષણ સહી, હવે સાત્વીક કહુરે નાર, સુખ દુખ સરખુ ગણે, વહાલો વેહેરી નહી લગાર. મારૂં તારૂં જાણે નહી, સઘળે દ્રષ્ટી સતાન; તેને મોહ માયા પીડે નહી:

એ સાત્વીક ગુણ માન, બાકી રામ તો સઘળે વ્યાપી રહ્યા; તે તો નીરંતર એક; પણ મોહ માયા વશ જીવડો, તેને તેવી છાંય. કરમ ધરમને સાણપાણ, તેને તેવું થાય.

છપ્પો.

એક દે જીવતદાન, હાણ એક જીવની કરે છે, એક બુડે જળ મહિં, એક સાગર તરે છે; એક જાણ માગે ભીખ, એક જાણ દાન કરે છે; એક ઉઠાવી લે ધામ, ઠામ કરી સ્થાર થાપે છે; સુખદુઃખ વરધને હાંણ, તે ગુણ થકી કરમ ઉગે સહી કામસેન કહે હો ચંદ્રમુખી, એમાં સંદેહ ગણવો નહી, એક વાંચે પુરાણ, અજાણ થઇ એકને પુછે; એક ધરમ કરવા કુલ ભુખ કહે એમાં શું છે; એક ઉદ્યમ કરે વેહેપાર એક અપવાસી બેઠો, એકને હરખ અપાર, એક ચંતામાં પેઠો, એક નર નારી સુખ ભોગવે, એક કુંવારો મરે સહી; કામસેન કેહે ચંદ્રમુખી, અવગુણથી કરમે ગયું નહી.

ચોપાઈ.

માટે જેવા ગુણ તેવાં કરમ થાય, તેમાં સંદેહ શો કેહેવાય એ ગુણ સ્વભાવને ઇચ્છા થઇ, મારા ગુણ માને નહી. એમા સંધે નહી લગાર; ચતુર છો તમો કરો વિચાર; તારે મેનદા રહી બે કર જોડ, નહી તુજમા ખાપણ ને ખોડ. બ સધે મુજ મનના ટળ્યા શાસ્ત્ર સાંધે એ સહુ મળ્યા; હવે આ સંધે રહેયા છે એક, તેના કહ્યા છે પીનેક. તે સધે અમારો જાય, તા તો લાગ તુજને પાય; તાર બોલ્યો કામસેન રાજન, સાંભળરે તું અસીજન. જે પુછવું હોય તે પુછો તમો, આ વળા સભળાવું અમો; આપણ બે છઇએ અકાંત, ભાગુ તારા મનની ભ્રાંત. પુછ પુછવુ હોય સહી હવે ખોટી નહી થાવુ અહી; તારે નારી કહે સાંભળ રાજ, હવે એક વાત પુછવાનું કાજ. તે સંધે જો મનનો જાય, તોતો તુજને લાગુ પાય; ત્યારે રાજા કહે છે પુછો તમે, આ વેળા બતાવુ અમો ત્યારે નારીએ જોડયા હાથ, બોલી તે કુવરીની સાથ; અહલ્યા તારા દ્રૌપદી જેહ, સતી સીતા મંદોદરી એહ, એ પંચે સતી કેહેવાય, એ સંદેહ મુજને મોટો થાય; અહલ્યાને ઇંદરે ભોગવી તારાને ચંદરે ભોગવી. સીતાને રાવણ લઇ ગયો, મંદોદરીને મોહ પણ થયો; દ્રુપદી સતી જે નાર તેને માથે પાંચ ભરથાર. પછી રાજા કેહેવાને

જેહ પાંચ ભરથાર ભોગવે છે તેહ; એ પાંચે છે સતી નામ, એમ બોલે શાસ્ત્ર પુરાણ. માટે ત્રીજા પ્રશ્નનું એ વરતાંત, એ આજ ભાગો મારી ભ્રાંત; પછે લાવો આપણ લીજીએ, હાં રહીને આનંદ કીજીએ.

દોહરા.

પછે કામસેન બોલીયો સાંભળ ચંદ્રમુખી નાર; ભરાંત ભાગું તારા મન તણી, તોતો જાણજે રાજકુમાર. તમો પાંચ નારી કહી સહી. તેને માથે મોટું આળ પણ સતી પુરાણને સાધ્વી; તેની સાખી શ્રીગોપાળ, અહલ્યા જે સહ્યા સહી; તે ઇંદરે ભોગવી આપ, તે અહલ્યાની અહલ્યા થઇ, તે શ્રીરામચંદ્ર પ્રતાપ. તેણે સ્વામી પોતીકો જાણીયો, નવ જાણીયો સુર રાજન, પણ પરપુરૂષના પર થકી, નડ્યું એટલું કષ્ટ. પણ સતી નાર એ સાધ્વી, જેના નામથી પાતીક જાય; અહલ્યાની અહલ્યા થઇ માટે સતી કહેવાય. તારાએ ચંદ્રમા ભોગવ્યો, જે બ્રહસ્પતી કેરી નાર; કપટ કીધું ચંદરે સહી નારી ના જાણે લગાર, હજી ખઇરોગ તે ભોગવે, એ ચદ્રને માથે શ્રાપ; તેતો સતી સાધ્વી, તે જાણે સહુ એ આપ. સીતાને રાવણ હરી ગયો, લઇ ગયો સમુદ્રને પાર; તે રાજા રાવણને રોળાયો, ફોજમાં થઇ ગયા ખુવાર. પુરાણપે રામજી લાવાયા, ત્યારે કીધું અગ્નીમાં સ્નાન; શા માટે સતી છે સીતા એટલી તે માને વેદ પુરાણ. મંદોદરી સતી એ પણ સહી, જે મયદાનવી તન, તે પણ સતી એ સાધ્વી, જેનું હરનીશ સ્વામીપર મન. દ્રુપદી દ્રુપત તણી, તેને શીર સ્વામી પાંચ, એ અગ્નીમાંથી પ્રગટ થઇ, એ દ્રુપતી નામે નાર. સ્વયંવર તેનો કરયો; તાં આવ્યા રાણાને રાય, રાજ હારી વનમાં ગયા, પાંચે પાંડવ વીર તે કાપડી વેશે આવીયા, જે ધનુર વિદ્યાના ધીર; રાજાએ પણ તેવું કહ્યું; જે મછ વિંધે આ ઠાર, તે નારીને પરણે સહી હું આપું કન્યાદાન; કાપડી રૂપે આવીયા તે બેઠા બ્રહ્મણમાંહ; તે અરજુન ત્યાંથી ઉઠીયો, તે કોઇ ન ઓળખે ત્યાંય; ત્યાં માનભંગ રાજા થયા, મછ કોઇથી નવ વીંધાય. થાકી થાકી રાજા રહ્યા, ત્યારે અરજુન તતપર થાય, સમરણ કીધું શ્રીકાળીકાનું લીધી કીધી દ્રષ્ટ, જળમાં જોઇ બાણ મારીયું, અ ફળ્યો મન કાજ; રાજા મન હરખ્યો ઘણું, કન્યા સોંપી હાથ

તે લાવ્યા ઘર વીજે, તારે બોલ્યાં કુંતાં માત; તારે કુંવર કહે માતા સુણો, અમો લાવ્યા ભીક્ષા સાર, તમો પાંચે જણ વેહેચી જમો, મારે પાંચકુશળ કુમાર; તમો એશું બોલ્યાં માવડી અમો તો લઇ આવ્યા નાર. અન નથી જે વેહેચી જમું એતો મીથ્યા ઉચ્ચાર. ૨૦

ચોપાઈ

તારે કુંતાજી એમ બોલીયાં, વચન મીથ્યા તે કેમ જાય; શેશ નાગની ધરે જાય પાય; ધ્રુવ ચુકે ની ન કરે લગાર. ચંદ્ર સુરજ તપે નહી અહી. દશો દીગપાળ ડોલે સહી; વચન જો મારૂં જાય. તો મેરૂમાં પ્રથી પ્રલે થાય. માટે પાંચેજણ પર ણો કન્યાય,એમાં કાંઇ નથી અન્યાય રાજાને ખમરજ થઇ, દ્રુપદી પાંચ વરને પરણે સહી. રાજા કરોધાતુર થયો, વચન બોલાવીને બોલજ કહ્યો, તમો કોણ છો કાપડી જાત, કેમ કીધી અણઘટતી વાત. પાંચ વચ્ચે કન્યા એક, તેતો જાણો કરી વીવેક; ત્યારે પાંચે બોલ્યા એમ, કરવું હોય તે કરજો નેમ; અમો પાંચ વચ્ચે કન્યા એક તેતો જાણો કરી વીવેક; જો વચન માતાનું જાય, તોતો દુભાય વઇકુંઠરાય; લાખાગ્રહમાં રાખ્યા ભગવાન, ત્યાંથી આવ્યા આણે ઠામ; અમો મછ વેધી લીધી કન્યાય, એમાં શો કીધો અન્યાય, ત્યારે રાજા કહે પાંડુના તન, ત્યારે તો હરખ્યું અમારૂ મન; તમે સત્યવાદી પાંડવ છો સહી. એવું બોલવું ઘટારત નહી. એમ રાજા થયો ઉદાશ, એવે આવ્યા વઇદમ વ્યાસ, તેણે મન ભાગ્યો સંધે, એ પાંચેની છે એકજ દેહ, એમ કહી મનાવ્યું મન, ત્યાંથી વીદાય કરયા રાજનું, ઇદ્રપ્રસ્થમાં કરયો વાસ,પાંડવ પામ્યા મન હોલાસ એવે આવ્યા નારદ રૂખી, તેણે વાત કરી શુ કથી. બોહોતેર દાહાડા વારા કરી, વારા ફરતી જાય સુદરી, જ્યારે વારો પુરો થય. તારે અગ્ની માંહે નાહાય; સોળ વાંસનો કયારો કરી, તેમાં અંગારા ધગ ધગતા ભરી. તેમાં અદાનાન કરે જઇ નાર પછે જાય બીજાને દુવાર, શાકુંભ જડીના કુંભજ લઇ, તેમાં ઘરત ભરે તહી. તે કુંભને શીરપર ધરી. અગ્ની માંહે જાય સુદરી; તે સતી સાધવી છે નાર. એમાં શો ધરવો વીચાર; માટે પાંચે સતી સહી,એમાં સંધે કાંઇ રાખવો નહીં; પ્રાતસકાળે જે લેશે નામ, તેનાં પુરણ થાશે કામ. અહલ્યા તારાને દ્રૂપ

દી નાર, સીતાને મંદોદરી સાર; એ પાંચેજણના પુરણ પ્રતાપ નામ લીધેથી છુટે પાપ. સતી બોલી એ પાંચે નાર, સતનો બાંધ્યો છે સંસાર; પ્રથવી ચાલે છે તેને આધાર, સતનો છે સઉને આધાર. ૧૭

છપો.

સતે વરસે મેહ, દેહ પણ સત આધરે; સતે સુરજને ચંદ્ર, ઇંદ્ર પણ સતને જોરે. સતે પ્રથવી પાવન, હવન હોમ સતલીયો; સાંભળ ચંદ્રમુખી નાર, ભ્રાંત ભાગુ તારા મન તણી. તોતો જાણજો રાજકુમાર, સત વિદ્યાને પુન્ય; સતથી વાધે મહીમાય, સને સુખ સંપત. વીપત સહુ સુખથી નાસે, સતથી સુખ દુઃખ રોગ; વ્યાધી આવે નહી પાસે, સુખ સાગર અતીશે ભોગવે; શામળ કહે સહુ સાંભળો, સને બાંધી મેદની રહી; તે સરવે સાંભળો સહી, સતે કીને હરીચંદ્ર; વીસ્વામીત્ર ત છલ્યો સતે 'મુરધ્વજ રાગ, કરવત મુકાવતે નહી બીહી તો સતે અમરીષ એહ જેથી દુરવાસા હારયા, સતે સગાળશા શેઠ; પેટનો પુત્ર ખાણીમાં ખાંડયો તેનું પકવ કરયું ભોજન; સાધુને જમાડયો, માટે સતનો બોલ શ્રી રામ છે; સતીને સત વાહાલું છે સરવદા, કામસેન કહે ચંદ્ર મુખી સુણો, સતીને વાહાલું તે નવ ચુકે કદા.

ચોપાઈ.

તે માટે કહું સાંભળ સાર, સતવંતી એ પાંચેનાર; પાંચેનું સત રહ્યું છે અતી ઘણું, શું વખાણ કરૂં તે તણું દુષ્ટ દુષાસન કહાવે જેહ, દ્રુપદીને સભામાં આણી તેહ; નવસેં નવાણુ કાહાડ્યાં ચીર ત્યાં સુધી રાખી રહ્યા ધીર, દુષ્ટને માન ભંગ કરી, સતીને ત્રુઠ્યા છે હરી; વળી વઇ રાટને ઘેર દાશી થઇ રહી, કઇયાકચકે શું કીધું તહી. દુષ્ટ નજર બગાડી તે ઠાંમ, કઇયાકચને મારયો ઠાંમ, એ રીતે સત સતીનું રહ્યું; વળી આગળ વીસ્તારી કહું. દુરવાવાસા કોપા એકવાર, જ્યારે વનમાં નીકળ્યા તે ઠાર; અખેપાત્ર છે સતીને હાથ, શહસ્ત્રરીષ છે બ્રાહ્મણ સાથ. પોતે અખેપાત્ર કર ધરી સરવેને જમાડે સુંદરી, એક વાર શું થયું જે કામસહુ જમી રહ્યા તે ઠામ- અખેપાત્ર કરમાંહે સહી ત્યાં સુધી અન ખુટે નહી; અખેપાત્ર ધુવે જાયરે, પછે નીકળે

નહી તાહરે; વળી બીજે દન થાય જેટલે, જોઇએ એટલું નીકળે તેટલે. સહુ જમી રહ્યા છે તહી, સતી પાછળથી જમ્યા સહી, પાત્ર ધોઈ નાંખ્યું તે વાર, તેટલે કઉતક થયું તે ઠાર,

દોહરા.

દુરવાસા આવ્યા તે સમે; મહા કરોધી જેની જાત; કહ્યું ભોજન આપો મુને, દશ શસ્ત્ર વિધારથી સાથ. સતા વીમાસણ માં પડી; થર થર ધ્રુજે કાયઃ આ ક્ષણ દુરવાસા આવીયા, તેને ના કેમ કેહેવાય. કરોધ ભલે ત થશી, તે દે મુજન શ્રાપ; સત્ય જશે સતી તણું, હવે રે દેશે નહી આપ. સુરજ દેવ પ્રત્યક્ષ છે, નોંધારાનો આધાર, હવે સત્ય રાખે સતી તણું એમ વીનવે વારંવાર. ધીરજ રાખી મન વીખે. કહ્યુ રૂષીને વચન તમે સ્નાન કરી આવો ગંગા વિષે, આવો ક ાવુ ભોજન. રૂષી સ્નાન કરવા ગયા. સતી વીમાસે મન; અખેપાત્ર એક જોયું સહી એક ભાજીપત્ર દીઠું લોચન, સખી હરખી મન વીખે, ધન ધનરે માહારાજ, તમો વારે ચડયા સતી તણું, તમે રાખા મારી લાજ. સ્નાન કરી રૂષી આવીયા ભોજન કરવા તરત મારટાન મન ભાવતાં સહુ, થયા ત્યાં રૂષી તરપત; એમ લાજ રાખી ઘણી કામ દગી કહી વાત; હવે રંધે ટાળો મનડા તણા એ પાચે છે સતી નાર. પુછને કાંઇ હોય પુછવુ, આરતા ન રાખીશ મન; સવે ભાગુ તાપેરો હું કપુરસેનનો તન તારે પગે લાગી પદ્માણી, જોડ્યા બંને હાથ; કરજોડીને કરગરી, સ્તુતી કીધા તે સાથ, ધન ધન તારી માવડી, ધન ધન તારા તાત; ધનધન ઇષ્ટ તુજને, ધનધન તારી જાત. હવે પરણો મુજને પ્રીતથી, આણી મનમાં નેહ; ના કેહેતો હવે હાણ થશે, તતક્ષણ પડશે દે ભગંત ભાગી આજ માથરી, માન્યુ મારૂ મન. હરખ નરી ઉમેદશું કરવા તુજશું લગન. રૂપ ગુણ ને ચાતુરા, બુદ્ધિ બળ ભરપુર; ધીર વીરને શાણ પણ, અદભુત તમારૂ નુર. હું માન મુકી માગું કરૂ, મન માન તું નાર; મને બીજી વાત રૂચે ન ી, મારૂ લાગ્યુ તુજમાં મન. ના કેહેશો જો નરપતા. તો તરત તજીશ હું પ્રાણ; હવે ના કહેથી નથી છુટવુ, થશે હાશીને હાણ. ૧૭.

ચોપાઈ.

વાત એવી કહી જ્યારે, કાનસેન વીચાર્યું તાયરે; ના કહી

ને જાઉતો હાણ, નીશે નારી તજશે પ્રાણ. સંકટ મોટું આવી આડે, મોટી આફત માથે પડે; જો પરણું તો મોટી ઘાત, મોરી એની સરખી જાત. વીચારમાં પડયો રાજન, એકે વાત ન વ ઉકલે મન; હવે ધીરજ મારા મનમાં ધરૂ, એ કન્યા હું નીરધે વરૂ. પછે થનારૂ હશે તે થશે, પણ હમણાં તો કેહવી હાય; વળી ચંદ્રમુખી બોલી વચન, કેમ વીચારમાં પડયા રાજન. કોહો તો લાગુ પાએ, ના કોહોતો તજવી કાએ; રાજકુંવરી કહે સાંભળો રાય એના મન તણો વીચાર. પરણવાના ખાધા છે સમ. પણ તુને ના કેહેવાય કેમ. તારા પીતાને કરને જાણ જો તે આપે કંન્યાદાન; ત્યારે નારી પગે નમી એ વાત તા સુજને ગમી; રાજા ઉઠી મંદીરે જાય, નારીને મન હરખ ન માય. ચંદ્રમુખી ગઇ પીતા કને, કરજોડીને વાંની ભણે; સુને પરણાવોની તાત, માહારા મનની મનની ગમતી વાત. શા અશા જે મનમાં ધરી. તે નગે સઘળી પુરી કરી. આપણી મા લણી માહાગને ઘેર ઉતરયો જોડ, સુને પરણાવોની તેડ, કાં ભળતામાં હરખ્યો તાત, મહારા મનમાં ગમતી વાત; હુમ પરણાવીને લાડાવો લેઉ, જશ ઘણો લાખેણો લેઉ. પરધાનને આપી આગનાય, જોશી તેડાવ્યો સભામાંય. જોશી તેડાવ્યો સભામાંય; સુરત લાખેણું લીજીએ, કંન્યાદાંન કોડે દીજીએ. જોશી તેડાવ્યો સભામાંય; સુરત લાખેણું લીજીએ કન્યાદાન કોડે દીજીએ. જોશી પંડીત આવ્યા તે ઠાંમ, રાજાએ દીધાં બહુ માન; લગનનો દીન છે સાર, રાજાને મન હરખ અપાર. મંડપ રચના કીધી ઘણી. શી શોભા કહુ તે તણી, દેશ દેશના આવ્યા રાય, આનંદ ઓછવ ત્યાં બહુ થાય. મંડપે આવ્યા વરરાય. માનુની ત્યાં મંગળ ગાય; વરઘોડે ચડયા વર રાય, સાજેલા શોભંતા જાય. મંડપે આવ્યા વરરાય, હરખે સાસુ પોંખવા જાય; ધુશળ મુશળ રવઇયોને ત્રાક, વર પોંખી તાણ્યું છે નાક બાજોઠે બેઠા વરરાય, એટલે પધરાવે કન્યાય; હસ્ત મેળાપ થયો જાયરે, રાજા મન હરખ્યો તાંયરે.

દોહરો.

વર કન્યા પરણી ઉઠીયાં, અને ગોતરજને લગ્યાં પાય; વરે કન્યા મન હરખીયાં, આનંદ અદકો થાય, જાચક જન સુખ પામીયા, પોહોતી મનની આશ, વરે કન્યા જોઇ કર,

અંગીક થયાં હુલાસ, આવાસ એક સુંદર રચ્યા, વસાવ્યાં પુ
ત્રીને વાસ, ખાઓ પીયો ખુશી કરો, . ભોગવો સુખ વીલાસ.
મેહેલમાં ગઇ તે માનુની કામસેન કેરી પાસ. હવે કરજોડી
હું કરગરૂ તમો પુરો મારી આશા. તારે રાજકુંવર વળતુ વદ
સાંભળ સલુણી નાર; હવે માસ તેર ગયા પછે, કરીશ કુંજશુ
વીહાર; એક વ્રત મારા મન તણું, તે પુરણ જવ ,થાય; ને
માં દીનતો વહી ગયા, હવે તેર માસ ઓળખાય, વારૂ સ્વામી
ઠીક છે, પુરણ કરો તમારૂં વરત, એ આજ કાલમાં વહી જ
શે, તેર માસ ત્યાં તરત. ત્યાર સુધી સેવા કરૂં, મહાદેવપુ
જવા જઊ; તેથી હોંશ આપણી પોહોચશે. પુન્ય તણુ ફળ
પાઉ. ૮

ચોપાઈ.

એમ સાંભળી સંતોષી નાર કામસેને મન કરયો વિચાર, તે
ર માસ કાલે વહી જશે, પછે આપણી હોંશ વધે થશે, એમ
સોચના કરે રાતને દીન, નીત્ય સભામાં બેસે રાજન; રૂડો
જમાત્ર દીઠો જયરે, રાજા મન હરખ્યો તારે. રાજાએ તે
ડયો પ્રધાન, કહી રાયજીએ પ્રીતે વાણ; એક વાત વીચારો સ
રવથી, મારે પેટ પણ પુત્રજ નથી, આ જમાત્ર મારો ચતુર
સુજાણ, એ જાણું મારો સંતાન, એને સોંપુ મારૂં રાજ, જા
ઊં તીરથ જાત્રાને કાજ. પ્રધાન કહે સાંભળ ઓ રાય, એ
વાતે રાજી સરવ થાય, પ્રજાને મન ગમતી વાત. સોંપો
રાજ જમાત્રને હાથ. શેઠ સાહુકારને તેડયા સહી, સરવે એ
વાતની હકીકત કહી, બ્રાહ્મણ પંડીત બેસાં રાય; પુછે તહી
સરવે સભાય. શુભ મહુરત લગનનું જોઇ, બ્રાહ્મણ ભાટ તેડાવ્યા
તહી। પટાભીશેક કીધો રાજન, માન્યાં સરવ લોકનાં મન. ફે
રવી પુર મધે ત્યાં આણ, જાચક જનને કીધાં માન; પોતે
ગયો જાતરાને કાજ, સોંપી સરવ જમાત્રને રાજ, રાજાનો સ
વાઇ થઇ, લોકે એવી વાણી કહી; પછી કામસેને શું કીધું
કામ, શી રચના કીધી તેણે ઠામ, દરવાનદાર બોલાવ્યા ત
હી; તે પ્રતે એમ વાણી કહી; કોઇ નવો મુસાફર આવે જેહ
અમારી પાસે લાવજો તેહ. જોગી ભોગી ને ફકીર. મુજ સમી
પે લાવો વીર; વારૂ કહીને તેતો જાય, આવે તેને લાવો આં

હે. રાજા તેને પુછે વાત, કોણજ તાતને કોણજ જાત; પછે વાત તે માને મન, પછે આપે અદકું ધન. ચાર દીવશ તેરહે કામ, મન મનાવી ભાવે ગામ; હવે એ વાત એટલેથી રહી બરાસ રાયની શી ગત થઇ. ૧૩

દોહરા.

ગુણ સ્વભાવ પ્રધાનનો દીકરો, નીકળ્યો થઇ દીલગીર; ભરપતીને શોધતો, નીકળ્યો થઇ તે ફકીર. ફરતો ફરતો આવીયો. જોરાવતી નગરી મોઝાર, તે નગરમાં ફરે સહી ત્યાં થઇ રહયો હાહાકાર. રાજા કલ્પાંત કરે ઘણું, તે ફરે તે નીર ધાર. પ્રજા સહુ રૂદન કરે, પ્રહ્લાણ ચારણ ભાટ. બરાસ રાએ કસ્તુરાવતી, ધરે સરવે ધ્યાન; એક રાતમાં બેજણ કયાં ગયાં, વિસમ પામ્યા રાજન. એવું કલ્પાંત દેખી કરી, પુછે પ્રધાનનો તન; કોણ બરાસ કસ્તુરા વતી, કેમ રાય કરે રૂદન. ત્યારે લોક કહે ફકીરને, ભાઇ કસ્તુરાવતી જે નાર; તે ભારદરીયા મધે પડી, જતાંતાં અસ્ત્રી ભરથાર. વીમાન ભાગ્યું અંતવચથી, ગઇ જળ મધે નાર; મઘરે ગળી તે નારને, તે નીકળી આણે ઠાર. સગી નીકળી તે રાયની, પીતરાઇ ભાઇની તન. એટલે પોપટ થઇને આવીયો. એનો પરણ્યો સ્વામીન. મેહેલ એક આપ્યો રેહેવા કારણે, પ્રજા સહુ રળીઆત; રાજાને પેટ તન નહી, એમ વિચારી વાત; હું રાજ આપુ બગાસને, જોઇને રૂડો લાગ, પછે એકાએકી જતાં રહ્યાં, ઘર કીધાં છે ત્યાગ. તે કારણ કોઇ જાણે નહી. માટે કરે છે કલ્પાંત, શું જાણે જે શું થયું, ભાગે નહી કાંઇ ભ્રાંત. ગુણ સ્વભાવ સમજ્યો મન વિશે, એતો માગે રાજાય; વળી ખોળતો ખોળતો નીસરયો માહા અરણ્ય મોઝાર.

ચોપાઈ.

જોતો જોતો ચાલ્યો જાય. માહા અરણ્યની માંહે જાય, ત્યાં એક સુદર દીઠી વાવ, નીરમળ નીર ભરયાં છે તરાવ. તે સ્થાનકે બેઠો ફકીર. તે પણ મનમાં છે દીલગીર; બીજો આવીને બેઠો પાસ, ત્યારે તેને દીધી આશ. અરસ પરસ ઓળખીયાં બેય, મન તણો ભાગ્યો સંદેહ; બાથ ભરાવી બેઠા જઇ પ્રેમ આલીંઘન પુરે તહી. પેત પોતીકી વાતો કરી. બેજણ મળીને બે

ઠા છે ઠરી; કસ્તુરાવતી ગઇ સાંભળી કાન, રાજા મન થયો હેરાન. હવે ધીરજ રખાય નહી, કસ્તુરાવતીને ઓળખીએ જઇ પછે બે જણ નિકળ્યા સાથ, સુખ દુખની એમ કરતા વાત, એક દેશ મુકીને બીજે લેય, નીશા પડે ત્યાં વાસો રેહે; એમ ઘણા દીવશ વિત્યા છે સહી, કસ્તુરાવતીની ભાળ લાધી નહી

દોહરા.

બાર માસ પુરણ થયા. રહયો માસજ એક; ત્યારે ચંદ્રમુખી કહે કામસેનને, વિચારો મન વિવેક. એક માસે વરત પુરણ થશે, પોહોચશે મનની આશ, ત્યાં સુધી શીવ પુજન કરૂં, આણી મન હોલાસ. તે સાંભળી દીલગીર થયો, ચીંતા પેઠી મન; હવે ત્રીસ દીવશ કાલે જશે, આવ્યો નહી સ્વામીન. હવે કયાં જઉને કવાં રહુ, ચેતન નહી દીનને રાત; મન સમજી મનમાં રહું, કોને કહુ એ વાત.

છપો.

જેને મન ચતાય. તેને અન નવ ભાવે; જેને મન ચતાય તેને નિંદ્રા નવ આવે; જેને મન ચંતાય તે દીન પ્રત્યે સુકે; જેને મન ચંતાય તે રાત દીન મનમાં ખુચે, જેને મન ચંતાય તે ઉંડા નીશાસા મુકે; બોલે ચાલે વાત કરે, પણ મન તે તેમાં રહે; એ ચીંતાથી ચીત્ત બલી; તેસામળભટ સાચુ કહે.

ચોપાઈ.

એ રાત દીવશ મન ચીંતા કરે. બરાસ રાએ મનમાં સાંભરે; હવે એ વાત એટલેથી રહી, બેજણ ફકીરનશી શી ગત થઇ. કસ્તુરાવતી કસ્તુરાવતી કરે, નગર ખડ વન જોતા ફરે; એમ કરતાં એક સાંભળી વાણ, કામસેનનાં થયાં વખાણ. ભાઇ નવો મુસાફર આવે જેહ, ઘરમાં તેડી લાવે તેહ; વીસ્તારીને પુછે વાત, ઘરમાં રાખી ચારજ રાત. પછે મન માનવી વીદાએ કરે, એમ દુખ લોકના હરે; એવુ સાંભળી બે જણ રહ્યા, ચંદ્રાવતી નગરીમાં ગયા, દરવાજામાં પેઠા જેટલે; દરવાનદાર બોલ્યો તેટલે; અરે ભાઇ ચાલો અમારી સાથ રાજા તમને પુછે વાત. જોગી ભોગીની ભાગે ભ્રાંત, માંડી કહો સરવે વરતાંત; એમ કહીને સાથે થયા બેજણને તેડી લઇ ગયા

દોહરા,

રાજા બેઠા સભા વિષે, પાસે બેઠા પ્રધાન; ત્યાં રાજકુળ છત્રીશે મળી, દીએ આદરમાન. ગુણકા ત્યાં નરત કરે, તે રાજાના ગુણ ગાય; બ્રાહ્મણ ત્યાં બેઠા ઘણાં, ત્યાં વેદ ચરચા થાય. ભાટ ચારણ જસ બોલે ઘણાં, કરે બંદીજન પોકાર: ૨ ઇયત રાજી સરવ છે. ત્યાં થઇ રહયો જેજેકાર. એવે હલકારો એક આવીઓ, તેણે કરયો પોકાર; કોઇ જોગી બે બાહાર આવીયા, સાથે છે દરવાન. ત્યારે રાજા કેહે લાવો અહીં, હુકમ કરો હજુર. વિસ્તારી વાત પુછુ અમો, જેઉ જોગી જોગીનુ નુર. તેને આસન આપ્યાં બેસવા. દખી જોગીનો વેશ; પુજા અરચા લેઇને, જોતાં પડે અંદેશ. માથે જટા ભસમે ભરી, વીભુતી સરવે અંગ; ભગવા વસ્ત્ર આપે ધરયાં, ને સંસી સીંગી સંગ. ત્યારે રાજા કેહે તમે કોણછો, નહીં જોગીની જાત; કોઇ ભોગી નરછો ભાવતા, વિસ્તારી કહો તે વાત. ૮

ચોપાઈ.

એવું રાજા બોલ્યો વચન, ત્યેતુ જોગી ઉંચે ધારી લોચન; પછે ગુણસ્વભાવની સામુ જોઇ, મરમમાં એમજ કહી. જુઓ ધારીને મારા કાંત, રાય નથી એ નારી જાત; પરથમ પારખો લીજીએ. પછે ઘટે તેવો ઉત્તર દીજીએ. ત્યારે ગુણસ્વભાવ કેહે પડયો સંદેહ. છે નારી પણ નરની દેહ; એકાંત વાત થાય જયારે, સંદેહ ભાગે મનનો તયારે. રાજાએ પણ ધારી જોયુ, કેમ સંદેહ કરે બેજણુ; રખે હોય બરાસરાય, પણ વેશ પાલટો નવ ઓળખાય. એકાંત વાત જો કરીએ સહી, વાત કરતાં ઓળખીએ અહીં; એવું વીચારી બોલ્યો રાજન, પાસે તેડયા સેવક જન. આ જોગીને મંદીરમાં તેડી જાઓ, કહીએ જે ગમે તે ખાઓ; પરથમ તો ભોજન કીજીએ, પછે વાત વીસ્તારી દીજીએ. ત્યારે જોગી બોલ્યો વચન, નહીં ભોજનનું અમને મન; સ્વયંપાક કરીને જમુ, તે વાત અમારા મનમાં ગમું. રાજા કહે તમને ગમતું જેહ, મનમાને તેમ કરો તેહ; એકાંત સ્થળ આપ્યું સાર, ત્યાં રસોઇ કરી તઇયાર. નીશાપડી સભા ઘેર ગઇ, રાજા ઘરમાં આવ્યો સહી; રાણી કેહે સાંભળીએ રાય, મારા મનમાં હરખ ન માય. તેર માસ થયા સાક્ષાત, તે

માં ઓછા દાહાડા સાત; હવે વરત તમારૂ પુરાણુ થયુ, હવે મા નજો મારૂ કહ્યું. એમ કહીને રાણી રહી, તારે રાજાએ વાણી કહી, સહુની હવે પુરે આશ, એમ કહી મુકયો નીસાસ. પછે જઇ બેઠો એકાંત, ભાગ્યાને મન કેરી ભ્રાંત; જેગીએ બોલાવ્યા પાસ, દીધી અદકી તેને આશ. જેગી સાચુ બોલો તમો, વાત વીસ્તારી પુછુ અમો; ત્યારે જેગી બોલ્યા બેય આણી મનમાં અદકો નેહ. પરથમ વાત તમારી કહો, પછી અમારી સાંભળવા રેહો; વીસ્તારી પુછો શામાટ એવડો શો કઠ ણો છે ઘાટ. સુખ દુઃખ સહુ આવેને જાય, તેમાં શું પુછો રાય; પુછ્યાનું કારણ કેહો જે, પરથમ વાત માંડી કહો તેહ. મારા પુછ્યાનું એ કારણ, જે આવે તેનું મનાવુ મન; ત્યારે કામસેન કેહે પુછુ અમો, બારૂ ઉચાટ તે જાણો તમો. માટે વમારા ઇષ્ટની આણ, જો જુઠુ બોલો એ પાણ; સાચાના બેલી શ્રી રામ, સાચી વાતે સરસે કામ. ૧૭

દોહરા.

જેગી કહે રાજા સુણો, અમારા કરમની કાંણ; તમ શાનીધ સાચું બોલીએ, તે જાણે શ્રીભગવાન. કશુ બાદેશ કુંમારડો આ શુ ત્રસેન મારો તાત; આ ગુરૂસ્વાભાવ અજાન છે, પણ આફ્રીએ જેતોભ્રાત. અમ તાતે કહ્યુ જે પરણાવીએ, રૂડી જેઇ કન્યાય; મને પુર્વ જનમનું સાન છે, માટે કદી પરણવાની નાય. ૩

છપૈ

અમો બે જણ નીકળ્યા પીર, ધીર મન માંહે રાખી આમીત્ર થયા અમ સાથ, વાત તે મત્યે ભાખી. જો પુરવની મળે નાર, વીહાર તે સાથે કરવું; બીજી સાથે નહીં મન, તેને મારૂં મે હરવું: એમ નીકળ્યા બાહાર, દેશાવદેશ ફરતા પુરવેની સાંભળી નાર, હંસા હંસા એમ કરતા. એમ ઘણું કષ્ટ અમે ભોગવ્યું, દેશ વિદેશ ફરતા સઇ;ત્રણ માસ એમ વહી ગયા, તોએ પુરવની નારી મળી નહીં. આવ્યું આસાવરી એક ગામ, કામ થયુ ત્યાં અમારૂ; ત્યાં દેવધર નામે સુતાર, કામ કરયું તેને સારૂં; એક ચરશે ભજનનું વીમાન, કરયો મત કારમી તેમાં; આવ્યા સમુદ્ર નેપાર, બે જણ બેશી એમાં. તે કરપુરસભાવતી ગામ, ઠામ રૂડો તે જાણ્યો; ત્યાંનો કરપુર

સેન રાજાય, સતવાદી તેતો રૂડો; કરપુરાવતી એક નાર, એક
કસ્તુરાવતી કુમારી; અતીશે કોમળ અંગ, નારી પુરવની તેમા
રી. તે ગામે અમે ગયા, ફકીરવેશ લીધો સઈ; એક દીન ફ
રતો તેગામ, મેહેલ નીચે આવ્યો સહી; દાશી આવી બાહાર,
તેણે ત્યાં મેહેલ ઉપર બોલાવીયો. આપું કનક આસન. વાત પુ
રવની વીસ્તારી; રાજાએ પરણાવી તન, મનમાં તાઢી તે ના
રી; એક માણધર નામે સુતાર, ગાહા માહ્મી કેહે છે; તે દેવધર
કેરો ભ્રાત. તે રાજા ઘેર રેહેછે; એક સાતસે જોજનનું વીમાન
તે માણધરની પાસે તેમાં બેઠા નર નાર, ઘેર જવાની આશ;
ચારસે જોજનનું વીમાન, તેમાં માણધર ગુણી બે બેઠા સહી;
વીદાયગીરી રાએ કરી, એમ ચારસે જોજન ચાલ્યા સહી;
આવ્યા સમુદ્ર મધે, વીમાન અધવચે ભાગ્યું; માણધર ગુણરવ
ભાવપાસે તે આકાશે ચાલ્યું આધું; અમો જળમાં પડ્યા નરના
ર, નારી મધરે લીધી; મારે કર આવ્યું એક કાષ્ઠ, મછુએ સાહે
તા કીધી. હું ઉતરયો જઈ એક બેટ બેટ નારી જોરાવતીમાં
આવી; છતી નીકળી નાર, રાએ પુત્રી કહી બોલાવી; મુનેના
ગો કીધી સાહે, એક દોરો આકાશેથી નાખ્યો; તે લીધો ગાહા
રે હાથ, પગ અંગુઠે બાંધ્યો; હું થઈ ગયો પોપટ ઝટ ઉડયો આ
કાશે આવ્યો જોરાવતી ગામ, કામ નારીની પાસે; મળ્યાં બે
ઠયા સુખે રહ્યાં વળી વીરોધ વાત નારીએ કરી; નીશાં સમે હૈં
નીસરયો, તે નારીને મે પરહરી, વળી નીકળ્યાં ત્યાંથી બાહાર
વાટમાં મધાનજ મળીયો; કહી એક એકની વીગત વાત, સંતા
પ શોક રૂદેથી ટળીયો; પણ આમને સાંભળે તે નાર, સંસાર સુ
ખ નહી અમને; માટે ફરીએ દેશ વિદેશ સચુ કહીએ તમને;
તે મળે જો નાર, મન માને અમારૂં; નહીતો પાડુ દેહ, છા
કાડું તે સરૂ; હવે મન મનાવો તેતણું, જો પુછો તો સચુ ક
હું; અમને ચેતન નહી ચના ઘણી, એ વીના નવ જાએ રહ્યું.

ચોપાઈ.

એહ હમારૂં કહ્યું વરતાંત, ભાગી તમારા મનની ભ્રાંત;
હવે સંઘે અરથ આવે તમ તણું. ભેદ અવે તમારો ઘણો. ત્યા
રે કામસેન બોલ્યો વચન, સાંભળો સતવાદી જોગીજન; તમે
ફરીને મળો જાહરે, એવડી વાત નારીએ કહી જાહરે. ઓ

અલપ અપરાધે દીધો છેહ, ઘટે નહી એમ તોડવો નેહ; ના રી બુધ પાની કહેવાય રાત પડે ત્યાંથી પણ જાય.

છપ્પો.

નારી નીચ અગનાન ભણે પુરૂષ તે જાણે; નારી નીચ અગનાન, મમત પોતીકુા તાંણે; નારી નીચ અગનાન, સેહે જમાં રામાણ સાડે; નારી નીચ અગનાંન, કારણ કો નૂ જા ણે; નારી નીચ અગનાનપ્રમાણ કરે તે તેનું; માટે શાણા નર તમે સમજજો અબળા બુદ્ધ આ ાર છે; અમોલ્યું જાણે નહી, તો એ તમારી સાથ છે.

દોહરા.

પછે કર જોડીને કરગરે, કરી મહક્ષાણા ચાર; મોતી થાળે વધાવીયા, સફળ થયું વરત તેવાર. વેસ પોતીકો પરહરો, થઇ રહી તે નાર; વારેવારે કરગરે. પ્રણામ કરે વારંવાર. પ છે વારતા માંડી કહી, જે વીત્યુતું દુઃખ; પ્રાણજીવણ મુજને મળ્યા, આજ અદકું થયું સુખ. ચંદ્રમુખી તેડી તાંહા, જ્યાં ત્રણે જણ બેઠાય; અથઇતી સરવે કહી, ભાગી તેની ભ્રાંત. વ પન કરાવ્યું બે જણે, નાહ્યા નીરમળ નીર; સુભ શણગાર વ સ્ત્ર પેહેરીયાં સુદ્ધ થયાં શરીર. હું તુ આપણ એક છું, આ પણા સ્વામી છે એહ; એ વાત વીસ્તારીને કહી, ભાગ્યો મન સદેહ. એમ એકાંતે ચારે મળી, વીનોદ ઘણા કરી કરી, એ ટલે થયો પ્રભાત.

ચોપાઈ.

પ્રાતસકાળ થયો જેટલે, પરધાન ત્યાં આવ્યો તેટલે; તેને તેડે એકાંતે જઇ, બાત વીસતારીને સરવે કહી. પરધાને પણ જાણ્યું એહ, મગન થયો પોતાનો દેહ; ચંદ્રમુખી પણ હર ખી મન, રૂડો આજ મળ્યો સ્વામીન. પછે પરધાંને વીચા રી પેર, એક પુત્રી હતી પોતાને ઘેર; કલાવતી છે તેનું નામ, કાંઆ સકોમલ રૂપનીધાન. તે ગુણ સ્વભાવને આપી જઇ, વી હીવા રગ કરશો છે તહી; પરધાન પણ ગુણ સ્વભાવ કરે. દુઃખ માત્ર લોકોનાં હરે. બેહુ એ નારીને હરખ ન માય, રં ગે રમે રાણીને રાય; હવે એ વાત એટલેથી રહી, ચીત્રસેન રાજાની શી ગત થઇ. ૫

દોહેરા.

ચીત્રસેન જે રાયજી બરાસ રાયનો તાત; પુત્ર ગયો પર દેશડે, અનીક થયો ઉતપાત. ખાન પાન નીંદ્રા તજી, તજ્યા ભ વતા ભોગ; તેને પુત્ર વીજોગ સાલે ઘણું, તે ધરી બેઠો છે જોગ. તે જનુનીએ જુલમ કરયો, તજ્યા અંગ તણા શણગાર; માળા લીધી હાથમાં ભજે છે વિશ્વઆધાર, રાજા કહે દેહ નવ ધરૂં, કાહાનું મારો પ્રાણ એ બરાસ માહારો ક્યાં ગયો એમ મુખે બોલે વાંણ. કાશીએ જઇ કરવત ધરૂં, કરૂં હું ભેરવ જાપ; તન વિના તલપે ઘણું કોઇ કરે એહની વાત. રાજાએ તેડયો પરધાનને શો કરવો ઉપાય; બરાસ માહરો ક્યાં ગયો જુલમ કરે છે રાય. વીખ ખાઇને હું મરૂં, નથી પડતું કાંઇ સુજ; પદ્માવતી કલપે ઘણું, રહી છે ભીડીને ભુજ. કસુંબા નગરીમાં કલપાંત થયું; વેહેપારી સહુ જાય એમ નવ કરીએ રાયજી, કાલે આવશે તન. ધીરજ આપી સહુ પાછા વલ્યા, ઘણો ઉચાટ મનમાં થયો; એ વાત રહી ત્યાં એટલે પછે બરાસને ત્યાં શું થાય.

ચોપાઈ,

બેહુએ નારને હરખ ન માય નીત રંગે રમે છે રાય; કામ કટાક્ષે અતીશે થયું હવે કશું દુઃખ ત્યાં નવ રહ્યું. એક સમે શોકાતુર થયો આપ, મનમાં સાંભરયા માને બાપ; માહારા બાપની શી ગત હશે, મુવા જીવતની ખબર કેમ પડશે, મનમાં કલપે પોતે ઘણું, ઘણું દુઃખ પદ્માવતી માતા તણું; તે તો વીખ ખાઇને મરે. મારો બાપ હવે દેહ નવ ધરે. એવું મનમાં ધરે છે દુઃખ ઉતરી ગયું રાજાનું મુખ; ત્યારે કસ્તુરાવતી એમ પુછે રાય, બહુ દુખણી કેમ થાય છે કાય. લાગુ બોલોની મનમાં અહીં. જે કહો તે કરીએ સહી; રાજાએ માંડી કહી વાત, બાપ દેહની કરશે ઘાત. પદ્માવતી માતા ખઇને મરે, ચીત્રસેન રાજા ઘણું ટળવળે; એનો ઉચાટ મનમાં ઘણો, ગુણ સાંભારો મિત્ર સાંભળો. ત્યારે ચંદ્રમુખી બોલી વાણ સુણો રાજા ચતુર સુજાણ; શા માટે તમો દુઃખજ ધરો; નયણે આંસુ શાને ભરો.

દોહરા.

કસ્તુરવતી કે કાંહાં દુઃખ ધરો. ટાળો મન ઉચાટ; પરધાન ને રાજ શોપી કરી, હલી એ કસુંબાની વાટ. રાજા કહે પરધાનને. હું જાઉં જાત્રા કાજ; મજા પુત્રને પેરે પાળજો, ચલાવજો મારૂં રાજ. ચાલો રાજા ગુણસ્વભાવ પરધાન, સાથે બંનો નાર. વળી ગુણ સ્વભાવની અસ્ત્રી જાણ, ચાલી પોતાના દેશ મોઝાર. એવું કહીને નીસર્યાં બાર, લશકર લીધું સાથ; દોડ મજલ તો પરવરયા, નહીં મનમાં ઉચાટ, ઘણા દીવસે પાછા આવીયા સાથે છે બને નાર, ગુણ સ્વભાવ પરધાન છે, તેની તે ત્રીજી નાર આવ્યા રૂખીને આશ્રમ, ત્યાં કર્યો મુકામ કીધ; તે નર નાર જઈ. પગે પડ્યાં, રૂખીએ આશીસ દીધ, જઈ ઉભા રૂખી કને, સાથે કસ્તુરાવતી નાર; હાથ પગ જોડી કરી, નમી કીધો જુહાર.

ચોપાઈ.

નેત્ર ઉઘાડી જુવે રૂખી રાય, કેણુ છેરે માનવતી કાય; કેમ તું અહીંયાં આવીયો, તપ ભંગ કરવા લાવીયો. ત્યારે બોલ્યા દીન વચન એ કસુંબા નગરીનો રાજન; તેનો સુત બરાસ કેહેવાય તે આવ્યો પગે લાગવાય. તમ દરસનનો હું ઘેલો રાય, કસ્તુરવતી પરણ્યા કંન્યાય તમ પરતાપે લાવ્યો અહીં, ક્ષમા કરો અપરાધ મારો સહી. એમ કહીને લાગ્યો પાય હું અપરાધી તારો રાયરૂખીએ દીધો આશીરવાદ, ધન ધન પુત્ર તારૂં ભાગ્ય એમ કહીને મુક્યો માથે હાથ, પછે લીધી કસુંબાકેરી વાટ; આવી ગાંદરે ઉતારો કર્યો, સહુને હઇડે હરખજ ભર્યો. ચીત્રસેન જુવે છે પુત્ર વાટ. ન આવ્યો અજુ શા માટ; એકાએક આવી એમજ ભણે; બરાસરાય આવ્યો તમ તણે. નાફાલ કરયો રાજાએ તેહને રાજ્યાસનથી ઉઠ્યો ત્યાહરે; હરખ ભરી સહુ સામા જાય, ઉલાસ આણી મન માંહે.

દોહરા.

રાજા આસનથી ઊઠ્યો, પ્રભાવતી શામાં જાએ; કુંવર આવ્યો જાણી કરી મનમાં થયો ઉચાટ. ચીત્રસેન જાએ તેડવા પાછળ પ્રભાવતી માએ, તે પુછે સોના શહુ, રઇયત રંકને રાય, રાજા આવતો જાણીને પુત્ર પગે પળાય; બેઉનાં હઇડાં હ

રખીયાં. પુત્ર લાગ્યો પાએ. રાજા મીત્ર સહુ મળ્યા અને ખોળે લીધો કુંમાર, ફરી ફરી મુખ નીહાળીયું, ચીત્રસેન ભુપાળ. પછે આવ્યા નગ્રમાં, સાથે સહુ સેનાય, રઇયતને હરખ અતી ઘણો, મનમાં શહુ હરખાય. સભા ભરી શીહાસને બેઠા તાતને તંન; વીગત વાત માંડી કહી, જે વીત્યુંતુ રણમાંહ. તમ પરતાપે આવીયો; માતાને લાગ્યો પાય. કસ્તુરાવતી આવી લાગીઓ તમ પરતાપે માય. ખાઓ પીઓ ખુબાં કરો, ટળ્યો વાહુલાનો વીજોગ બાર વરસે મળ્યા સહી, રંગ ભોગ અતી ભોગ. સામળ ભટ વરણુવ્યું બરાસ કસ્તુરાવતી જોડ; બેહુ કર જોડી એમ ભણે, જે જે શ્રી રણછોડ, આય સાખેન સાંભળે, મન તણો ભાગે ખેદ; વીજોગ ટળે વાહલા તણો, એમ શાસ્ત્ર બોલે વેદ. ૧૦

સમાપ્ત.